ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૫

# રાજકીય ઘડતર

અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૫

# રાજકીય ઘડતર

અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

■ પ્રકાશક : મનુ પંડિત,
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૪.

■ આવૃત્તિ : પ્રથમ : ૨૮ માર્ચ, ૧૯૯૮

■ નકલ : એક હજાર

■ કિંમત : રૂપિયા પંદર

મુનિશ્રી સંતબાલજીની ૧૬મી નિર્વાણતિથિ,
તા. ૨૮ માર્ચ, ૧૯૯૮

■ ટાઈપસેટીંગ : "પૂજા લેસર"
એ-૨૧૫-૨૧૬, બીજે માળ,
બી.જી. ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૪. ફોન : ૫૬૨૬૯૮૨

# અનુક્રમણિકા


લેખકના બે બોલ ........... અંબુભાઈ શાહ ........................ ૪

સત્તાનો શોખ છોડીએ ........ ગાંધીજી ........................... ૫

૧. સર્વોદય જગત વિચારશે ? (૧-૨-૮૯) ........................... ૬

૨. ગાંધીની શીખને યાદ કરીએ (૧૬-૨-૮૯) ........................ ૮

૩. બુદ્ધિપૂર્વક પણ હૃદયથી (૧-૩-૮૯) ............................ ૧૦

૪. કેટલાક મુદ્દાઓની સ્પષ્ટતા (૧૬-૩-૮૯) ......................... ૧૩

૫. એક તરફ રાજ્ય બીજી તરફ લોક (૧૬-૬-૮૯) .................... ૧૬

૬. ઘોડો સ્વતંત્ર, પણ લગામ સવારના હાથમાં... (૧૬-૭-૮૯) ....... ૧૯

૭. સમયોચિત રાષ્ટ્રીય અંતરાત્માના ચોકિયાતો (૧-૮-૮૯) ........... ૨૧

૮. આવો ! હૃદય-બુદ્ધિનો અનુબંધ જોડીએ (૧-૯-૮૯) ............... ૨૩

૯. સ્વદેશનીતિ તટસ્થ પણ સક્રિય (૧૬-૯-૮૯) ...................... ૨૫

૧૦. યા હોમ કરીને પડો ફતેહ છે આગે ! (૧૬-૧૦-૮૯) .............. ૨૭

૧૧. ધારાગૃહની અંદર પણ સત્તાની બહાર (૧૬-૧૦-૮૯) .............. ૨૯

૧૨. સત્તાબળનો ક્યાં સ્વીકાર ક્યાં ઈન્કાર (૧-૧-૯૧) ................ ૩૦

૧૩. પ્રજ્ઞા વિલોપન દૂર કરીએ (૧૬-૩-૧૯૯૧) ........................ ૩૩

૧૪. આગામી ચૂંટણીમાં શું કરવું ? (૧૬-૪-૧૯૯૧) ..................... ૩૬

૧૫. લોકશાહી સુરક્ષા : આ પણ એક ઈલાજ બની શકે (૧-૫-૧૯૯૧)... ૩૯

૧૬. બહુમતી કે વધુમતીને વાસ્તવિક બનાવીએ (૧-૬-૯૧) ............. ૪૨

૧૭. રાજકારણ અને સર્વોદય (૧-૧૧-૧૯૯૧) .......................... ૪૪

૧૮. પંચાયતી ક્ષેત્ર પક્ષમુક્ત શા માટે ? (૧-૭-૧૯૯૨) ................ ૪૬

૧૯. ધારાગૃહોમાં શા માટે જવું ? ...................................... ૪૯

૨૦. રાજકારણમાં સારા માણસોએ જવું જોઈએ ........................ ૫૧

**પરિશિષ્ટો :**

૧. શ્રી પી.વી. સિંહને ફરી એક પત્ર (૧૪-૪-૧૯૮૯) ................. ૫૪

૨. લોકશાહી સુરક્ષાનું પરિબળ પેદા કરીએ (૭-૨-૮૯) ............... ૫૬
ભાલ નળકાંઠા ખેડૂત મંડળનું જાહેર નિવેદન

૩. લોકસભાની ચૂંટણી અને ભાલ નળકાંઠા પ્રયોગ (૧૬-૧૧-૮૯) ..... ૫૮

# લેખકના બે બોલ

ભાલ નળકાંઠા પ્રયોગના પાયામાં ધર્મદૃષ્ટિએ સમાજરચના છે. હવે જો ધર્મદૃષ્ટિએ જીવવું હોય તો સત્તાનું સ્થાન ગૌણ હોવું જોઈએ પરંતુ આજે તો સત્તા સર્વોપરી બની છે. સાથે ને સાથે તેમાં મહદ્ અંશે ભ્રષ્ટતા પણ છે અને એ વ્યાપકપણે છે. ખરેખર તો ધર્મ વ્યાપક હોવો જોઈએ.

આ ક્રમ ઊલટાવવો જોઈએ અને ઊલટાવવો હોય તો શું શું કરવું જોઈએ અને એમાં રાજશાસન કેવું હોવું જોઈએ તેનો વિચાર થવો જોઈએ. ભાલ નળકાંઠા પ્રયોગકાર્યમાં રાજકીય ઘડતરનું કામ પણ પાયામાં છે. એ અંગે લોકમાનસ જાગૃત કરવા અને સંગઠિત કરવાના પ્રયત્નો ૬૦ વર્ષથી ચાલુ છે. મુનિશ્રી સંતબાલજીએ ઘણાં લખાણો લખ્યાં છે. રાજદ્વારી પુરુષોને પત્રો પણ લખ્યા છે. ૧૯૮૨માં મુનિશ્રી કાળધર્મ પામ્યા પછી પણ આ કામ ચાલુ રહ્યું છે. વિશ્વવાત્સલ્યમાં એ અંગે લેખો લખાયા છે. તે લેખો આજે પણ પ્રસ્તુત છે એમ અમને લાગે છે. કેટલાક મિત્રો પણ એ લખાણો પ્રગટ થાય એમ ઇચ્છે છે.

આ પુસ્તિકામાં કેટલાક લેખો પ્રસિદ્ધ કર્યા છે. મુનિશ્રીના લેખો અને પત્રો પણ પ્રસિદ્ધ કરવાનો ખ્યાલ છે. આશા છે કે આજના કલુષિત રાજકારણને અંકુશમાં રાખવા અને સુધારવામાં આ પુસ્તિકાનું વાંચન ઉપયોગી બનશે.

**અંબુભાઈ શાહ**

૧૨ માર્ચ, ૧૯૯૮
દાંડીકૂચ દિન

# સત્તાનો શોખ છોડીએ

(તારીખ નવમી ફેબ્રુઆરી (૧૯૪૭)ની પ્રાર્થના સભામાં ગાંધીજીએ દિવસ દરમ્યાન તેમને મળેલા થોડા સવાલોના જવાબ આપ્યા. તે દિવસે તેમણે પોતાનું મૌન શરૂ કરી દીધું હતું તેથી તેમણે લખી આપેલા જવાબો સભા આગળ વાંચવામાં આવ્યા હતા. હરેક સેવકે એ જવાબો મનન કરવા જેવા છે.)

*સવાલ : અમને એવો અનુભવ થયો છે કે કેટલાક કાર્યકર્તાઓને થોડો વખત સેવામાં ગાળ્યા પછી સત્તાનો શોખ જાગે છે. એવે વખતે તેની સાથે કામ કરનારા બાકીના સેવકોએ તેના પર અંકુશ કેવી રીતે રાખવો ? બીજી રીતે પૂછીએ તો અમારે સંસ્થાનું લોકશાહી સ્વરૂપ એ પછી કેવી રીતે જાળવવું ? અમે જોયું છે કે તે સેવક સાથે અસહકાર કરવાથી કામ સરતું નથી એથી ખુદ સંસ્થાના કામને ધોકો પહોંચે છે.*

*જવાબ : આ કંઈ તમારો એકનો અનુભવ નથી, સૌનો અનુભવ છે. માણસ સ્વભાવે સત્તાનો શોખીન છે. અને એ શોખનો અંત ઘણુંખરું તેના મરણ સાથે જ આવે છે. તેથી સત્તાની પાછળ પડેલા સેવકને કાબૂમાં રાખવાનું કામ તેની સાથે કામ કરનારા બીજા સેવકોને માટે મુશ્કેલ બની જાય છે. અને તેનું એક કારણ એ હોય છે કે તેને રોકવા ઈચ્છનારા સાથીઓમાં પણ એ માનવસહજ ત્રુટી ન જ હોય એવું ઘણુંખરું બનતું નથી. વળી દુનિયામાં પૂરેપૂરા અહિંસક ધોરણે ચાલતી એક પણ સંસ્થા આપણે જાણી નથી ત્યાં સુધી કોઈપણ સંસ્થા પૂરેપૂરા લોકશાહી ધોરણે ચાલે છે એવો દાવો આપણાથી ન થાય, અને આ વાતનો ખુલાસો પણ સરળ છે. આજે સ્પષ્ટપણે સાબિત કરી શકાય કે લોકશાહીને જ્યાં સુધી સંપૂર્ણ અહિંસાનો આધાર ન હોય ત્યાં સુધી તે પરિપૂર્ણ બનતી નથી. એવા સેવકની સાથેનો અસહકાર હંમેશ નહીં તો ઘણીવાર બને છે. તેમ હિંસક હોય તો તમારો સવાલ અથવા તમારી શંકા વાજબી ઠરે. અસહકારના અહિંસક સ્વરૂપના થોડા ઘણાં પરિચયનો હું દાવો રાખું છું. અને હું સૂચવું છું કે હેતુ અથવા કાર્ય ચોખ્ખું હોય તો અહિંસક અસહકાર સફળ થયા વિના રહે જ નહીં. અને એવા અસહકારથી સંસ્થાને કદી નુકસાન પણ થાય નહીં. સવાલ પૂછનાર ભાઈની મુશ્કેલી હું સમજું છું. તેમને એવાં અહિંસક અસહકારનો અનુભવ છે જે સારામાં સારી ઢબનો હોય તોયે અમુક થોડા પ્રમાણમાં જ અહિંસક હોય છે. અને ખરાબમાં ખરાબ હોય છે ત્યારે અહિંસાનું નામ ધારણ કરનારી નરી હિંસાથી ભરેલો હોય છે. 'યંગ ઈન્ડિયા' અને 'હરિજન' પત્રોનાં પાનાં એળે ગયેલા અસહકારના દાખલાઓથી ભરેલાં છે. તે પ્રયોગ નિષ્ફળ નીવડ્યા કારણ તેમાં બે મોટી ખામી હતી. તે પ્રયોગમાં કાં તો અહિંસાની માત્રા અલ્પ હતી અથવા બિલકુલ નહોતી. સેવાકાર્યના મારા લાંબાગાળાના અનુભવ દરમિયાન મેં એ પણ જોયું છે કે જે લોકો એવી ફરિયાદ કરે છે કે બીજા અથવા સામાવાળા સત્તાનો કબજો કરવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. તેમની પોતાની પણ એ પ્રકારની મહત્ત્વાકાંક્ષા ઓછી હોતી નથી. અને જ્યાં એક જ જાતના બે હરીફો વચ્ચે ભેદ કરવાનો આવે છે. ત્યાં તે બતાવવાથી એક બાજુને સમાધાન થતું નથી તે બન્ને રોષે ભરાય છે.*

('હરિજનબંધુ'માંથી)

**- ગાંધીજી**

# ૧ સર્વોદય જગત વિચારશે ?

જયપુરથી પ્રગટ થતા હિંદી સાપ્તાહિક ग्रामराज ના તા. ૮-૧-૮૯ના અંકમાં સર્વસેવા સંઘની ત્રિવેન્દ્રમ બેઠકમાં સંઘે લીધેલા નિર્ણયો બાબતમાં સર્વોદય ચિંતક શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાએ ખુલાસા કરતાં પોતાના મંતવ્યોમાં કહ્યું છે તેનો સાર પ્રગટ થયો છે. એમાં એમણે સ્પષ્ટ જણાવ્યું છે :

"પોતે દેશભરમાં જશે અને આજે જે કોઈ સત્તાધારી રાજકીયપક્ષ અને જે કોઈ વ્યક્તિઓ છે કે જેમણે જનતાનાં હિતોનો દ્રોહ કર્યો છે તેમને કોઈને પણ લોકો મત ન આપે."

શ્રી ઢઢ્ઢાજીએ આ ત્રિવેન્દ્રમ બેઠકમાં આગામી ચૂંટણીઓમાં સંઘની ભૂમિકા શું રહેશે એની ચર્ચાનો ઉલ્લેખ કરવા સાથે જણાવ્યું છે કે,

"આ બાબતમાં સર્વસંમતિ નહિ થવાથી એમ નક્કી થયું કે,

"સર્વોદય કાર્યકર્તા સ્વવિવેકથી આગામી ચૂંટણીમાં સત્તાધારી પક્ષનું સમર્થન કરે, વિરોધ કરે કે તટસ્થ રહે એ બાબતમાં સ્વતંત્ર રહેશે."

આ અંગે થોડું વિચારીએ.

ગમે તે કારણે પણ સર્વોદય જગત રાજકારણની બાબતમાં સર્વસંમતિ સાધી શકતું નથી બહુમતીથી પણ કોઈ નિર્ણય લઈ શકતું નથી. પરિણામે ઉપર કહ્યું તેમ ક્યાં તો રાજકારણની બાબતમાં નિષ્ક્રિય રહે છે અને ક્યાં તો ભલે અજાણતાં કે ગફલતમાં પણ કોઈક રાજકીય પક્ષના પ્યાદાંરૂપ એકાંતિક તેનો વિરોધ કરીને કંઈક કર્યાનો મિથ્યા સંતોષ લે છે.

ગાંધીમૂલ્યોમાં નિષ્ઠા ધરાવતું આ સર્વોદય જગત ગાંધીની વાતનો મર્મ સમજીને મૂલ્યનિષ્ઠ રાજકારણનું સર્જન કરવાને સક્રિય બની શકે એવી ક્ષમતા તો ધરાવે છે, પણ ગાંધીના શબ્દોનો મર્મ સમજવામાં કે મૂલ્યનિષ્ઠ રાજકારણનું સર્જન કરવાની આવશ્યક્તા સ્વીકારવા છતાં તેની રીત સંબંધમાં તે હંમેશાં દ્વિધામાં રહ્યું જણાય છે. પરિણામે તે આ ક્ષેત્રમાં કામ કરે છે છતાં કાં તો નકારાત્મક રહે છે અને કાં તો બિનઅસરકારક બને છે.

ગાંધીજીએ તો સ્વરાજની સાથે જ સલાહ આપી હતી કે લોકસત્તા વધે અને શાસન સત્તા ઘટે. તેમ જ શાસન સમાજના અંકુશમાં રહે એ માટે લોકસેવક સંઘ જેવી સંસ્થાનું નિર્માણ તરત થવું જોઈએ.

ભલે એમને આ કામ માટે કૉંગ્રેસ સંસ્થા યોગ્ય લાગી એટલે કૉંગ્રેસને એ કામ કરવાની સલાહ આપી. અને કૉંગ્રેસે ભલે પરિસ્થિતિવશ એ સલાહ ન સ્વીકારી પણ

એથી ગાંધીજીએ ચિંધેલું એ કામ ગાંધીમૂલ્યોમાં નિષ્ઠા ધરાવતા સર્વોદય જગતે તો કરવું જોઈતું હતું ને ?

આ નથી થઈ શક્યું એ હકીકત છે.

ગાંધીજીની એ જ વાતનો પરિસ્થિતિ અને સમયના તકાજા મુજબ આજે અને અત્યારે અમલ કરી શકાય એમ છે એવું અમને લાગે છે. અને તે નીચે મુજબ કામ કરવાથી થઈ શકે :

૧. લોકશાહી રીતે કોઈ પણ રાજકીય પક્ષ સત્તાનાં સૂત્રો ભલે સંભાળે પણ તે પક્ષ કે તેની સરકાર સત્તાનો ઉપયોગ રાજનીતિમાં જ કરે તે માટે તેના પર લોકોનું નિયંત્રણ રાખવું. શાસન લોકોને આધીન રહે એમ કરવું.

૨. આ માટે સત્તાની બહાર રહીને લોકોને જાગૃત કરવા, સંગઠિત કરવા અને અનિવાર્ય હોય ત્યાં સત્યાગ્રહનાં આંદોલનો પણ કરવાં.

૩. ધારાગૃહોમાં વધુ નહિ, કુલ બેઠકોના દસેક ટકા ધારાસભ્યો કે સાંસદો એવા મોકલવા જે ધન સત્તા પદ કે પ્રતિષ્ઠા માટેના ઉમેદવારો ન હોય, પણ મૂલ્યનિષ્ઠ લોકનિષ્ઠ, અને શુદ્ધરાજકારણનું પ્રસ્થાપન કરી શકે તેવા બાહોશ કાર્યદક્ષ અને રાજકારણની સૂઝસમજ ધરાવનારા અને પક્ષમુક્ત તથા લોકોએ પસંદ કરેલા ઉમેદવારો હોય.

આવા પ્રતિનિધિઓ ધારાગૃહોમાં રાજકીય પક્ષરૂપે નહિ, રાજકીય પરિબળરૂપે કામ કરે. શાસકપક્ષ હોય કે વિપક્ષ હોય દરેકની સાચી વાતનું સમર્થન કરે. સહયોગ આપે. અને ખોટી વાતનો વિરોધ કરે. સંઘર્ષ કરે. ધારાગૃહોમાં એની મર્યાદામાં અને બહાર આવીને લોકઆંદોલનથી એમ બંને મોરચે હવે કામ કરવું પડે તેમ છે.

લોકશાહીની વર્તમાન પરિસ્થિતિમાં લોકો કે વિપક્ષો શાસન પર અંકુશ રાખી શકતા નથી. પરિણામે અનિયંત્રિત સત્તા વધુ ને વધુ ભ્રષ્ટાચારની જનક બની છે. તેથી સહુથી પ્રથમ કામ, ભ્રષ્ટ રાજકારણને શુદ્ધ કરવાનું હોવું જોઈએ અને રાજકારણને શુદ્ધ કરવું હોય તો આવું શુદ્ધ રાજકીય પરિબળ ધારાગૃહોમાં મોકલવું જોઈએ.

આમ હકારાત્મક વિધેયાત્મક અને રચનાત્મક સક્રિયતાથી જ અસરકારક થઈ શકાય એમ છે. આ વાત સર્વોદય જગતે વિચારવા જેવી લાગે છે.

આમ નહિ કરવામાં આવે તો, ક્યાં તો સત્તા પરના પક્ષને માત્ર હટાવવા જેવું નકારાત્મક વલણ હશે અને ક્યાં તો સત્તામાં જવાનું રાજકીયપક્ષ બનવા બનાવવા જેવું વલણ રહેશે.

નકારાત્મક એટલે ખાલીપણું. જે ખાલી જગા કોઈ પણથી ભરાઈ જશે.

સર્વોદય પક્ષ બનીને સત્તામાં જશે તો એ સત્તાનો સ્વાદ એને સર્વોદય નહિ થવા દે, અંત્યોદય પણ નહિ કરવા દે, અને પ્રકૃતિએ સાત્ત્વિક અને વલણ સર્વસંમતિનું હોઈને તો તમ રજને અંકુશમાં રાખી શકશે ન તો કોઈ જ નિર્ણયાત્મક નિશ્ચયાત્મક કે દૃઢાત્મક પગલાં ભરી શકશે. સંભવ છે અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી સ્થિતિમાં સર્વોદયને જ ખતમ કરશે.

સર્વોદય જગતે વિચારવા જેવું છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૨-૮૯

❀ ❀ ❀

# ૨ ગાંધીની શીખને યાદ કરીએ

ભાઈ નરસિંહભાઈ ગોંધિયા 'સંદેશ'માં એક લેખ દ્વારા પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે :

"ગુજરાતમાં લોકશાસકીય વિકલ્પની શોધ માટે મૂલ્યનિષ્ઠ વિચારવંત કાર્યકરો આ મથામણ માટે સતત મથે છે. અને હવે લોકપ્રતિનિધિ તરીકે ચૂંટાઈને શાસનમાં જવા સુધીની આબોહવામાં પ્રવેશ્યા છે ત્યારે પ્રશ્ન પેદા થાય છે કે, ગુજરાતમાં અને કેન્દ્રમાં ઘણા પ્રતિનિધિઓ જેને ગાંધીવાદીઓ કહી શકાય, એવા જે તે વખતના વિધાનગૃહોમાં બેઠેલા હતા. (કદાચ આજે પણ હશે)... હું ધારું છું કે, મોટાભાગના ચૂંટાયેલા ગાંધીવાદી કાર્યકરો દેશને ગાંધીમાર્ગેથી ચાતરતો અટકાવવામાં નિષ્ફળ રહ્યા છે."

ત્યાર પછી શ્રી રતુભાઈ અદાણી ગુજરાતમાં પ્રધાન હતા અને શ્રી મોરારજી દેસાઈ કેન્દ્રમાં વડાપ્રધાન હતા એ વખતની એમની નિષ્ફળતાનો નરસિંહભાઈને અનુભવ થયેલ તેનાં ઉદાહરણ આપીને એ લખે છે :

મોરારજીભાઈ, બાબુભાઈ, નવલભાઈ, લલ્લુભાઈ, વજુભાઈ (શાહ), મનુભાઈ (પંચોલી) જેવા મિત્રો તો વડાપ્રધાન, મુખ્ય પ્રધાન અને મહત્ત્વનાં ખાતાંના પ્રધાનો તરીકે વર્ષોના વર્ષો રહી ચૂક્યા છે. આજે જે પરિણામથી અકળાઈએ છીએ એના માટે આ મિત્રોની ઓછી જવાબદારી નથી."

ભાઈ નરસિંહભાઈએ લેખમાં રાજસત્તાની આ બીમારી સાર્વજનિક સંસ્થાઓને પણ લાગુ પડી છે એના દાખલા આપ્યા છે અને પછી લખે છે :

"રાજકારણને શુદ્ધ હેતુપૂર્ણ બનાવવા તરફ લક્ષ આપવાનું અયોગ્ય નથી. એથી વધુ ચીવટ ગાંધીવાદી સંસ્થાઓ અને કાર્યકરોએ રાખવાની છે, 'જાતે શુદ્ધ અને ગાંધીનિષ્ઠ બનવાની.'

ભાઈ નરસિંહભાઈ ગાંધીમૂલ્યોની ખેવના માટે ચિંતા રાખી ચિંતન કરનાર મૂલ્યનિષ્ઠ સંનિષ્ઠ પીઢ કાર્યકર છે. જનતાપક્ષના ગુજરાતના શાસનમાં એમણે દંડક તરીકે રહીને શાસનનો અનુભવ પણ લીધો છે, એટલે શાસનની અને શાસકોની પણ મર્યાદાઓ એ જાણતા જ હોય.

એમણે રાજકારણને શુદ્ધ અને હેતુપૂર્ણ રાખવાનું કામ યોગ્ય છે એમ તો સ્વીકારી લીધું છે. પણ એનાથી યે વધુ ચીવટ તો જાતે શુદ્ધ અને ગાંધીનિષ્ઠ બનવાની છે એમ એમનું કહેવું છે.

હવે એમના મુદ્દાઓ વિષે.

(૧) જાતે શુદ્ધ થવાની વાત સહુ કોઈ સ્વીકારે જ. એટલે એ સલાહ બાબત મતભેદ નથી. એનો અમલ કરવાની જ વાત છે. પણ પછી શું ? રાજકારણની શુદ્ધિની વાત પણ એ સ્વીકારે છે. તો એ શુદ્ધિ માટે કંઈક ક્રિયાત્મક પગલું તો ગાંધી વિચારનિષ્ઠોએ ભરવું જોઈએ કે નહિ ?

(૨) અમારું કહેવું છે કે શાસન કરવા માટે નહિ, પણ શુદ્ધ રાજકીય પરિબળરૂપે ધારાગૃહોમાં જવું એ, અને શાસન માટે પક્ષરૂપે ધારાગૃહોમાં જઈને શાસન કરવું એ બંને પગલાં જુદાં છે એક નથી. ગુણાત્મક રીતે બંનેનો હેતુ પણ જુદો છે. વ્યક્તિ તરીકે પણ આ બંને પ્રતિનિધિઓની ભૂમિકા જુદી છે.

એક વ્યક્તિ લોકપ્રતિનિધિ છે.

બીજી વ્યક્તિ પક્ષપ્રતિનિધિ છે.

(આ બંને વચ્ચેનો તફાવત અગાઉના લેખોમાં સમજાવ્યો હોવાથી અહીં એ આપ્યો નથી.)

નરસિંહભાઈ નિષ્ફળતા બતાવે છે, તે પક્ષ પ્રતિનિધિની છે. લોકપ્રતિનિધિ એ હતા જ નહિ. પરિબળરૂપે લોકપ્રતિનિધિઓ રૂપે હજુ જવાનો પ્રસંગ જ આવ્યો નથી. એટલે એનું મૂલ્યાંકન કરવાનો તો હાલ સવાલ જ નથી ઊભો થતો.

(૩) પરિબળનો હેતુ શાસનની શુદ્ધિનો છે. પક્ષનો હેતુ શાસન કરવા માટે શાસન મેળવવું, ટકાવવું, બહુમતી કરવી, ટકાવવી, અને એ અંગે અનેક બાંધછોડ અને સમાધાનો કરવાં વગેરે વાસ્તવિક રાજકારણની મર્યાદાઓ વચ્ચે શાસન ચલાવવાનો છે.

(૪) આ પાયાનો ગુણાત્મક તફાવત સ્પષ્ટ છે તે જો સમજાય અને સ્વીકારાય તો પેલાં નામો આપ્યાં છે તે તમામે તમામની અને દંડક તરીકેની નરસિંહભાઈની દાદ માગી લે તેવી સેવાઓ એ ગાંધીમૂલ્યોનું હાર્દ નહોતું એ તરત સમજાશે. એમની સેવાઓ શાસનને મળી એનો કોઈ વિરોધ નથી. આજે પણ ગાંધી વિચારમાં માનનારી

મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓ શાસન કરે એનો વિરોધ નથી. સમર્થન જ છે. સવાલ અગ્રતાનો અને પરિસ્થિતિના તકાજાનો છે.

(૫) ગુજરાતમાં અને દેશમાં જે કંઈ ગાંધીવિચારમાં માનનારી મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓ છે તે ગણીગાંઠી છે. આ અલ્પશક્તિ બધી જ ચૂંટાઈને પક્ષરૂપે શાસનમાં જાય એમ માની લઈએ તો પણ એ અલ્પશક્તિ સત્તાલક્ષી રાજકારણની વર્તમાન ભ્રષ્ટતાને દૂર કરી-કરાવી શકે એમ નથી. કારણ સ્પષ્ટ છે. ગાંધીવિચારને ઘાતક શક્તિઓએ રાજકારણ ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ એટલું વિશાળ વર્ચસ્વ જમાવ્યું છે કે પેલી અલ્પશક્તિ જેને એ કામ જ નહિ કરવા દે.'

(૬) આજની આ વાસ્તવિક્તા ગાંધીવિચારમાં નિષ્ઠા ધરાવનારા પ્રથમ સમજે અને ૩૦મી જાન્યુ. ૧૯૪૮ની ગાંધી વસિયતનામાની શીખ યાદ કરીને ગામડાંની લોકશક્તિને જાગૃત, સક્રિય, અને સંગઠિત કરીને પ્રજામાં અને ધારાગૃહોની અંદર જઈને, પણ શાસનથી બહાર રહીને, લોકચેતના જગાડવાનું કામ કરે તો જ આજની સર્વક્ષેત્રની અને સર્વાંગી બગડેલી પરિસ્થિતિ છે તે સુધારવાની સાચી દિશા પકડાય.

(૭) ટૂંકમાં, પક્ષીય રાજકારણે પોતાની અર્થસભરતા ગુમાવી છે એ હકીકત હોવા છતાં એનાથી અલગ રહેવું, કે એને અસ્પૃશ્ય રાખે ચાલે તેમ નથી.

અને કેવળ પક્ષ બનાવીને શાસનમાં જવાથી પણ રાજકારણની ભ્રષ્ટતા નાબૂદ કરી શકાય એમ નથી.

બંને દિશામાં પ્રયાસો તો જરૂરી છે જ, પણ અલ્પ શક્તિની મર્યાદાનું માપ કાઢતાં પ્રથમ અગ્રતા ગાંધીમૂલ્યોમાં નિષ્ઠા ધરાવનારાઓએ પક્ષમાં જવાને બદલે પરિબળરૂપે ધારાગૃહોમાં જવાની વાતનું સમર્થન કરવું જોઈએ. અને રસ રુચિ સમય સંજોગો જોઈને સક્રિય પણ બનવું જોઈએ.

૧૨-૨-૯૫ ગાંધી શ્રાદ્ધદિન

વિશ્વવાત્સલ્ય : ૧૬-૨-૧૯૮૯

❀ ❀ ❀

# 3 બુદ્ધિપૂર્વક પણ હૃદયથી

લોકશાહી સુરક્ષા-અભિયાનની ભાલ નળકાંઠાની લોકસંપર્ક યાત્રામાં ૭૫ જેટલી જાહેર ગ્રામસભાઓ થઈ. સર્વ સામાન્યપણે સર્વત્ર સહુનો પ્રતિભાવ વ્યક્ત રીતે વાણીમાં અને અવ્યક્ત રીતે મુખભાવોમાં અને હૃદયની લાગણીઓના પડઘારૂપે જોવા અનુભવવા મળે છે તે અમારા બધા જ યાત્રિકોના આત્મવિશ્વાસને વધારનારો અને આત્મબળ દઢ કરનારો છે.

ખબર નથી કે ક્યારથી, પણ કદાચ કાયમથી મૂંગા અને મહેનતુ, અને નવું સર્જન કરીને જગતને જિવાડતા સાચા શ્રમજીવી ગ્રામજનો જાણે જીભ ન હોય એમ બહુ બોલી શકતા નથી. બોલે તે પણ હૃદયની વાણીમાં. વેદનાનો દરિયો એક જ વાક્યમાં ઠલવી દે છે :

"ગળે આવી ગયા છીએ."

કોઈક કોઈક સભાઓમાં બુદ્ધિપ્રધાન વિચારક વ્યક્તિઓ હોય છે. તે પણ દિલથી જ કહેતા તો હોય છે કે,

"વિચાર સાચો છે. ઘણો સારો છે, ઊંચો છે, પણ પણ... પણ... પણ અને પછી બુદ્ધિથી બોલે છે :

"અશક્ય."

"અવ્યવહારુ."

"પક્ષ વિના કામ જ ન થાય."

એક સભામાં વિચારશીલ અને સારા લેખક એવા એક શાસ્ત્રીજીએ કહ્યું :

"ચાલીસ ચાલીસ વર્ષનાં વહાણાં વહી ગયાં, ઘણા મોડા પડ્યા. હવે શું થાય ?"

એક તરફ લોકાત્માનો પોકાર લોકહૃદયની વાણીમાં વ્યક્ત થાય છે, અને તે પણ માત્ર વેદનામાં, અને એક જ વાક્યમાં.

અમને યાત્રિકોને એમની આ વેદનામાં લોકશાહીનું ઊજળું ભાવી જોવા મળે છે. અને એ દર્શનથી અમારું જ્ઞાન વ્યાપક બને છે, કાર્યશક્તિને બળ મળે છે.

તો બીજી તરફ વિચારશીલો અમારી રજૂઆત પછી ઠીક ઠીક દલીલો કરીને, સાચું છે, સારું છે, ઊંચું છે. એમ દિલથી સ્વીકારે તો છે જ. પણ પછી તરત જ બુદ્ધિના સ્તરેથી બોલીને જાણે બોધ આપે છે.

એમના બોલ અમને શું બોધ આપે છે ?

ના.

કારણ ?

એ વાણી વાંઝણી છે. અમે પૂછીએ છીએ.

"તમને અશક્ય દેખાતી વાત શું અયોગ્ય છે ?"

તો કહે છે : "ના, છે તો યોગ્ય."

"તમને આ વાત અવ્યવહારુ લાગે તો એ વાત છોડો પણ તમારી દૃષ્ટિએ વ્યવહારુ લાગે તે વાત તો કરો કે જે કામ, આ કાળકૂટ ઝેરનું મારણ બને."

કરવામાં માત્ર મૌન.

અમે કહીએ છીએ.

"પાર્ટીનો અમે વિરોધ કરતા જ નથી. પક્ષીય લોકશાહીની વર્તમાન વાસ્તવિક્તા સ્વીકારીને જ, પછી વાત કરીએ છીએ. આજની જે કોઈ પાર્ટી આ કળાકૂટનું મારણ બને એવું કામ કરવા જેટલી કાર્યક્ષમ હોય એનું નામ તો આપો."

એમની પાસે નામ નથી.

પછી અમે કહીએ છીએ.

"વારુ ! કાળકૂટનું મારણ ભલે ન કરે, કમમાં કમ, લોકશાહીમાં રહીસહી લોકશ્રદ્ધાનાં મૂળિયાં સાવ ઊખડી જઈને ખુદ લોકશાહી જ ખતમ કરવાનું કારણ પોતાની પાર્ટી ન બને એવી નીતિરીતિ આ પાર્ટીવાળાઓ રાખે એટલું તો એમને સમજાવો ?"

અમે કહીએ કે;

"મોડા મોડા પણ જાગ્યા તો હવે જાગ્યા ત્યાંથી સવાર ગણીને કામે લાગવું કે પથારીમાં જ પડ્યા રહેવું ?"

પ્રશ્ન પૂછનાર અમારો આ જવાબ સાંભળ્યો, ના સાંભળ્યો કરે, અને કાં તો માંડ માંડ બોલે :

"કામે લાગીનેય શું વળવાનું ?"

સાવ નિષ્ક્રિયતા, નિરાશા અને હતાશા. વાણી વાંઝણી.

બોધ શું લેવો ?

ચિત્તમાં ચિંતન ચાલુ છે.

કદાચ મોડા અમે ભલે પડ્યા.

ગાંધીએ તો સ્વરાજ મળતાંની સાથેજ, ચાલીસ વર્ષ પહેલાં કહ્યું જ હતું. એણે ક્યાં મોડું કર્યું હતું ?

અને ભાલ નળકાંઠા પ્રયોગે તો ગાંધીની એ જ વાતનો અમલ ૪૦ વર્ષથી કરી જ દીધો છે. સાધનો, વ્યૂહ અને આયોજન વગેરે પ્રયોજવામાં પણ મોડા તો નહોતા જ. અલબત્ત શક્તિએ અમે મોળા હતા. ગજાના પણ અલ્પ.

આ મોળપ અને અલ્પતા છતાં પ્રયોગ શરૂ તો થયો જ છે.

એ યોગ્ય છે ? હા, તો કામ શરૂ કરવું પડે. અયોગ્ય શક્ય હોય તો પણ ન કરવું. અને યોગ્ય અશક્ય લાગે તો પણ શક્ય બનાવવા પુરુષાર્થ તો કરવો જ કરવો. અશક્ય જેવું જગતમાં કશું જ નથી.

વ્યવહાર ઊભો કરવો છે તો વાંઝિયામેણું ટાળવું પડે. પુરુષાર્થ કરવો પડે.

પાર્ટીવાળાઓની પામરતાને જોઈ શકાય તો પક્ષના વળગણથી છૂટાય. અને

પરિબળ સાથે અનુબંધ સંધાય.

ધંધુકા લોકસભાની એક બેઠક અને એની નીચે આવતી ગુજરાત ધારાસભાની સાત બેઠકોના સાતે મતવિસ્તારોના કુલ ૭૫૦ જેટલાં ગામોના ૧૦ ટકા ગામોનો લોકસંપર્ક થયો.

પ્રાથમિક પ્રતિભાવ અમને એમ કહેવા પ્રેરે છે કે,

૧. લોકોને લોકશાહીમાં શ્રદ્ધા છે. પાંચ વર્ષે પૂછ્યા વાટ છે ત્યાં સુધી આશાનું કિરણ છે જ.

૨. આ લોકશ્રદ્ધાને કેળવવી-દઢાવવી પડે. સંપર્ક સતત રાખવો પડે.

૩. શરૂઆત તો એકડેથી જ કરવી પડે. મીડાં ચડતાં વાર નહિ લાગે. સવાલનોય સવાલ છે એનો જવાબ અત્યારે આ એક દેખાય છે.

બુદ્ધિ સાથે હૃદયથી વિચારવાનું, બોલવાનું અને કરવાનું પણ રાખીશું. તો બાકીનું જે આપણા-માણસના હાથમાં કરવાનું નથી એ કુદરત કરશે જ કરશે. આવા અખૂટ શ્રદ્ધાબળ સાથે આગળ વધીએ.

વિશ્વવાત્સલ્ય : ૧-૩-૧૯૮૯

❀ ❀ ❀

# ૪ કેટલાક મુદ્દાઓની સ્પષ્ટતા

શુદ્ધ રાજકારણ અને લોકલક્ષી લોકશાહી પ્રસ્થાપનાના હેતુથી ભાલ નળકાંઠામાં ચાલુ કરેલ લોકશાહી સુરક્ષા અભિયાન વિષે તાજેતરના 'વિશ્વવાત્સલ્ય' અને 'પ્રયોગદર્શન'ના અંકોમાં ઠીક ઠીક લખાય છે. મિત્રો સાથે વિચારવિમર્ષ પણ સારી પેઠે થાય છે. આના જ અનુસંધાને એક પત્ર છે. એમાંના મુદ્દાઓનો સાર પ્રથમ જોઈ લઈએ.

(૧) અપક્ષ ઉમેદવારોની વાત તર્કસંગત નથી.

(૨) આવા દરેક ઉમેદવારો ગુણવત્તા પર દરેક પ્રશ્નને જોશે એ જવાબ મૂળ પ્રશ્નને જ ઉડાડી દેનારો છે. મૂળ પ્રશ્ન આવીને ઊભો જ છે કે, આ (કૉંગ્રેસ) સરકારને રાખવા ઈચ્છો છો કે દૂર કરવા ?

(૩) ચૂંટણીઓ છે જ, સરકાર બદલવા કે તેને સમર્થન આપવા માટે.

(૪) આ બધી હિલચાલનું મૂળ હાલની સરકારને હટાવવાનું છે.

(૫) મારી (પત્રલેખકની) સમજ પ્રમાણે કૉંગ્રેસને હરાવવી એ વ્યૂહરચના છે.

(૬) એકની સામે એક ઊભા રાખવામાં આવે. મતલબ કૉંગ્રેસના ઉમેદવારની સામે એક જ ઉમેદવાર ઊભો હોય તો જ કૉંગ્રેસી ઉમેદવારને હરાવવાની શક્યતા વધે.

(૭) આમ એકની સામે એક ઊભો રહે એ માટે બીજા વિપક્ષોને સમજાવવાની

વાત તો ઠીક છે, પણ તમે કૉંગ્રેસને આવી વાત કરો અને તે માને એ વાત જ હાસ્યાસ્પદ છે.

(૮) આવા અપક્ષ ઉમેદવાર સામે કૉંગ્રેસ પોતાનો ઉમેદવાર ઊભો ન રાખે એમ તમારા (ભાલ નળકાંઠા પ્રયોગે) કહેવાનો અર્થ હું (પત્ર લેખક) એવો કરું છું કે, "તમે આ વિષે સ્પષ્ટ નથી."

(૯) તમે (ભાલ નળકાંઠા પ્રયોગ) આમાં ક્યાં ઊભા છો ?

પત્રલેખક રાજકારણની તાસીરના પારખુ, ચિંતનશીલ પીઢ વિચારક અને વિવેકી છે. છેલ્લે લખે છે : "મારી ભૂલ થતી હોય તો જણાવશો."

હવે આ મુદ્દાઓ ઉપર અમારું મંતવ્ય જણાવીને પછી થોડું વિચારીએ.

(૧) પત્રલેખક ભૂલ નથી કરતા. લોકશાહીનું વર્તમાન સ્વરૂપ છે તેમાંના ચીલાચાલુ અંગોની વાસ્તવિક્તાની વાત જ એમણે લખી છે.

(૨) અમે (ભા. ન. પ્રયોગ) અસ્પષ્ટ નથી જ.

(૩) અમે ઊભા છીએ ધરતી ઉપર. ૪૦ વર્ષના અનુભવથી જે કંઈ અલ્પ સમજણથી આજની વાસ્તવિક્તા સમજીએ છીએ તે વાસ્તવિક્તા જ અમને આ કામ કરવા પ્રેરે છે.

(૪) અને આ વાસ્તવિક્તા જ અમને કોઈ આ કે તે વ્યક્તિ કે અમુક તમુક પક્ષને હટાવવામાં કે બદલાવવામાં અમારી શક્તિ ખર્ચવાની ના પાડે છે.

(૫) જે કોઈ હટશે, બદલાશે કે આવશે, જશે તે સહુ પોતપોતાની શક્તિઅશક્તિ અને નબળાઈ સબળાઈનો જોરથી કે કમજોરીથી પોતપોતાનાં કર્યાં સહુ ભોગવે જ. જાહેર મૂલ્યોમાં શ્રદ્ધા છે તેવા મૂલ્યનિષ્ઠ અને લોકોની સારપમાં વિશ્વાસ છે તેવા લોકનિષ્ઠ વ્યક્તિઓએ હવે એમને બદલવા, હટાવવા કે બેસાડવામાં કે ખસેડવામાં શક્તિ ખર્ચવાની જરૂર નથી જ નથી.

આનો અર્થ અમે વાસ્તવિક્તા સામે આંખો બંધ રાખીએ છીએ એમ નથી થતો. પણ વાસ્તવિક્તાઓ ઉઘાડી નજરે ધ્યાનમાં રાખવી અને પછી શક્તિની મર્યાદામાં વિવેકપૂર્વક અગ્રતા આપવાનો છે. આટલું કહ્યા પછી આગળ વિચારીએ.

## અર્થસભરતા ગુમાવેલાં અંગો

વર્તમાન પક્ષીય લોકશાહીના અંગ ઉપાંગોમાંના મુખ્ય ત્રણ અંગો (૧) લોકો (૨) શાસકપક્ષ (૩) વિપક્ષો.

આ ત્રણે અંગો પોતાની અર્થસભરતા ગુમાવી બેઠાં છે.

(૧) લોકો પાંચ વર્ષે એક વખત મત આપતી વેળા ચિત્રમાં આવે છે. મત પણ શુદ્ધ મતિનો નહિ લાલચ અને ભયથી પ્રેરિત.

(૨) શાસકપક્ષનું એકમાત્ર લક્ષ ગમે તે ભોગે સત્તા ટકાવવી.

(૩) વિપક્ષનું એકમાત્ર લક્ષ ગમે તે ભોગે સત્તા મેળવવી.

## સત્તાનું કેન્દ્ર

(૧) સત્તાનું મૂળ કેન્દ્ર લોકો છે. આ લોકો જ આજે સત્તાને આધીન બની ગયા છે.

(૨) રાજ્ય અનિયંત્રિત અને અમાપ સત્તાનું એક માત્ર કેન્દ્ર બન્યું છે. અઢળક નાણું એના હાથમાં પડ્યું છે અને દાંડતત્વોનું વર્ચસ્વ એના પર ચઢી બેઠું છે.

## લોકશાહીના હાર્દ સમી ત્રણ ત્રિપુટીઓ

(૧) લોકોનું, લોકો માટે લોકોથી ચાલતું.

(૨) વિચાર, વાણી અને વર્તનની અભિવ્યક્તિ.

(૩) સમાનતા, એકતા અને બંધુતા.

આ ત્રણે ત્રિપુટીનાં નવે તત્વોનું રાજતંત્રના સર્વ અંગઉપાંગોમાંથી સાવ ધોવાણ થઈ ગયું છે.

આ વાસ્તવિક્તા અમને સમજાયા પછી રાજકીય પક્ષોની જેમ અણગમતા પક્ષને હટાવવા, ગમતા પક્ષને બેસાડવા કે નવો પક્ષ રચીને સત્તા દ્વારા પરિવર્તન કરવામાં અમારી શક્તિ ખર્ચવી અમને સાવ જ નિરર્થક લાગે છે એમ અમે સ્પષ્ટ માનીએ છીએ.

અને આમ છતાં નિરાશા નથી કે રસ્તો નથી દેખાતો એમ પણ નથી. અલબત્ત લોકશાહી એ તો સતત વિકસતી જતી પ્રક્રિયા છે. એટલે આ રસ્તો જ સાચો અને ધારેલી મંઝીલે પહોંચાડશે અને બીજો રસ્તો હોય જ નહિ કે બીજે રસ્તે મંઝીલે ન જ પહોંચાય એમ પણ અમે માનતા નથી. અમને સાચા લાગતા રસ્તે ચાલવું એ અમારું સ્વકર્તવ્ય છે એટલું જ.

હવે કેટલીક સ્પષ્ટતા.

આ ઉમેદવાર અપક્ષ કે સ્વતંત્રની જેમ ઊભો રહેવાનો નથી. એક કે વધુ જેટલા ચૂંટાશે તેની પોતાની સમાન આચારસંહિતા છે. જેમાનાં કેટલાંક અંશો અગાઉના લખાણોમાં છે જ. અને એક સમૂહ કે સંગઠનના રૂપે એ કામ કરશે. એટલે અપક્ષોની ભૂમિકાથી સાવ ભિન્ન ભૂમિકા અને હેતુ તેમ જ અનુક્રમ છે.

કૉંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષો આ ચાલીસ વર્ષના લોકશાહીશાસનના વહીવટનો અને છેલ્લે આજે વર્તમાનમાં ચાલતી સત્તાલક્ષી પક્ષીય લોકશાહીની વાસ્તવિક્તાનો બોધ સમજે તો લોકશાહીના હિતમાં શું કરવા જેવું છે તે એમને જરૂર સમજાશે. અમને સમજાવવાનો પ્રયાસ કરવા સંભવ છે. પત્ર લેખક લખે છે તેમ

હાસ્યાસ્પદ અને નિરર્થક પણ બને.

સત્તાની સ્પર્ધા નથી. અને વસ્તુના ગુણદોષ પર વિરોધ કે સમર્થન કરવાનો છે. વળી ગણત્રીના જ ઉમેદવારો મૂકવાના હોવાથી બાકીની બેઠકો પર ચૂંટાયેલા સભ્યોની પોતપોતાની રીતે સરકાર બનાવાવની શક્યતા કે ભૂમિકા અકબંધ રહે છે.

આવું રાજકીય પરિબળ ધનલક્ષી નથી, સત્તાલક્ષી નથી. લોકનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ છે. લોકશાહીના વર્તમાન સ્વરૂપમાં કદાચ નવું છે. લોકશાહીની ખેવના ધરાવનાર સહુનો સહકાર સલાહસૂચન સહયોગ આવકાર્ય જ છે. પત્ર લેખકની જેમ બીજા મિત્રોને પણ આ અંગે વધુ ચિંતન કરવા અને સૂચનો કરવા વિનંતિ છે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૩-૧૯૯૮

❀ ❀ ❀

# ૫ એક તરફ રાજ્ય બીજી તરફ લોક

ગુજરાતમાં જ નહિ, ભારતમાં અને ભારતમાં જ નહિ વિશ્વભરમાં, સંઘર્ષ ચાલી રહ્યો છે. સંઘર્ષમાં બે પક્ષો હોય છે. આ સંઘર્ષમાં પણ બે પક્ષ છે. એક તરફના પક્ષનું નમ છે "રાજય" બીજી તરફના પક્ષનું નામ છે "લોક" સંઘર્ષ વિશાળ વ્યાપક અને ઊંડો છે.

આમ સ્થૂળ દષ્ટિએ તો સંઘર્ષો અનેક અને વિવિધ રૂપે દેખાય છે.

વ્યક્તિ વ્યક્તિ વચ્ચે છે. વ્યક્તિ અને વર્ગ વચ્ચે છે. વર્ગ અને વર્ગ વચ્ચે છે. પક્ષોમાં આંતરિક સંઘર્ષ છે તો પક્ષ-અપક્ષ અને શાસકપક્ષ-વિરોધપક્ષ વચ્ચે પણ છે.

એક રાષ્ટ્ર અને સામે એક બીજું રાષ્ટ્ર એમ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે છે. તો રાષ્ટ્રીય જૂથો-જૂથો વચ્ચે પણ છે. પરંતુ આ બધા સંઘર્ષો ડાળાં પાખડાં છે; મૂળ નથી.

મૂળ સંઘર્ષ તો એક જ છે :

રાજ્ય, લોકોને સત્તાના ભરડામાં લેવા તાકે છે.

લોક, રાજ્યની સત્તાના ભરડામાંથી મુક્તિ માગે છે. આ મુદ્દો જરા સમજી લઈએ.

પોતાની સલામતી અને પોતાના રક્ષણ માટે ખુદ લોકોએ જ 'રાજ્ય' નિર્માણ કર્યું છે. જયારે પણ આ 'રાજ્ય' નામની સત્તા કહો કે સંસ્થા કહો, નિર્માણ થઈ હોય પણ ત્યારે રાજ્ય હસ્તક બે જ કામો હતાં.

ભય અને રક્ષણ.

કાળે કરીને ક્રમશઃ લોકોના કલ્યાણને નામે લોકોના વતી, કાયદો અને વ્યવસ્થા ન્યાય અને રક્ષણ-ઉપરાંત બીજાં ક્ષેત્રો પણ રાજ્યે હસ્તગત કર્યાં. વર્તમાન કાળે આ

'રાજ્ય' નામની સંસ્થાએ લોકોની તમામે તમામ સત્તા પોતે હસ્તગત કરી લીધી છે. ગર્ભાધાનથી અગ્નિસંસ્કાર થવા સુધીનો એક પણ વ્યવહાર રાજ્યના કાયદા કાનૂનની સત્તાથી અસ્પૃશ્ય રહ્યો નથી.

આ રાજ્ય ગમે તે નામે ઓળખાતું હોય, સરમુખત્યારી, સામ્યવાદી, રાજાશાહી, પ્રમુખકીય, લોકશાહી, સંસદીય પ્રતિનિધિક લોકશાહી નામ ગમે તે હોય, લોકશાહી 'એક પક્ષીય' હોય કે બહુપક્ષીય હોય. પક્ષનું નામ પણ ગમે તે હોય, ભારતની વાત કરીએ તો એ કૉંગ્રેસ નામ હોય કે જનતાદળ નામ હોય. જનતા પક્ષ નામ હોય કે જનમોરચો નામ હોય, ભાજપ નામ હોય કે સામ્યવાદી નામ હોય તેલુગુદેશમ્ હોય કે ડી. એમ. કે. હોય અકાલીદળ હોય કે ગણતંત્ર પરિષદ અને રાષ્ટ્રીય પરિષદ હોય "નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોય"ની જેમ નામ ગમે તે હોય 'કામ એક જ અને તે સત્તા હોય તો ટકાવવી ન હોય તો મેળવવી. અને તે પણ સર્વોપરી, સર્વે સર્વા. સર્વસત્તાધિશપણું. અને ? ગમે તે ભોગે, ગમે તેવાં સાધનોથી પણ.'

આનું સહજ આવવું જોઈતું એક જ પરિણામ આજે શું ભારતમાં કે શું પાકિસ્તાનમાં, શું રશિયામાં કે શું ચીનમાં સર્વત્ર દેખાય છે. એક બાજુ રાજ્ય છે. બીજી બાજુ લોક છે.

ભંયકરતા એ છે કે રાજ્ય પાસે અનિયંત્રિત સત્તા છે. અઢળક સંપત્તિ છે. અને વિશાળ પ્રમાણમાં સંહારક શસ્ત્રો છે.

સમયની બલિહારી કહો કે વિચિત્રતા કહો એ છે લોકોએ પોતાની સલામતી અને રક્ષણને માટે બનાવેલું રાજ્ય પોતે જ હવે લોકોની અસલામતી અને અરક્ષિતપણાનું કારણ બની બેઠું છે.

બીજી તરફ લોક પક્ષે દુઃખદ કરુણતા એ છે કે લોકશાહી હોય તો પણ લોકો તો પાંચ વર્ષે ચૂંટણી વખતે કાગળનો ટુકડો સિક્કો મારીને પેટીમાં નાખે છે. તેને મત આપ્યો એવી ભ્રમણા સાથે હવે અમારું તમામ કલ્યાણ માત્ર, આ કે તે પક્ષ અને પક્ષની સરકાર કાં તો કરી નાખશે એવી ભ્રામક આશામાં અને કાં તો કંઈ જ કરતા નથી અને કરવાનાયે નથી એવી ઘોર નિરાશા સાથે કાં તો લાલચ કહો કે એમના મત આમ પડાવી લેવાય છે.

લોકોમાં પોતાની ફરજ, જવાબદારી, કતૃત્વ અને આત્મવિશ્વાસનો સાવ અભાવ.

સરકારને માબાપ ગણવાનો અને શાસકપક્ષના આંગળિયાત બનવાનો પંગુતા કે લઘુતાનો ભાવ.

લોકોને આ વસ્તુનો ખ્યાલ આવે છે ત્યારે પણ એની સામે તો આ પક્ષવિપક્ષની રમત સિવાય બીજી કોઈ નવી વાત આવતી જ નથી. અને તેથી પક્ષોની અને પક્ષો દ્વારા સત્તાની અદલાબદલી કરવા સિવાય મૂળભૂત પરિવર્તન કરવાની કોઈ નવી

પ્રક્રિયા કે નવો પ્રયોગ શરૂ થતો નથી.

અમારું આ પૃથક્કરણ સાચું હોય અને અમારી દૃષ્ટિએ અમને સાચું લાગે છે તો તેથી અમારું તારણ એમ કહે છે કે,

હવે એક રાજકીયપક્ષને સ્થાને બીજો રાજકીય પક્ષ, અથવા સત્તાલક્ષી વ્યક્તિગત અપક્ષ કે સ્વતંત્ર ઉમેદવાર અથવા સત્તા ટકાવવા માગતી સરકાર અથવા તો આ કે તે રાજનીતિ કે રાજ્યપદ્ધતિ કે એનું તંત્ર કંઈ કહેતાં કંઈ જ મૂળપરિવર્તન કરી શકે એમ જ નથી.

આ મૂળપરિવર્તન એટલે રાજ્ય પાસેની સત્તા લોકોએ હસ્તગત કરી લેવી જોઈએ.

રાજકીયપક્ષો સત્તા માટે ઊભા થતા હોય છે. એટલે સામે ચાલીને તો એ સત્તાની સોંપણી કરે નહિ. લોકોએ પોતે જ એ સત્તા હસ્તગત કરી લેવી. આનો અર્થ એ કે લોકોએ હવે પોતાની સત્તા રાજકીય પક્ષોને સોંપવી ન જોઈએ. ભારતની વાત કરીએ તો આગામી ચૂંટણીઓમાં આ પ્રક્રિયા ચાલુ કરી શકાય. પ્રયોગની શરૂઆત આમ થઈ શકે.

વ્યક્તિગત મતદારો ચાલીસ કરોડ જેટલા હશે. દરેક મતદાર પોતાની પાસેની સત્તાનો ભોગવટો કરી શકે એવી સ્થિતિ હજુ આવી નથી. એટલે નાનાં નાનાં ઘટકોએ આ સત્તા હસ્તગત કરવી.

ગ્રામપંચાયત, નગરપંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા વગેરે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, અર્થતંત્રમાં સહકારી સંસ્થાઓ શિક્ષણક્ષેત્રે છેક નીચેથી તે ઉપર યુનિવર્સિટી સુધી એમ નીચેથી ઉપર સુધીનું વ્યવસ્થાનું એક માળખું ઊભું કરી લેવું જોઈએ અને સત્તા એ ઘટકોને હવાલે કરવી જોઈએ.

આ બધું લોકશાહી ઢબે જ થવું જોઈએ. જે થઈ શકે તેમ છે. પક્ષમુક્ત, લોકોએ પસંદ કરેલા અને આ વિચારોને વરેલા ઉમેદવારોને ધારાગૃહોમાં મોકલવા જોઈએ.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૬-૧૯૮૯

❀ ❀ ❀

# ૬ ઘોડો સ્વતંત્ર, પણ લગામ સવારના હાથમાં

નિરંકુશ ઘોડો જંગલ-ડુંગરમાં રખડે. સ્વછંદે છલાંગો મારે, કૂદે, હાડકાં ભંગાય.

પણ જાત પશુનીને ? બુદ્ધિની, મનન, ચિંતન કે મંથનની તેની મર્યાદા. અનુકરણ કરવાની જ ટેવ.

એવામાં કોઈક સારી પળે દયાળું માણસજાત એને મળી ગઈ. ઘોડાની પીઠ પર માણસ બેસી ગયો. ઘોડાના મોઢામાં ચોકડું નાખે. લગામ પોતાના હાથમાં રાખે. માણસ ઈચ્છે ત્યારે ઘોડાને ચાબૂક પણ લગાવે. સાથે સાથે ઘોડાને ચારો અને ચંદી ખવરાવીને ધરવે.

ઘોડો સ્વતંત્ર લગામ સવારના હાથમાં.

ઘોડાને સમાધાન છે. મોઢામાં ભલેને ચોકડું ભરાવે. ચાબૂકની ચમચમાટીયે ભલેને ચખાડે. ચંદી-ચારો તો મળે છે ! હાડકાં ખોખરાં થતાં તો મટ્યાં !

આમ કાયમી પરાધીનતા હોંસે ઘોડાએ સ્વીકારી લીધી. પેલી સારી પળ ઘોડાનું બળ ન બની શકી માણસે છળથી એ પળનો પોતાના જ લાભમાં કુનેહપૂર્વક ઉપયોગ (કે ગેર ઉપયોગ ?) કરી લીધો.

માણસ જાત પણ હજુ આવી ઘોડાની પશુવૃત્તિમાંથી સાવ મુક્ત બની શકી નથી. સુખશીલિયાપણાની વૃત્તિથી એણે સ્વાતંત્ર્ય ભોગવવાનું સાવ માંડી વાળ્યું હોય એવું કેટલીક વાર લાગે છે.

શરૂમાં માણસ જાત નિરંકુશ હતી. સ્વતંત્ર નહિ પણ સ્વછંદે વિહરતી સ્વેચ્છાએ જાત પર અંકુશ રાખવાનો સંયમ એ હજુ નહોતી રાખી શકતી.

મારે એની તલવાર-બળિયાના બે ભાગ જેવી સ્થિતિ હતી. એમાં કોઈક સારી પળે સારો વિચાર એને આવ્યો. માણસ છે ને ? બુદ્ધિ છે, વિચાર કરે. મન છે, મનન કરે. ચિત્ત છે, ચિંતન કરે. મંથન પણ કરે.

ઝઘડવું અને મરવું, મારવું, એના કરતાં ઝઘડાનો ન્યાય અને સલામતી માટે રક્ષણનું કામ કોઈ ત્રીજાને સોંપીએ તો ?

અને ત્રીજાને સોંપ્યું.

આ ત્રીજું ભળ્યું, સ્વીકાર્યું એનું નામ રાજ્ય.

ધીમે ધીમે આ ત્રીજા પરિબળ-રાજ્યે, પોતાનો પ્રભાવ એટલો બધો ઊભો કરી દીધો કે માણસના તમામ વ્યવહારોને રાજ્ય નિયંત્રિત કરી શકે. માણસ જાતને અન્યાય અને અરક્ષિતપણું સહેવાનો અનુભવ થતો રહે છે એમાં મોટો હિસ્સો આ "રાજ્ય"ને કારણે છે. પરંતુ એનું કારણ રાજ્ય છે એમ માણસને લાગતું જ નથી.

જે રાજ્ય લોકોને કારણે લોકોએ જ સ્વીકાર્યું છે. અને તેથી જ રાજ્ય બન્યું

છે. પણ હવે એ જ રાજ્ય લોકોને નામે જ લોકોની પીઠ પર અને કાંધે એવું તો ચડી બેઠું છે કે, લોકો રાજ્યનો બોજ ઉપાડી ઉપાડીને મરવા માંડે. જીવતા જેવા સાવ નિર્માલ્ય અને નિર્જીવ બની બેઠા છે. રાજ્ય એવી તો કુનેહપૂર્વક લોક ઉપર સવાર થઈ બેઠું છે, અને લોકકલ્યાણને નામે એવું એવું પીરસ્યા કરે છે કે, લોકો હવે રાજ્ય ને જ 'મા બાપ' માનવા લાગ્યા છે. પોતાએ કશું જ કરવાપણું નથી, એવી બાળસહજ વૃત્તિથી જેમ બાળક માતાપિતાને ભરોંસે રહે છે. એમ લોકો રાજ્યને ભરોંસે રહેતા થઈ ગયા છે.

અહીં 'રાજ્ય' એટલે સરકારી પક્ષ નહિ. પક્ષ ગમે તે નામે હોય, 'રાજ્ય' એટલે રાજ્યસત્તા, રાજ્યસંસ્થા. પછી તે રાજ્ય, લોકશાહી હોય, રાજા હોય, સરમુખત્યારી કે કોઈ પણ પદ્ધતિનું હોય. અને ગમે તે નામના પક્ષનું હોય.

હમણાં ૨૫ જૂને નાગરિક ચેતના દિનને નામે કેટલેક સ્થળે સભાઓ થઈ. ૧૯૭૫ના ૨૫ જૂને કટોકટી નાખવામાં આવી હતી તેવી કટોકટી ફરી ન આવે તે માટે લોકોની ચેતના જાગૃત રહેવી જોઈએ એ વાત સાચી. અને ફરીથી એવી કટોકટી ન જ આવવી જોઈએ એમાં તો કોઈ સવાલ જ ન હોવો જોઈએ.

પણ અમારું એમ કહેવાનું છે કે, ૧૯૭૫ની એ કટોકટીનો વિરોધ કરનારાયે નીકળ્યા હતા, એનો પ્રતિકાર થતો જ હતો. કેટલાય જણે કષ્ટો ઉઠાવ્યાં હતાં. જેલો ભોગવી હતી.

કારણ ?

એ કટોકટી છે એવો ખ્યાલ હતો.

આજે ?

લોકો સત્તા અને ધનના પ્રભાવથી એવા તો અંજાઈ ગયા છે દબાઈ ગયા છે કે, "પૈસો એ જ પરમેશ્વર" છે અને "સત્તા" એ જ જીવનનું સાધ્ય છે એમ માનતા થઈ ગયા છે.

ગમે તે ભોગે, ગમે તેવાં સાધનથી ધન અને સત્તા મેળવો. ગુલામીખત લખી આપીનેય મેળવો. લોકોની આ આંધળી દોટ અને ઘેલછાનો "રાજ્ય" ઉપયોગ (કે ગેર ઉપયોગ) કરી રહ્યું છે.

વધુ ચિંતાજનક બાબત એ છે કે, લોકોને આનો કંઈ ખ્યાલ જ નથી. અને રાજ્યને આધીન બનાવવામાં લોકો પાછું ગૌરવ માને છે. પરાધીનતા લોકોને કોઠે પડી ગઈ છે.

૧૯૭૫ની કટોકટી કરતાંય આ કટોકટી મોટી છે.

અને એટલે જ સમાજપરિવર્તનનું કામ કરનારા અને જાહેર મૂલ્યોમાં માનનારા સહુને માટે પ્રથમ કરવા જેવું કામ અમારે મન લોકચેતના જગાડવાનું છે.

જાગેલી લોકચેતના આ 'રાજ્ય' નામની સંસ્થાને કે સત્તાને લોકોની પીઠ અને કાંધેથી ઉતારી દેશે. જરૂરી પ્રબંધો દ્વારા 'રાજ્ય' ઉપર અંકુશ પણ મૂકી દેશે. લોકો સ્વાધીન બનશે. લોકશાહી શાસનને લોકલક્ષી બનાવશે. પ્રજાના હિતમાં સુપેરે વહીવટ ચલાવશે.

વાસ્તવિક લોક સ્વરાજનો અનુભવ થશે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૭-૮૯

❀ ❀ ❀

# ૭ સમોચિત રાષ્ટ્રીય અંતરાત્માના ચોકિયાતો

દેશના જાણીતા ન્યાયવિદો, ચિંતકો અને અગ્રણી રાજકીય વિચારકોએ ચારિત્ર્ય, એકતા, અખંડિતતા, પ્રામાણિક્તા, તેમ જ રાષ્ટ્રીય દૃષ્ટિકોણ ધરાવતાં ૨૦ થી ૩૦ જેટલાં મહિલાઓ અને પુરુષોને દેશના નાગરિકો ચૂંટી કાઢીને સંસદનું સ્વરૂપ બદલવાની જરૂર માટે એક નિવેદન દ્વારા રાષ્ટ્રને હાકલ કરી છે.

એમણે કહ્યું છે : "લોકસભામાં આવી વ્યક્તિઓની હાજરી માત્ર જ જરૂરી સુધારાત્મક વિરોધ પૂરો પાડશે. ચર્ચા મંત્રણાઓની કક્ષા ઊંચી લાવશે. લોકોને હૈયાધારણા આપશે. રાજકીય દૃષ્ટિ પૂરી પાડવામાં સહાયક થવા ઉપરાંત ચિંતિત નાગરિકોની ચિંતા, ભીતિ, તેમ જ આશા અપેક્ષાઓને વાચા આપશે. આમ કરવું રાજકીય પક્ષોના પણ હિતનું રહેશે. જો આવું પગલું નહિ ભરવામાં આવે તો દેશની દુર્દશા થશે.

આવી વ્યક્તિઓને ચૂંટીને સંસદમાં મોકલવામાં આવે તો તે જૂથ "રાષ્ટ્રીય અંતરાત્માના ચોકિયાતો"ની ભૂમિકા ભજવી શકશે.

આ નિવેદનમાં સર્વોચ્ચ અદાલતના માજી ન્યાયમૂર્તિ એચ. આર. ખન્ના, શ્રી નાનીપાલખીવાળા, શ્રી અચ્યુત પટવર્ધન, શ્રી એમ. આર. મસાણી, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, સ્વામી ચિન્મયાનંદ અને ડૉ. ઊષા મહેતાએ સહીઓ કરી છે.

છાપાંના અહેવાલ પર આધાર રાખીને ઉપરોક્ત નિવેદનનો સાર લખ્યો છે. આખું નિવેદન અમારા જોવામાં આવ્યું નથી. પરંતુ નિવેદનનો આ સાર ભાલ નળકાંઠા પ્રયોગે 'લોકશાહી સુરક્ષા અભિયાન' શરૂ કર્યું છે તેને ખૂબ ખૂબ પ્રોત્સાહન આપનારું અને ઉત્સાહ વધારનારું છે. એટલું જ નહિ અભિયાન તરફની શ્રદ્ધાને બળ આપનારું છે.

પરંતુ આમ છતાં આવા અભિયાન અને ઉપર નિર્દેશ કર્યો છે એ નિવેદનમાં વ્યક્ત કર્યા છે તેવા મંતવ્યો સાથે કેટલાક વિચારકો અને ચિંતકો સંમત થઈ શકતા નથી. અને એમનું સમર્થન આ અભિયાનને મળી શકતું નથી.

'જયહિંદ' દૈનિકે તો પોતાના અગ્રલેખમાં મોટો પ્રશ્ન ઊઠાવ્યો છે, એમનો

સવાલ એ છે કે -

"આ દેશની ૮૦ કરોડની વસ્તીમાંથી ૩૦ જેટલા આવા શ્રેષ્ઠ નાગરિકો કોણ પસંદ કરશે ? ભારત જેવા સંસદીય લોકશાહી દેશમાં માત્ર મુઠ્ઠીભર લોકો દેશનું ભાવિ નક્કી કરે એ કેમ ચાલે ? રાષ્ટ્રીય અંતરાત્માના ચોકિયાતો બનવાનો ઈજારો મુઠ્ઠીભર માનવીઓને આપી શકાય નહિ. ભલે તેઓ ગમે તેવા ચારિત્ર્યવાન હોય, પ્રમાણિક હોય.

એવા ચોકિયાતો બનવાનો ઈજારો તો દેશના કરોડો મતદારો પાસે જ હોઈ શકે. જે મહાનુભાવોએ એ "રાષ્ટ્રીય એકતાના ચોકિયાતો"નો વિચાર કર્યો છે એમની નિષ્ઠા કે સચ્ચાઈ વિષે શંકા ન કરીએ તો પણ તેમની આ વાત કોઈને પણ ગળે ઊતરે નહિ તેવી છે."

'જયહિંદ'માં આ અગ્રલેખ લખનાર મિત્રને પૂછવું પડે છે કે એમણે આ નિવેદન બરાબર વાંચ્યું છે ? એના પર વિચાર કરવાને થોભ્યા છે ? ચિંતન મનન જેવું કંઈ કર્યું છે ?

આ પ્રશ્ન એટલા માટે પૂછવો પડે છે કે, આવા શ્રેષ્ઠ નાગરિકોને ધારાગૃહોમાં મોકલવાની વાત નિવેદનમાં છે એમાં મતદારોના મતથી ચૂંટીને જ મોકલવાની વાત છે. એમાં ક્યાંય પણ ચૂંટાયા વિના બારોબાર નિયુક્તિની કે મોકલી આપવાની વાત જ નથી. નિવેદન રાષ્ટ્રના મતદારોને સીધી અપીલ કરે છે કે, "હે મતદારો ! તમે હવે ભલે થોડાક પણ એવા પ્રતિનિધિઓને ચૂંટી મોકલો કે જે આવા આવા હોય. આમ કહીને નિવેદનકારો મતદારોને જ અપીલ કરે છે અને એ અપીલમાં પ્રતિનિધિઓની યોગ્યતા કે લાયકાતના ધોરણો અને તેની કામગીરીના પ્રકાર તરફ આંગળી ચીંધે છે.

અલબત્ત, પ્રતિનિધિઓની યોગ્યતા અને કામગીરી વિષે બીજાં પણ સૂચનો હોઈ શકે છે, પણ આમ દેશના મતદારોને સીધી અપીલ કરવામાં ગળે નહિ ઊતરવા જેવું શું છે ?

આવી શ્રેષ્ઠ વ્યક્તિઓ મતદારો પોતાની રીતે પસંદ કરશે. જરૂર લાગશે તો કોઈની સલાહ લેશે પણ પક્ષ એટલે કે રાજકીયપક્ષ એટલે કે સત્તા પર જવું છે એવી સ્પષ્ટ સમજણથી ઊભો થયેલ પક્ષનો ઉમેદવાર કે વ્યક્તિગત સ્વતંત્ર અપક્ષ પોતાની મેળે ઊભો થયેલ ઉમેદવાર તે નહિ હોય.

આવી શ્રેષ્ઠ વ્યક્તિઓ ભલેને થોડીક જ ચૂંટાય એમની કામગીરીનો પ્રભાવ સંખ્યાથી નહિ, એમના ચારિત્ર્યથી જ અંકાશે.

સંખ્યાનો પ્રભાવ શું પરિણામ લાવે છે એનો આ ૪૦ વર્ષની પક્ષીય લોકશાહીનો અનુભવ આપણી સામે છે જ. અને તેમ છતાં પક્ષીય લોકશાહીની વાસ્તવિક્તા અને વ્યવહારનો ઈન્કાર નિવેદનમાં નથી. સંખ્યાનું મહત્ત્વ સ્વીકાર્યા પછી સચ્ચાઈનો,

ઈનકાર કરવાને કોઈ કારણ નથી. નિવેદનનું હાર્દ એટલું જ છે કે બળ-સંખ્યા કરતાં સચ્ચાઈમાં વધુ છે. થોડા પણ સાચા માણસો ધારાગૃહમાં એક સંગઠિત જૂથ રૂપે હશે તો તેમનો પ્રભાવ આખા ધારાગૃહો ઉપર પડશે. વળી આવું જૂથ સત્તાની બહાર હશે, અને શાસકપક્ષ કે પક્ષની સાચી વાતનું સમર્થન કરનારું હશે તેથી રાજકીય પક્ષોના પણ હિતમાં જ હશે. અલબત્ત, શાસક પક્ષ કે વિરોધ પક્ષની ખોટી વાતનો તો તે વિરોધ કરશે જ એટલે આવું જૂથ રાષ્ટ્રીય અંતરાત્માને જગાડનારું અને ચોકીદારીનું કામ કરવાને વધુ સક્ષમ હશે.

ભલે શુભનિષ્ઠાથી પણ સત્તા માટેના રાજકીય પક્ષો આવી ક્ષમતા ન જ ધરાવી શકે એ નિર્વિવાદ હકીકત આટલા લાંબા વર્ષના સંસદીય લોકશાહીના અનુભવ પછી સમજાવવાની જરૂર ન હોવી જોઈએ.

વિશ્વવાત્સલ્ય : ૧-૮-૧૯૮૯

❀ ❀ ❀

## ૮ આવો, હૃદય-બુદ્ધિનો અનુબંધ જોડીએ

'લોકશાહી સુરક્ષા અભિયાન'માં વિરમગામ તાલુકાના માંડલમત વિસ્તારના ચુંવાળનાં ગામોમાં લોકસંપર્ક યાત્રા ચાલુ હતી. રૂદાતલના ખેડૂત પટેલ રતિભાઈને યાત્રામાં સાથે લેવાના હતા. એમણે કહ્યું :

"આજ તો મારાથી નહિ અવાય. એયડા (એરંડા) પેરવા (વાવવા) છે અને બિયારણ લાવ્યો છું એ બાતલ (ખરાબ ભેળસેળવાળું) છે એટલે બદલાવવા જવું છે."

"બાતલ છે એ કેમ જાણ્યું ?" અમે પૂછ્યું.

"ખેતરમાં પેરતાં (વાવતાં) પહેલાં થોડા એયડાના બીને એક ચાહ (ચાસ)માં વાયાંતાં (વાવ્યાં હતાં) એમાંથી અર્ધા જ ઊગ્યાં, અર્ધા ના ઊગ્યાં બાતલ જયાં. એટલે ખબર પડી કે બી ચોખ્ખું નથી. ભેળસેળ છે. મોંઘુદાટ બી લેબલ શુદ્ધનું છે. મોં માગ્યા ભાવ આપ્યા. તોય આવું નીકળ્યું."

"તે અર્ધા તો અર્ધાયે ઊગશે ને ? એ જ બી વાવો ને ? દાડો બગડશે, ખર્ચ થશે, અને ખાતરીનું બીજું મળશે કે કેમ ? અમે એમને સમજાવવા માંડ્યા.

"વાત તો સાચી કે બે દા'ડા બગડશે. ખર્ચોયે થશે પણ બી તો સાવ ચોખ્ખું ખાતરીનું જ જોઈએ. આવું ભેળસેળિયું બી તો વવાય જ નહિ. એક ઠેકાણે ખાતરી કરેલું થોડુંક છે એ લાવીને વાવવું છે પણ આને તો પાછું જ આપવું છે." રતિભાઈએ અમને સમજાણ આપી.

"પણ તમારે તો વધુ જોઈએ અને આ તો થોડુંક જ મળશે ને ?"

"જુઓ બિયારણ તો શુદ્ધ જ જોઈએ થોડું હશે તો થોડું, ખેતરના એક ખૂણામાં વાવીશું. બીજા ભાગમાં બીજું વાવશું. ઓણ એક ખૂણામાં વાવેલું એકના અનેક કરશે અને આવતી સાલ મારી ખાતરીનું અને મારું જ પેદા કરેલું બી મને તો મળશે પણ બીજાનેય આપી શકીશ. એકાદ વરસ જેમ તેમ આમ રોડવી લઈનેય બી તો સુધારવું જ પડે ને ?"

રતિભાઈની વાત એમના ખેતરની ખેતી સુધારવા માટેની હતી. પણ એમને એમની વાતમાંની રાષ્ટ્રની ખેતી સુધારવાની ચાવી હાથ લાગી. આજે લોકશાહીનું બિયારણ જ બગડેલું છે. એને સુધારવાની પ્રથમ જરૂર છે.

અમે રતિભાઈને આગ્રહ કર્યો કહ્યું :

"આ દેશની ખેતી પણ ચોખ્ખા બિયારણ વિના બગડી છે. તેને સુધારવામાં તમે અમારી સાથે રહો અને સમજાવો કે સુધારો કેમ થાય. એકાદ બે દિવસ બી બદલવામાં મોડું ભલે થાય. હજુ તમારી ખેતીને સમય છે, પણ આ દેશની ખેતી માટે વધુ સમય નથી. ખૂબ મોડું થયું છે. બે દિવસ સાથે આવો." અને રતિભાઈ સાથે આવ્યા. એમની વાતોની સમજણના વધુ પ્રકાશમાં અમને નવી અને સચોટ દલીલો સૂઝી.

દેશની લોકશાહીમાં લોકો, લોક પ્રતિનિધિઓ, પક્ષો, સરકારો, સરકારી આયોજનો અને કાર્યક્રમો, એનો અમલ કરનારું તંત્ર અને સમગ્રપણે રાજનીતિ અને રાજ્યપદ્ધતિ આ બધું જ, સર્વાંગ મહદ્અંશે કાગળ ઉપરના લેબલો જેવા રહ્યા છે. અંદરનો માલ મોટાભાગનો બગડી ગયેલો છે. લોકશાહી શાસન વ્યવસ્થાનું બિયારણ જ ભેળસેળિયું છે. મોટાભાગનું બાતલ જેવું છે. પાક સારો લણવો હોય તો ચોખ્ખું વિયારણ શોધવું પડે. થોડું મળે તો થોડું પણ, એ લાવીને એકાદ ખૂણામાં વાવવું પડે. ચોખ્ખું છે. ભેળસેળ નથી એની ભલે ખાતરી કર્યા પછી પણ વાવવું તો પડે.

બધા ખેડૂતો આમ નથી કરતા સમજાણા થોડાક હોય તે તો આમ કરે જ છે. પરંતુ બાકીના બધા જ ખેડૂતો પણ બાતલ પડશે માનીને વાવવાનું બંધ તો કરતા નથી જ. ખપેડી કે ઉંદર કે જીવાત કે તીડ ખાઈ જશે, વરસાદ નહિ આવે, રેલ આવશે ને બોળાણ થઈ જશે, હિમ આવશે ને બળી જશે, રોગ આવશે એમ અનેક જોખમોના ભયે ખેતી બંધ નથી કરતા વગર બાંયધરીએ અને વગર પ્રમાણે બુદ્ધિ પ્રામાણ્ય વિના જ ખેતી ચાલુ જ રાખે છે.

કારણ ?

ખેડૂતે જાતે ખેતીકામ કર્યું છે. હજ્જારો વરસનો એને અનુભવનો સંસ્કાર છે અને તેથી તેની શ્રદ્ધા જીવંત છે. એકાદ બે નહીં સાત સાત દુકાળો પડવા છતાં એની શ્રદ્ધા અડોલ રહી શકે છે. એ ખેતી ચાલુ રાખે જ છે. આ બળ કેવળ બુદ્ધિનું નથી.

ખેતીકામ માટે જોઈતી બુદ્ધિ તો એનામાં છે જ, પણ બુદ્ધિ સાથે પેલું જીવંત શ્રદ્ધાનું હૃદયબળ કે જે આત્મબળની નજીકનું છે એ હાર્દિક શ્રદ્ધાબળ પણ ખેડૂત પાસે છે. અને તેથી રતિભાઈના બાતલ બિયારણ અને ચોખ્ખા બિયારણનો દાખલો આપીને લોકશાહી શાસનને શુદ્ધ કરવાની અને રાષ્ટ્રની ખેતી સુધારવાની વાત ગામડું તરત દિલથી સ્વીકારી લે છે.

એક તરફ બુદ્ધિ પ્રમાણ માગતી ઊભી રહી છે. બીજી તરફ હૃદય શ્રદ્ધા બળે ચાલવા મથે છે. પણ પગમાં શક્તિ નથી. આ વાતની જીવંત પ્રતીતિ થતાં ધૂંધળા વાતાવરણમાં કંઈક નવો પ્રકાશ મળ્યો.

આ વખતના પ્રવાસમાં આમ મોટું કામ થયું. ગામડાં પાસે વ્યાપક એવા રાજકારણના ક્ષેત્રને સર્વાંગી રીતે સમજવા જેટલી બુદ્ધિ નથી એ વાસ્તવિક્તાનો સ્વીકાર કરવો જ રહ્યો. આ ખૂટતી કડીની પૂર્તિ, કસ્બા અને શહેરોના બુદ્ધિમાનો કરી શકે અને અમારું કહેવું છે કે, એ કામ કસ્બા અને શહેરોએ કરવું જોઈએ.

અને એ કરવું હોય તો, 'આ અવ્યવહારુ છે', 'અશક્ય છે', 'રાજકીયપક્ષ, બનાવ્યા સિવાય', 'સત્તામાં ગયા સિવાય', 'માત્ર થોડાક કદાચ જાય તો યે કંઈ વળે નહિ' વગેરે બૌદ્ધિક સ્તરની દલીલોથી શંકા અને અશ્રદ્ધાથી આ કામ થઈ શકશે નહિ. પ્રથમ બુદ્ધિથી પ્રમાણ માગશો તો પ્રમાણ આપી શકાય એવું બુદ્ધિનું આ કામ નથી. પ્રયોગ કરીને અનુભવ સિદ્ધ હૃદયગત કરવાની વાત છે. ગામડાં પાસે હૃદયની શ્રદ્ધા છે કસ્બા અને શહેરો પાસે આ કામની બુદ્ધિ છે. બંનેની જરૂર છે. સમન્વય થાય, અનુબંધ જોડાય એ જરૂરી છે.

ગુજરાતના અને દેશના પણ બૌદ્ધિકોને નમ્રપણે અનુરોધ અને વિનંતી છે કે,વંચાતા નહિ, બોધાતા નહિ, રચાતા આ ઈતિહાસનાં પાનાંઓમાં આપનાં પણ ભલે થોડાં તો થોડાં પાનાંઓ લખાય એનું ભાવભર્યું ઈજન છે. પ્રયોગ કરીને પ્રમાણ મેળવવાનું આપના જ હાથમાં છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૯-૧૯૮૯

❀ ❀ ❀

## ૯ સ્વદેશનીતિ તટસ્થ પણ સક્રિય

વિશ્વશાંતિના હિતમાં પ. જવાહરલાલ નહેરુનું મોટામાં મોટું પ્રદાન કયું ? એવો પ્રશ્ન કોઈ પૂછે તો અમારી દૃષ્ટિએ જવાબ છે : "બિનજોડાણ અને તટસ્થ વિદેશનીતિ."

દરેક રાષ્ટ્ર પોતાની સલામતી અને રક્ષણને અગ્રતાક્રમમાં પ્રથમ નંબરે રાખે. કસોટીની પળોમાં સમર્થન, (હૂંફ સહકાર અને મદદ મળે એ માટે જોડાણો લશ્કરી

કરારો વગેરે દેશો દેશો વચ્ચે થતાં હોય છે. આ કે તે જૂથ કે પક્ષ સાથે આમ સંકળાવું એ વિશ્વમાન્ય રાજનીતિ છે.

પંડિત નહેરુમાં વિશ્વરાજકારણની સૂઝ સમજ હતી. પ્રવાહોને પારખવાની દૂરંદેશી હતી. વિજ્ઞાન-ટેકનોલોજીના વિકાસની ગતિને માપવા, ઓળખવાની આર્ષદૃષ્ટિ હતી. ભારતની વિદેશનીતિને તટસ્થ અને બિનજોડાણવાળી રાખવામાં જ ભારતનું સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતા તેમ જ સલામતી અને રક્ષા છે એ એમને હૈયે વસી ગયું હતું.

વિશ્વરાજકારણમાં થતી સત્તાબળની સ્પર્ધામાંથી જે તે રાષ્ટ્રો બહાર આવે એવી સ્થિતિ નિર્માણ કરવામાં આ કે તે જૂથ કે પક્ષને પલ્લે વજન નાખ્યા વિના વિશ્વની સહિયારી સમસ્યાઓના ઉકેલમાં સહિયારો પુરુષાર્થ કામે લગાડવો જોઈએ. આવો પુરુષાર્થ વિશ્વશાંતિને નજીક લાવવામાં ઉપયોગી નીવડે.

આવું કંઈક રહસ્ય આ વિદેશનીતિના ગર્ભિતાર્થમાં પડ્યું હશે તે હવે કંઈક છતું થતું દેખાય પણ છે.

કોઈપણ નીતિ સંપૂર્ણ હોઈ શકે એવું ન પણ બને. અમલમાં પણ ભૂલ થઈ શકે. પણ એકંદર મૂલ્યાંકન કરતાં, આ નીતિ ભારતની સલામતી અને રક્ષાના પ્રબંધોમાં ઉપકારક બની છે. એટલું જ નહિ વિશ્વશાંતિની પરિસિમાઓ વિસ્તારવામાં પણ આ નીતિએ મહત્ત્વનો પ્રભાવ પાડ્યો છે એમ કહેવામાં કશું અનુચિત નથી.

આ વિદેશ નીતિનાં લક્ષણો સમજવા જેવાં છે.

**તટસ્થનો** અર્થ તટ (કિનારો) ઉપર ઊભા રહીને તમાશો જોવા એમ હરગીજ નથી. પાણીમાંના કમળની જેમ ભીંજાયા વિના તરીને પાર ઊતરવું, તટસ્થતા ખરી પણ સક્રિય-નિષ્ક્રિય કે વાંઝણી નહિ.

**બિન જોડાણ** એટલે પ્રવાહથી અલગ પડવું એમ નહિ. ખોટી દિશાના પ્રવાહની સાથે ન તણાતાં અવળી દિશામાં વહેતા પ્રવાહને સાચી દિશામાં વાળવો. અને જરૂર પડ્યે એ માટે સામા પૂરે પણ તરવું.

**નિષ્પક્ષ** શબ્દમાં પક્ષ શબ્દ છે. પક્ષીને પાંખ હોય છે માટે જ તે ગતિશીલ છે. ઊડી શકે છે. પાંખ, પંખ, પક્ષ ન હોય તો તે સ્થગિત થઈ જાય.

તે પક્ષ કરશે. પણ કોનો ? આ કે તે વ્યક્તિનો કે જૂથ છે તો સમર્થન, અને ખોટું કે અન્યાયી છે, તો વિરોધ.

આ નીતિને પરિણામે વિશ્વના સો ઉપરાંત દેશો આવા સંગઠનમાં સામેલ થયા છે. વિશ્વના રાજકારણમાં એનો પ્રભાવ પણ પડે છે.

અમને લાગે છે કે, ભારતના રાજકારણમાં મતલબ આપણી સ્વદેશનીતિમાં પણ વિદેશનીતિનાં આ તત્ત્વો અપનાવી લેવા જેવાં છે.

---

પક્ષ સિવાય કામ ન કરી શકાય. કામ કરવા પક્ષની બહુમતી જોઈએ. કોઈ એક પક્ષને બહુમતી મળે તો એને બીજા પક્ષની ગરજ ન પડે. બીજા પક્ષો કે જૂથો સમજૂતી જોડાણ અને બળાબળના મુકાબલાથી સત્તા ન હોય તો મેળવવા અને હોય તો ટકાવવા મથતા હોય છે.

આમ રાજકારણમાં આ કે તે જૂથ કે પક્ષોની આ રીતરસમનો ૪૦ વર્ષની આઠ ચૂંટણીઓ થઈ એના અનુભવ આપણી સામે છે.

આગામી નવમી ચૂંટણીમાં વિદેશનીતિનાં આ તત્ત્વો સાંકળી શકાય તો અમને લાગે છે કે, પક્ષીય લોકશાહીને ગતિ આપવામાં અને એનો વિકાસ કરવામાં જે પરિબળ ખૂટે છે તેની પૂરકબળ તરીકે પૂર્તિ થઈ શકે.

આ પૂરકબળ શાની પૂર્તિ કરશે ? શું ખૂટે છે ?

મુદ્દાઓ જોઈએ :

**(૧) નિષ્પક્ષ** : શાસક પક્ષ કે વિપક્ષ કે કોઈની સાથે સમજૂતી નહિ, જોડાણ નહિ.

**(૨) તટસ્થતા** : સરકાર રચવામાં કે તોડવામાં ભાગ ન લેવો.

**(૩) સક્રિયતા** : લોકહિતનું સમર્થન લોકોના અહિતનું હોય ત્યાં વિરોધ.

**(૪) નિસ્પૃહતા** : સત્તાની સ્પર્ધા નહિ, ભાગીદારી પણ નહિ.

**(૫) મૂલ્યનિષ્ઠા** : વ્યક્તિગત કે પક્ષગત નહિ, પણ વસ્તુગત એટલે કે જે, તે પ્રશ્નના ગુણદોષ પર મૂલ્યાંકન કરવું.

આજના વિષમ ખાડે ગયેલા રાજકારણને સાચી દિશા આપવામાં આવું પૂરક રાજકીય પરિબળ અનિવાર્ય જણાય છે.

પક્ષોને હઠાવવા-બેસાડાવની રમત પક્ષીય લોકશાહીમાં ભલે ચાલે. વિદેશનીતિમાં નહેરુએ આગવું પ્રદાન આપ્યું એમ સ્વદેશનીતિમાં આવી સક્રિય તટસ્થ અને બિનજોડાણનીતિ સ્વીકારીને ભલે થોડાકથી પણ શરૂઆત કરી દેવી જોઈએ. સંખ્યાનો નહિ પણ ઉપર પાંચ લક્ષણો આપ્યાં એ મૂલ્યોનો જ સમાજ ઉપર વહેલો મોડો પ્રભાવ પડવાનો છે.

સમાજહિતચિંતકો અને રાજ્યશાસ્ત્રના પંડિતો વિચારશે ?

વિશ્વવાત્સલ્ય : ૧૬-૯-૮૯

❀ ❀ ❀

## ૧૦ યા હોમ કરીને પડો ફતેહ છે આગે !

આજે મહાત્મા ગાંધીજીના જન્મદિનનો પવિત્ર દિવસ છે.

મુનિશ્રી સંતબાલજી ગાંધીજીનું નામ લેતા ત્યારે કોઈ કોઈ વખત 'પૂજ્ય ગાંધીજી' એમ કહેતા.

'ભાલ નળકાંઠા પ્રયોગ'ની ઓળખ આપવામાં 'ગાંધી પ્રયોગના અનુસંધાનમાં શરૂ થયેલો પ્રયોગ' એમ ઉલ્લેખ કરતા.

ગાંધીજી તો આવા સંબોધન-ઉલ્લેખથી જાણકાર ક્યાંથી હોય ?

પણ પ્રયોગમાં સામેલ અમે અતિનમ્રપણે, કશી લાઘવ કે ગૌરવ ગ્રંથી સિવાય, પૂરા આત્મવિશ્વાસથી આદર અને વિનયપૂર્વક આજે ફરી એકવાર કહીશું કે -

હા ! ભાલ નળકાંઠા પ્રયોગ એ ગાંધીજીના પ્રયોગોના અનુસંધાનમાં શરૂ થયેલ પ્રયોગ છે.

આમ અમે કહીએ છીએ ત્યારે આમ કહેવામાં રહેલી જવાબદારીના પૂરા ભાન સાથે કહીએ છીએ.

આ જવાબદારી સ્પષ્ટ છે કે ગાંધી ચિંધ્યા માર્ગે સમાજપરિવર્તન કરીને ક્રાંતિકાર્યને સંપૂર્ણ ફળદાયી બનાવી સિદ્ધિ મેળવવી હોય તો, પ્રયોગકારોએ પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાનો ભોગ આપીને પણ પુરુષાર્થ પૂરેપૂરો કરવો જ પડે. અને ફળ નિયતિને આધીન છે એમ સમજીને આપણા હાથમાં છે તે પુરુષાર્થ કરવામાં જ સંતોષ સમાધાન મેળવવાં પડે.

ગાંધીજીએ રાજકારણને ધર્મકારણના એક અંગ તરીકે જોયું જાણ્યું અને પ્રમાણ્યું હતું. સંતબાલજી પણ જીવનના છેલ્લા શ્વાસ સુધી રાજકારણની શુદ્ધિ માટે મથ્યા હતા, વર્ષો પહેલાં સંતબાલજીએ કહ્યું છે :

"રાજકારણમાં પણ શુદ્ધિ લાવવી જ જોઈએ, કારણ કે વર્તમાનમાં વ્યાપક ક્ષેત્રે તો રાજકારણ જ છે તેથી તેમાં શુદ્ધિ લાવીને પછી જ આગળ વધી શકાય તેમ છે ?" (વિ.વા. ૧૬-૩-૮૨) સંતબાલજીના આ અધૂરા રહેલા કાર્યને પૂરું કરી ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવાનું સહજ કર્તવ્ય ભાલ નળકાંઠા પ્રયોગને સહેજે પ્રાપ્ત થયું છે તેથી એ કામ કરવાને પ્રયોગ સંસ્થાઓ-કાર્યકરો સજ્જ બન્યા છે.

અમારી હેસિયત અને અમારું ગજું અમે જાણીએ, સમજીએ છીએ, પણ આ કામ માત્ર અમારું કે ભાલ નળકાંઠાનું જ નથી. આ કાર્ય ભગવાનનું છે. લોકોનું છે; સાર્વજનિક છે; સાર્વજનિક હિતનું છે; સર્વના ઉદયનું છે; સર્વોદયનું છે.

અમે તો એક અલ્પમાત્ર નિમિત્તરૂપ છીએ એટલું જ અને તેથી અમને શ્રદ્ધા અને ખાતરી છે કે, અમે એકલા નથી. લોકશાહી સુરક્ષા અભિયાન દ્વારા રાજકારણની શુદ્ધિનો એકડો આજે જ લખાઈ રહ્યો છે. ઘૂંટાઈ રહ્યો છે. દેશભરમાં કદાચ આ રીતે પ્રથમ એકડો મંડાય છે. એને સમાજનાં સહુ શુભ બળોનો ટેકો અવશ્ય મળશે જ એવી શ્રદ્ધા, આશા અને ખાતરી પણ છે.

આ એકડા ઉપર મીડું પણ ચડે એવી શક્યતા પણ ગુજરાતમાં તો છે જ.

ગુજરાતના શાણા સમજુ આગેવાનો પોતપોતાના મત વિસ્તારોમાં શ્રદ્ધાપૂર્વક કામે લાગી જાય.

યા હોમ કરીને પડો ફતેહ છે આગે !

૨-૧૦-૧૯૮૯, ગાંધી જયંતી

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૦-૮૯

❀ ❀ ❀

## ૧૧ ધારાગૃહની અંદર પણ સત્તાની બહાર

લોકશાહી શાસન વ્યવસ્થા ગતિમાન અને વિકાસશીલ રહે એ માટે એમાં સંશોધન અને પ્રયોગો થતા રહેવા જોઈએ.

'રાજકીયપક્ષ' નહિ પણ 'રાજકીય પરિબળ' એવો શબ્દપ્રયોગ 'ભાલ નળકાંઠા પ્રયોગ' કરે છે અને એ શબ્દ કાર્યમાં પરિણમે એમ 'કાર્યપ્રયોગ' પણ કરે છે ત્યારે એ લોકશાહીના વિકાસ અને ગતિશીલતા માટેનો પ્રયોગ જ કરે છે.

લોકશાહીની પ્રચલિત અને ચીલા ચાલુ વ્યાખ્યા અને સ્વરૂપમાં શાસકપક્ષ વિપક્ષની સત્તા લેવી - ટકાવવાની રમત અને હટાવવા-બેસાડવાની વ્યૂહરચના માન્ય છે. રાજકીય પક્ષો એ કરે જ છે. સત્તાનાં સૂત્રો ગમે તે પક્ષ સંભાળતો હોય પણ "સત્તા"ની પ્રકૃતિથી પર બનવું ખુદ રાજકીય પક્ષો માટે શક્ય નથી અને તેથી શાસનકર્તાઓ જે કોઈ હોય તેમના પર સમાજનો નૈતિક પ્રભાવ અને અંકુશ રાખવો જરૂરી છે.

સત્તાની બહાર હોય તે જ આવો અંકુશ રાખી શકે એ કબૂલ.

પણ સવાલ અહીં આવે છે સત્તાની બહાર એટલે ધારાગૃહની બહાર. એક રીતે આ અર્થમાં તથ્ય છે. ધારાગૃહ સત્તાસ્થાનનું ગૃહ છે. એટલે ધારાગૃહમાં પ્રવેશ એટલે જ સત્તાની અંદર પ્રવેશ એમ અર્થ થાય.

પણ આ અર્થ એકાંતિક છે.

લોકશાહી વર્તમાન કાળે સાવ ખાડે જઈને તળિયે બેઠી છે તેને છેક ધરતીમાં ગરક થતી બચાવીને ખાડામાંથી બહાર લાવવી હોય તો ભલે થોડીક વ્યક્તિઓએ ધારાગૃહમાં પણ જવું પડે એવી નાજુક ગંભીર અને તત્કાલીન જવા જેવી સ્થિતિ છે. અલબત્ત, એમણે ધારાગૃહમાં જઈને સત્તા સ્થાનો પ્રધાન કે ચેરમેન પદે કે એવાં જ કોઈ લાભવાનાં સત્તાસ્થાનો પર બેસવાનું નથી. સદાચાર દ્વારા ભ્રષ્ટાચાર રોકવાનો છે. કશી અપેક્ષા નહિ હોવાથી કોઈનીયે શેહ શરમ કે અહેસાન નીચે આવવાનું આવા સભ્યો ટાળી શકશે. સાચનું સમર્થન કરી શકશે. જૂઠનો વિરોધ કરી શકશે. પક્ષની શિસ્ત એને નડશે નહિ. પ્રજાની શિસ્ત એણે સ્વેચ્છાએ સ્વીકારી છે.

આવા થોડાક પણ માનો કે ધારાગૃહની કુલ સંખ્યાના ૧૦ ટકા સભ્યો હોય તો ધારાગૃહોનું વર્તમાન સ્તર અવશ્ય ઊંચુ આવે.

ધારાગૃહમાં જવું સત્તાની બહાર રહેવું અને સમાજનો નૈતિક પ્રભાવ ધારાગૃહોમાં પાડવો એ તદ્દન વ્યવહારુ અને શક્ય છે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૦-૮૯

❀ ❀ ❀

## ૧૨ સત્તાબળનો ક્યાં સ્વીકાર, ક્યાં ઈન્કાર

'વિશ્વવાત્સલ્ય' તા. ૧-૧૨-૯૦ના અંકમાં "ધારાગૃહોની અંદર પણ સત્તાની બહાર" મથાળા નીચે આપેલી નોંધ વિષે મિત્રનું કહેવું છે :

"ધારાગૃહો છે જ સત્તાનું ઘર. એમાં પ્રવેશ કરવો એટલે જ સત્તાનો સ્વીકાર. આમ સત્તાબળનો સ્વીકાર કર્યા પછી સત્તાબળનાં સ્થાનો ન સ્વીકારવાં હોય તો પછી ધારાસભામાં જવું જ શા માટે ? આ તો એક સાથે સ્વીકાર અને ઈન્કાર કરવા જેવું છે. કંઈ બુદ્ધિમાં ઊતરે તેવું નથી."

આ મિત્રની જેમ બીજા કેટલાક મિત્રો પણ આ જ મતલબની વાત કરે છે. બેંગ્લોરથી શ્રી નવીનભાઈ મહેતાએ તો એક લાંબા પત્રમાં પોતાના પ્રતિભાવો લખ્યા છે તે આ અંકમાં આપ્યા છે.

પ્રથમ એ સમજી લઈએ કે સ્વીકાર અને ઈન્કારનો વ્યવહાર એક સાથે થઈ શકે ? હું ખાતો હોઉં છતાં ખાતો નથી એમ કહી શકાય ? જવાબ સ્પષ્ટ 'ના' છે. ખાઉં છું એ હકીકત જ છે. પછી ઈન્કાર કરવાનો હોય જ નહિ.

પરંતુ ચૂંટાઈને સત્તાના ઘર એવા ધારાગૃહોમાં પ્રવેશ કરવો અને ત્યાં ગયા પછી સત્તાસ્થાન ન સ્વીકારવા એ બંને જુદી વસ્તુ છે. સ્વીકાર અને ઈન્કાર કોઈ એક જ ક્રિયા કે એક જ વસ્તુ માટે નથી. બંને બાબત અલગ અલગ છે. સ્વીકાર ધારાગૃહમાં પ્રવેશ કરવા પૂરતો જ છે, સત્તા સ્થાન લેવાનો નથી. પ્રવેશ પછી સત્તા ન સ્વીકારવા છતાં સક્રિયપણે કામ તો કરવાપણું છે જ, ઈન્કાર સત્તાસ્થાન પૂરતો જ છે.

એક દાખલો જોઈએ.

રસોડામાં જવું પણ એ રસોડાની રસોઈ ન ખાવી, એવો આનો અર્થ છે. ઉપવાસ કરવાની વાત જ નથી. રસોડાના બહાર પોતાને અનુકૂળ રસોઈ જમીને રસોડામાં જવું અનિવાર્ય જરૂરી હોવાથી રસોડામાં પ્રવેશ કરવાની વાત છે. શા માટે જવું અનિવાર્ય છે ? શું કારણ છે ?

આ રસોડાની રસોઈ બનાવનાર રસોઈઆ પોતે જ રસોઈના ગુણદોષ અને ખાવાપીવાનો વિવેક સાવ વીસરી ગયા છે. એમની સ્વાદવૃત્તિ છેક જ બહેકી ગઈ છે. પથ્યાપથ્ય કે ખાદ્યાખાદ્યનો ભેદ ભૂલી ગયા છે. અખાદ્ય અને અપથ્ય એવું ભોજન

બનાવે છે. અકરાંતિયાની જેમ ખાધે રાખે છે. વધીઘટી રસોઈ બહાર મોકલે છે ખરા પણ એનાથી તો ઊલટું પ્રદૂષણ વધે છે.

રસોડું માન્ય, પણ રસોઈને સુધરવું પડે, રસોઈ સારી બનાવે. વિવેકથી પોતે વાપરે. બહાર પણ મોકલે. રસોઈ પથ્ય હોય. સ્વાદિષ્ટ હોય. બહાર મોકલેલી રસોઈ જે ભૂખ્યા છે તેમના જ ભાણામાં પીરસાય અને તેમના પેટ સુધી પહોંચે. એ કામ આ રસોઈઆ ન કરે. એ માટે બીજી સુયોગ્ય વ્યવસ્થા કરવી પડે.

આવું કામ કરવા માટે રસોડામાં જવાની આ વાત છે. શરીર છે. ભૂખ લાગે જ છે. આહાર આપવો અનિવાર્ય છે. સ્વાદવૃત્તિ પર વિજય નથી મેળવ્યો. હોજરીમાં પાચન થાય છે. તેમ સડો પણ થાય છે. તો શું ખાવું બંધ કરવું ? ઉપવાસ કરવો ? ના. ખાવું અનિવાર્ય છે. માટે રસોઈ કરવી જ પડે. દાઢે છે માટે રસોઈ ન કરવી ? ના. રસોઈ કરવી અનિવાર્ય છે. રસોઈમાં ખાવામાં પથ્યાપથ્ય ખાદ્યાખાદ્યનો વિવેક વાપરવો જ પડે. સ્વેચ્છાએ સંયમ ન રખાય તો આકરા થઈને અંકુશ મૂકવો જ પડે. વ્યવહાર આમ જ ચાલે છે.

સત્તાબળનું આવું જ કંઈક કરવું પડે.

સત્તાબળ અનિવાર્ય છે. લોકશાહીમાં પણ એ માન્ય છે, એને માટે ચૂંટણી છે. ધારાગૃહો છે. સત્તાનાં સ્થાનો છે.

બંધારણ, કાનૂન, સરકાર, તંત્ર બધું જ માન્ય છે.

એ ભલે ગમે તેમ ચાલે એમ માનીને એનાથી અલગ કે અસ્પૃશ્ય રહેવાની જરૂર નથી.

અમારું કહેવું એટલું જ છે કે, આ રાજ્યસત્તાની પ્રકૃતિ સડવાની છે. બગડવાની છે. જૂનું પ્રાચીન એક સૂત્ર છે : "રાજેશ્રી તે નરકેશ્રી" જે રાજા રાજ કરે તે નર્કમાં જાય જ કોઈપણ એનાથી બચી શકે નહિ. ધર્મરાજા યુધિષ્ઠિરને પણ છેવટે નર્કના દ્વારે જઈને એની દુર્ગંધ સહેવી જ પડી હતી ને !

નવું અર્વાચીન સૂત્ર છે જ ને કે, "સત્તા માત્ર ભ્રષ્ટ કરે છે. ઓછી સત્તા ઓછી ભ્રષ્ટતા. વધુ સત્તા વધુ ભ્રષ્ટતા."

સત્તાની આ પ્રકૃતિ છે. પ્રકૃતિ વિરલ વ્યક્તિના અપવાદ સિવાય બદલાતી નથી.

હવે જો સત્તાબળ જ્યાં સુધી અનિવાર્ય છે તો ત્યાં સુધી શું કરવું ?

મતદાર એવા લોકોએ શું કરવું ?

સત્તા દ્વારા પરિવર્તનમાં માનનારાઓએ શું કરવું ? સત્તા દ્વારા નહિ પણ લોકો દ્વારા પરિવર્તનમાં માનનારાઓએ શું કરવું ? આવા આવા પ્રશ્નો છે જ.

એનો જવાબ મેળવવા કેટલાક વિકલ્પો છે. દા.ત. (૧) નવીનભાઈ મહેતા લખે છે તેવો નવો પક્ષ બને.

આ પક્ષ રાજકીય પક્ષ છે. એનું છેવટનું નિર્ણાયક બળ સત્તાબળ છે એટલે કે પોલીસ અને લશ્કર છે. આમ છતાં એ પક્ષ મૂલ્યનિષ્ઠા ધરાવતો હશે અને સાધન શુદ્ધિમાં માનતો હશે એટલે એણે સત્તા અને વહીવટનું હાલ કેન્દ્રીકરણ છે તેનું છેક ગામડાં સુધી વિકેન્દ્રિકરણ કરવું પડે. આવું વિકેન્દ્રિકરણ યથાર્થ અને અસરકારક બને એ માટે શાસને અને શાસકપક્ષે તેમ જ રાજકીય પક્ષોએ ધારાગૃહો સિવાયના તમામ ક્ષેત્રોમાંથી હઠી જવું જોઈએ. તો જ સત્તા અને વહીવટ લોકોના હાથમાં આવે.

આ સત્તા અને વહીવટનો સારામાં સારો ઉપયોગ કરી શકે એવી હૂંફ લોકોને મળે અને અસામાજિક તત્વો ગેરલાભ ન લઈ શકે એવો પ્રબંધ પણ સાફ દાનતથી આવા પક્ષે કરવો જોઈએ.

(૨) આવો પક્ષ પણ સત્તાપક્ષ હોવાથી એ પક્ષને પણ સડો લાગવાનો છે. અને એ પોતે પોતા પર અંકુશ નહિ રાખી શકે. રાજકારણની વાસ્તવિક્તાઓને વશ એણે બનવું પડે. તેથી એણે પોતા પર બહારનું બીજાનું નિયંત્રણ સ્વીકારવું જોઈએ પાંચ વર્ષે થતી ચૂંટણીમાં મતદારોનું દબાણ આવે છે, પણ હવે હાલની પરિસ્થિતિમાં માત્ર તે દબાણ પૂરતું નથી. રોજેરોજના નિયંત્રણની જરૂર છે. તેથી ધારાગૃહમાં પણ શાસક પક્ષ ઉપર નિયંત્રણ રાખી શકે એવા દશેક ટકા સભ્યો ચૂંટાઈને આ હેતુથી જ જાય.

ઉપર ક્રમ (૧) માં જણાવેલ છે તેવો પક્ષ ચૂંટણીમાં દશેક ટકા બેઠક આવા સત્તામાં ન જનારા સભ્યો માટે ખાલી રાખે અને બીન શરતે તેમનું સમર્થન પણ કરે. આ દશ ટકા સભ્યો ધારાગૃહોમાં જશે. શાસકપક્ષની સાચી વાતનું સમર્થન કરશે. ખોટી વાતનો વિરોધ કરશે. સત્તાની સ્પર્ધામાં તે નહિ હોવાથી એમનો પ્રભાવ પણ પડશે.

(૩) આ દશ ટકા સભ્યોની શક્તિ ઉપરાંત ધારાગૃહોની બહાર લોકોના નૈતિક, સામાજિક સંગઠનોની સત્યાગ્રહની શક્તિનું બળ પણ પેદા કરવું પડશે. એકલા ધારાગૃહોના પ્રવેશથી ચાલશે નહિ.

(૪) લોકોની સત્યાગ્રહ શક્તિ ખીલે, સંગઠિત બને, સક્રિય બને એ કામ લોકસેવકોએ કરવું પડે. આવા લોકસેવકો ધારાગૃહમાં ન જાય. લોકોની વચ્ચે રહે અને કામ કરે.

(૫) આમ લોકો, લોકસેવકો અને ધારાગૃહમાં જનારા આ દશ ટકાવાળા સભ્યો વચ્ચે સંકલન અનુબંધ જોડવાનું કામ પણ કરવું પડે. જેથી "જ્યાં જ્યાં જે યોગ્ય હોય, ત્યાં ત્યાં તે તે" પોતપોતાનું સ્વકર્તવ્ય બજાવે.

આ કામ આ ત્રણેથી પર ઊંચે ઊઠેલી વ્યક્તિઓ જ કરી શકે. જે નિષ્પક્ષ,

તટસ્થ અને અરાગ-અદ્વેષ વૃત્તિથી સલાહ સૂચન દોરવણી, પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે.

ભાલ નળકાંઠા પ્રયોગમાં આને મુનિશ્રી સંતબાલજી લોકશાહીના વિકાસ અને તેની ગતિશીલતા માટેનાં પૂરક, પ્રેરક અને માર્ગદર્શક બળ તરીકે ઓળખાવતા હતા.

અમારી રુચિ, રસ અને પ્રકૃતિ ઉપર ક્રમ (૧)માં જણાવેલ રાજકીય પક્ષ બનવાની કે બનાવવાની નથી. ધારાગૃહોમાં દશ ટકા જવાની વાત ઉપર લખી છે એમાં પણ અમારા જેવાની પ્રકૃતિ કામ આપે તેમ નથી. પણ આવા દશ ટકાને મોકલવા લોકો તૈયાર થાય તે માટે લોકમત તૈયાર કરવાનો પ્રયાસ કરવાનું કામ અમે કરી શકીએ ખરા. પણ અગાઉ કહ્યું છે તેમ ફરી અહીં કહી લઈએ કે અમારી એકલાની શક્તિથી હવે એ થઈ શકે એવી પરિસ્થિતિ રહી જ નથી.

જેમને જેમને આજની પરિસ્થિતિની ચિંતા હોય એમણે પોતાના ચિંતનમાં આ વાતોને ચિંતવવી સમજવી. અનુભવ જામવો અને ગડ બેસે તો પછી પ્રયોગ પણ કરવો.

જેમને જેવો રસ, રુચિ અને પ્રકૃતિ. તે મુજબ કામ કરવાની અનુકૂળતા હોય તે એ રીતે કામ કરે.

છેલ્લે એક વાત ફરી કરી લઈએ.

આગામી ચૂંટણી જ્યારે પણ આવે ત્યારે ખરી. આવી કોઈક નવરચના કર્યા વિના, સત્તાનો માત્ર હાથબદલો જ થશે. વ્યવસ્થા અને સમાજપરિવર્તન માટે સત્તાબળને અનુકૂળ બનાવી તેનો ઉપયોગ કરવાપણું એમાંથી નહિ નીપજે. નવી રચના અમે કહીએ છીએ એ જ પદ્ધતિ અને એ જ ઢાંચામાં હોય એવું યે નથી. મૂળભૂત તત્ત્વ સમજાય તો પદ્ધતિ અને માળખામાં તો ફેરફાર કરી શકાય છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૧-૧૯૯૧

❀ ❀ ❀

## ૧૩ પ્રજ્ઞાવિલોપન દૂર કરીએ

સત્તાના રાજકારણમાં નહિ માનનારા અને મૂલ્યનિષ્ટ તેમ જ રચનાત્મક રાજકારણમાં માનનારા તેમજ સામાજિક અને નૈતિક મૂલ્યોમાં દૃઢ વિશ્વાસ ધરાવનારા મિત્રો ચર્ચા કરતા હતા.

મધ્યવર્તી ચૂંટણી ચોમાસા પહેલાં થવાનો સંભવ છે એવું માનીને આગામી ચૂંટણીમાં પોતાનો રોલ શું હોઈ શકે એ વિષે સહુ પોતપોતાના વિચારો વ્યક્ત કરતા હતા.

સહુ એ મુદ્દા પર સંમત હતા કે આપણે સત્તામાં કે ધારાગૃહોમાં આપણી જાતપૂરતા ન જઈએ, પણ મૂલ્યનિષ્ઠ રાજકારણમાં માનનારા લોકો ચૂંટણીમાં ઊભા

રહે અને એ ચૂંટાઈ પણ આવે. ભલે થોડી સંખ્યામાં પણ ચૂંટાઈ આવે એવા પ્રયાસ તો કરવા જોઈએ.

ચર્ચાને અંતે કહેવાયું કે :

"ભાલ નળકાંઠા પ્રયોગે ગઈ ચૂંટણી વખતે એક વર્ષ સઘનપણે અને લગનથી લોકશાહી સુરક્ષા અભિયાન ચલાવ્યું છે. ભલે એકપણ ઉમેદવાર ઊભા ન રાખી શક્યા, પણ લોકઘડતરનું મોટું કામ થયું છે. એ અનુભવને ધ્યાનમાં રાખી આગામી ચૂંટણીમાં મૂલ્યનિષ્ઠ રાજકારણ માટે કઈ રીતે કામ ગોઠવવું ?"

મિત્રોની અપેક્ષા અમે કંઈક જવાબ આપીએ તેવી હતી. પણ એ વખતે તો કંઈ જવાબ આપવા જેવું નહિ લાગ્યું. પરંતુ મનમાં ચિંતન ચાલતું હતું. ત્યાં 'જન્મભૂમિ અને પ્રવાસ'ની પૂર્તિમાં શ્રી દર્શક-મનુભાઈ પંચોલીનો લેખ જોવામાં આવ્યો.

"સ્વતંત્રતા સમાનતાનું સખ્ય ક્યારે શક્ય ?" એ મથાળા નીચે એમની "ચિંતન-મનન" કંટારવાળા લેખમાં વર્તમાન રાજકારણનું યથાર્થ વિશ્લેષણ કર્યું છે. તારણમાં લખે છે કે -

"લોકશાહીમાં વિરોધપક્ષ કરતાં વિરોધ પ્રજ્ઞા હોય તે જરૂરી છે. પ્રશ્નો સંખ્યા બળથી નથી ઉકેલાતા તે તો પ્રજ્ઞાથી જ ઉકેલાય છે.

આ પ્રજ્ઞાવિલોપન તે આજની સ્થિતિનું મુખ્ય કારણ છે."

લેખમાં છેલ્લે જતાં દર્શક લખે છે :

"આપણે એક બીજાને સાંભળીએ સમજીએ. નાગરિકોની સ્વતંત્રતા અને સમાનતાનો કોઈ વાજબી રસ્તો શોધીએ તે લોકશાહીનું રહસ્ય છે તો જ રાજયસત્તા અંકુશિત રહે. પ્રજા બળવાન બને."

શ્રી મનુભાઈ પંચોલી (દર્શક) 'સ્વરાજધર્મ' પાક્ષિકમાં 'પડકારના પ્રત્યુત્તરો' મથાળા નીચેના લેખમાં એક ઠેકાણે લખે છે :

"ગાંધીને જિવાડવાનો બીજો ઉપાય કેન્દ્રિત રાજયસત્તાના અધિકારો ઘટે અને રાજયોના અને તેની નીચેના ઘટકોના અધિકારો વધે તેવું કરવાનો છે... આ માટે રાજકારણમાં પ્રભાવ પાડવો પડશે. સંસદમાં જઈને કે બહાર રહીને તે ગૌણ છે."

એટલે રાજકારણથી દૂર રહીને ગાંધી સામેના પડકારોનો સામનો નહિ થઈ શકે. ત્યાં જઈને કે પક્ષ રચી ત્યાં બીજાને મોકલીને જ શરૂ કરવું પડશે. ગાંધીએ આખી જિંદગી રાજકારણને ઘાટ આપ્યો હતો... હવે તો રાજકારણ કાળગ્રસ્ત વિષય થઈ ગયો છે તેમ કહેવું હકીકતથી વિરુદ્ધ છે. રાજકારણની સત્તા જ વધી છે... જોકે ત્રણ દાયકાથી ગાંધી વિચારના અગ્રણીઓ અને અનુયાયીઓએ રાજકારણને અવગણ્યું છે અને કોઈ સંગઠિત પ્રયાસ આ દિશામાં નથી કર્યા એટલે મુશ્કેલ પડશે."

શ્રી દર્શકના આ વિચારો પર ચિંતન ચાલતું હતું અને કંઈક લખવાનું વિચારતો હતો ત્યાં ભચાઉ (કચ્છ)થી દેવજી રવજી શાહનો લાંબો પત્ર આવ્યો એમાં લખે છે કે,

"... ખરેખર મૂઢતા આવી જાય છે ત્યારે સંતબાલજીનો નીચેનો શ્લોક યાદ કરવો પડે છે :

**નિમિત્તો છો મળે સારાં, નથી જ્યાં મૂળ જાગૃતિ,**
**સુક્રિયા ત્યાં વૃથા જેવી સાગરે વૃષ્ટિની અતિ.**

અંબુભાઈ ! ભલે ને આપણી સુક્રિયા વૃથા જતી દેખાય તોપણ આપણું કર્તવ્ય કાર્યકરોને જાગૃત કરાવનું બીડું ઝડપી જ લેવાનું છે. "કર્મે તારો અધિકાર, કર્મ ફળ નહિ કદી."

ખરેખર તો પૂજ્ય ગાંધીજીના રચનાત્મક કાર્યકરો કે વિનોબાજીના સર્વોદય કાર્યકરો ઉપર જગતનું ભારે આકર્ષણ હતું. પણ તેમાંથી ફળ ન નીકળ્યું. મુનિશ્રીએ સર્વોદય જગત તેમજ રાજકીય કાર્યકરો મોરારજીભાઈ દેસાઈ તથા ઢેબરભાઈ જેવા પાસે ખોળા પાથરીને સમજાવ્યું. પણ આ જૈન મુનિ અમને સમજાવનાર કોણ ? એમની કક્ષા શું ? આવા મિથ્યાભિમાનને લઈને મુનિશ્રીના અનુબંધ વિચારની વાતને ઠોકરે મારી. મુનિશ્રીનો કેવડો જબરજસ્ત પુરુષાર્થ પણ એમણે એને વ્યાપક બનવા ન દીધો. મુનિશ્રીનો મુખ્ય મદાર ગાંધી વિનોબાના ભક્તો ઉપર હતો કે આ નવી દેખાતી વાતને ઝીલવાનું બળ એમનામાં છે અને તે ઝીલશે. જૂના વિચારોવાળી કહેવાતી ધર્મસંસ્થાઓ અને તેમાં પણ કહેવાતા જૈન સંપ્રદાયોના સાધુસંતો તો પછી ખેંચાશે.

પણ આમ ન થયું. એક માત્ર ભાલ નળકાંઠા પ્રયોગ ટગુમગુ ટકી રહ્યો છે. હજી પણ મોડું થયું નથી. આ વિચાર સર્વોદય જગત સ્વીકારી લે તોય ભયો ભયો. કારણ કે ગાંધી વિચારને આગળ ધપાવવા અન્યાય સામે પ્રતિકાર શક્તિ અસરકારક રીતે ખડી કરવી છે. વિનોબા વિચારમાં કરુણા દૃષ્ટિ રહી પણ ન્યાય દૃષ્ટિની કચાશ રહી ગઈ. ઉપરાંત સર્વાંગીક્ષેત્ર અને સમગ્ર દૃષ્ટિએ કામ ગોઠવવાની પણ કચાશ રહી ગઈ. એટલે આજના આ રાજકીય યુગમાં પ્રથમ રાજકીય ક્ષેત્રની શુદ્ધિની અને પુષ્ટિની જરૂર હતી તે કરવાને બદલે તેની ઉપેક્ષા જ કરી.

પરિણામે કૉંગ્રેસ જેવી મહાન સંસ્થા તો વધુ ઉદ્ધત થઈને પડી ભાંગી. અને બીજી રાજકીય સંસ્થાનો તો પાયો જ નહોતો. એ પાયા વગરની જ હતી અને છે. તેથી હજુ પણ શુદ્ધ રાજકીય બળને અનિવાર્ય સમજીને શોધવું જોઈએ. આવી શોધ નાની છતાં સાચી દિશામાં ભાલ નળકાંઠા પ્રયોગ સંસ્થા કરે છે. આ નાના બળને

સહુના સહકારથી મોટું બનાવી શકાય છે. તે વિના છૂટકો નથી.''

નોંધ : ઉપરના ત્રણે મુદ્દાઓમાં એક મુદ્દો સમાન છે અને તે રાજકારણને સાચી દિશા આપવી અને તે માટે મથવું.

પ્રજ્ઞા વિલોપન દૂર થાય અને સંખ્યા ભલેને ઓછી હોય, શરૂઆત કરી દેવી જોઈએ એવી શ્રી દર્શકની વાત પણ ત્રણેમાં સ્વીકાર્ય જ છે.

હવે આ વિચારનું ચિંતન મનન સાથે મંથન પણ થાય અને યોગ્ય-સક્ષમ-અધિકારી-પુરુષોના હાથમાં નેતરાં હોય તો અમને તો ખાતરી છે કે માખણ મળે જ.

દેવજીભાઈ તો મુનિશ્રીના વિચારોના અનન્ય શ્રદ્ધાળુ ભક્ત છે. વળી જાત અનુભવ છે તે લખે છે : દરેક માણસ પોતે જોયેલ જાણેલ અને ચાલીને પહોંચ્યા હોય તે જ રસ્તો બતાવે. આ સિવાય પણ તે ગામે પહોંચવાના બીજા રસ્તા હોઈ શકે છે. દરેક જ્યાં ઊભા હોય ત્યાંથી જ ચાલી શકે. લક્ષ એક જ છતાં, ઊભા રહીને લક્ષ તરફ દષ્ટિ રાખનાર પરસ્પર વિરોધી દિશામાં પગલાં ભરે છે એમ દેખાય. પણ જો લક્ષ એક છે તો અને ચાલવા માંડે તો જરૂર પહોંચે ખરા.

એટલે દેવજીભાઈએ ભલે ભાલનળકાંટા પ્રયોગની વાત કરી એનો અભ્યાસ કરીને, કાર્યબોધ લઈને આગામી ચૂંટણી જયારે પણ આવે ત્યારે પણ તૈયારી રાખીને, આજના અનિયંત્રિત રાજકારણને સાચી દિશામાં અંકુશિત કરવાના કાર્યને અગ્રતા આપવાનું કામ કરવું જોઈએ.

અલબત્ત સત્તાના મેલા રાજકારણનો ભરડો એટલો જબરદસ્ત છે કે, એકલદોકલથી આ કામ નહિ થઈ શકે. આ વિચારમાં માનનારા સહુએ નમ્રતાથી, સહિયારો પુરુષાર્થ કરવો પડશે. મતાગ્રહો અને પૂર્વગ્રહો પણ છોડવા પડશે.

ગાંધી વિચારમાં શ્રદ્ધા રાખવાનો દાવો કરનારાની જવાબદારી વધુ છે એ કહેવાની જરૂર ન જ હોય.

તા. ૨૨-૨-૯૧

❀ ❀ ❀

## ૧૪ આગામી ચૂંટણીમાં શું કરવું ?

'વિશ્વવાત્સલ્ય' તા. ૧૬ માર્ચના અગ્રલેખમાં ''પ્રજ્ઞાવિલોપન દૂર કરીએ'' મથાળા નીચે મધ્યાવધી ચૂંટણીનો સંભવ જણાવી તે સંદર્ભમાં મૂલ્યનિષ્ઠ અને રચનાત્મક રાજકારણમાં માનનારાઓએ શું કરવું જોઈએ તેની ચર્ચા કરી હતી. એ લેખમાં 'દર્શક' (શ્રી મનુભાઈ પંચોલી)ના લેખનો ઉતારો આપ્યો હતો. અને એમને એ વિષે પત્ર લખ્યો હતો. પ્રત્યુત્તરમાં તેઓ લખે છે :

*પ્રિય અંબુભાઈ,*

*તમારો પત્ર મળ્યો. આનંદ થયો. પ્રજ્ઞાવાન માણસોને એકઠા કરવા અને તેમને એકબીજાના ખૂણા ઘસીને સંગઠિત રીતે ચાલતા કરવા.*

*જેનામાં આવી પ્રજ્ઞા હોય છે તેમનામાં પણ તે પ્રજ્ઞાનું અભિમાન અને આગ્રહ હોય છે. એવા કિસ્સા આપણે આપણી આજુબાજુ જોઈ શકીએ. એવાને આપણે ઊણા પ્રજ્ઞાવાન કહીએ.*

*એવા લોકોને પ્રેમથી સમજાવીએ, એક મોરચારૂપે તેઓ કામ કરે તેમ કરવું જોઈએ. અલબત્ત, હવે બહુ સમય નથી સાંજ પડી ગઈ છે."*

*તમારો,* ***મનુભાઈ***

આ પછી તો હવે લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. મેના ત્રીજા અઠવાડિયામાં તે થશે.

લેખ વાંચીને અને ચર્ચામાં પણ મિત્રો પૂછે છે :

"શું કરવું ? (તમે (ભાલ નળકાંઠા પ્રયોગ) શું કરવાના ?? મતદારો શું કરે ? કોને મત આપે ? કોને મત ન આપે કે મતદાન જ ન કરે ?" વગેરે પ્રશ્નો છે જ.

૧૬મી માર્ચના 'વિશ્વવાત્સલ્ય'માં એક રીતે આવા બધા પ્રશ્નોનો જવાબ મળી રહે એમ છેલ્લે જતાં લખ્યું જ છે. શ્રી દર્શકે પણ પોતાની પરિભાષામાં પણ એ જ વાત લખી છે.

"આજના અનિયંત્રિત રાજકારણને સાચી દિશામાં અંકુશિત કરવાના કાર્યને અગ્રતા આપવી."

આમ લખવા છતાં પાછો મોટો પ્રશ્ન ઊભો જ રહે છે. આ કામ કઈ રીતે કરવું ? મતલબ શું કરવું ?

શ્રી મનુભાઈના પત્રમાં પ્રજ્ઞાવાનોનો મોરચો રચવાની વાત છે. અને એ માટે ખૂણા ઘસવા, અભિમાન છોડવું, આગ્રહ ઓછો કે જતો કરવો વગેરે બાબતો એમણે પ્રજ્ઞાવાન પુરુષોને માટે કરી છે.

ભાલ નળકાંઠા પ્રયોગમાં પ્રત્યક્ષ કામ કરનારા અમે કેટલાક મિત્રો તો સંતબાલજી જેવા પ્રજ્ઞાવાન સંતપુરુષના ચિંધેલા માર્ગને અનુસરવાનો નમ્ર પ્રયાસ કરીએ એટલું જ. અને તેય અમારી અલ્પશક્તિ, મતિ મુજબ. સંતબાલજી તો આજે નથી. અમે બહુ બહુ તો એમના માર્ગે ચાલવાનું અનુકરણ કરનારા. પણ અમારામાંથી કોઈ પ્રજ્ઞાવાન હોવાનો દાવો કરી શકીએ નહિ. આ અમારી મર્યાદામાં રહીને, ૧૯૮૯માં મનુભાઈ લેખમાં લખે છે તેમ, સત્તાના રાજકારણને અંકુશમાં રાખવા માટે ભાલ નળકાંઠામાં

પ્રયોગની સંસ્થાઓએ લોકશાહી સુરક્ષા અભિયાન પૂરા એક વર્ષ સુધી સંપૂર્ણ નિષ્ઠા, લગન, અને ધગશથી કહી શકાય કે તન, મન અને ધન સાથે, વિચાર-વાણી અને વર્તનથી સંપૂર્ણ એકરૂપતાથી ચલાવ્યું હતું.

ગુજરાતના પ્રબુદ્ધ વિચારકો અને પ્રજ્ઞાવાનોનું સમર્થન અને તે પૈકીના કેટલાકનું તો પ્રત્યક્ષ, સાથ સહકાર સંકલન, અને 'ગુજરાત લોકશાહી મંચ'નો મોરચો રચી સંગઠિત રીતે સક્રિય ચાલતા કરવા સુધીનું પ્રદાન આ અભિયાનમાં મેળવી શકાયું હતું. પરિણામે શૂન્યમાંથી એકડાનું સર્જન થઈ શકે એવી નક્કર ભૂમિકા પ્રાપ્ત પણ થઈ હતી.

ગુજરાતભરની નજર આ મંચ તરફ હતી કે સાચી દિશાનું આ પગલું છે. અને એમાંથી કંઈક સફળ ચાખવા મળશે.

અને તેમ છતાં છેલ્લે જતાં જે સ્થિતિ થઈ તેને પરિણામે એકડો સર્જવાની ભૂમિકા સાવ વિલિન થઈ ગઈ. ધંધૂકાની ધારાસભાની એક બેઠક પર ખડોળના શ્રી રામભાઈ વાળાએ લોકશાહી મંચના સમર્થન સાથે ભાલ નળકાંઠા પ્રયોગ અન્વયે ઉમેદવારીપત્ર ભર્યું હતું તેમણે ધંધૂકા બેઠક પર ભરેલું ઉમેદવારીપત્ર છેલ્લા દિવસે પાછું ખેચીં લેવું પડ્યું.

આમ કેમ થયું ?

શ્રી મનુભાઈ પંચોલી પત્રમાં લખે છે તે ખૂણા ઘસવા, અભિમાન ઓગાળવા કે નિરાગ્રહી બનવાની સાચી અને ઉત્તમ, કરવા જેવી જ વાત છે. 'ગુજરાત લોકશાહી મંચમાં ઉપર લખ્યું છે તેમ પ્રજ્ઞાવાનને આમ કરવું જ પડ્યું હશે ને ? સવાલ સાવધ અને જાગૃત રહેવાનો હતો. તેમ જાગૃતિ રખાય નહિ તો સત્તાનું રાજકારણ પ્રજ્ઞાવાનોને જ ગળી જાય. અથવા પ્રજ્ઞાવાનોને સત્તાના રાજકારણના હથિયાર બનવાપણું થાય. અજાણતાં અને ગફલતમાં ભલે થયું હોય પણ ૧૯૮૯માં આવું જ કંઈક બન્યું તે દેશે અને ગુજરાતે જોયું.

એટલે જ અહીં ભ્રમણામાં રહેવાની જરૂર નથી. વિનોબાજીની નીચેની શીખ અહીં ધ્યાનમાં રાખવી જરૂરી બને છે.

"ગાંધીજીના ગયા બાદ જેમણે સત્તા લીધી એ કોઈ મામૂલી માણસો નહોતા. હિન્દુસ્તાનના ઉત્તમમાં ઉત્તમ માણસો હતા. તો પણ આ હાલ છે. પૂછી શકાય કે -

"ભાઈ, આવા ઊંચા માણસોના હાથમાં સત્તા આવી પુરુષોત્તમોના હાથમાં - તો પણ આવું કેમ થયું ?"

આનો ઉત્તર પણ એ જ છે કે :

"પુરુષોત્તમોના હાથમાં સત્તા આવી માટે આમ થયું." સત્તા પુરુષોત્તમોએ

હાથમાં નહિ લેવી જોઈએ. સત્તા એમના પ્રભાવમાં-કહ્યામાં રહેવી જોઈએ. હાથમાં નહિ. હાથમાં તો બીજાના હોવી જોઈએ. જે સારા માણસો હોય પણ પુરુષોત્તમ ન હોય."

૧૯૮૯નો આ બોધપાઠ યાદ રાખીએ.

શ્રી મનુભાઈએ પત્ર લખ્યો ત્યારે તેમના લખવા મુજબ સમય નહોતો જ અને સાંજ પડી ગઈ હતી. આજે તો હવે કાળી અંધારી રાત પડી ગઈ જણાય છે. મૂળ નક્કર હકીકત ધ્યાનમાં રાખી આજની સ્થિતિનો પણ અંત આવશે, એમ સમજીને મૂળ હકીકતનું બીજ સાચવી રાખવું જોઈએ.

મૂળ હકીકત આજે પણ આવી જ છે.

આજનો એક પણ રાજકીય પક્ષ રાષ્ટ્રની સમસ્યાઓ ઉકેલી શકે એવી ક્ષમતા ધરાવતો નથી.

એટલે આ કે તે કોઈ એક પક્ષને બહુમતી મળે તો પણ પ્રશ્ન તો ઊભો જ રહે છે. સત્તા પર કોઈ એક પક્ષ આવે, પક્ષોની મિશ્ર સરકાર આવે કે રાષ્ટ્રીય સરકાર આવે.

સરકાર પ્રજ્ઞાવાનોના - પુરુષોત્તમોના - કહ્યામાં અને સંગઠિત પણ નૈતિક લોકશક્તિના અંકુશમાં રહે એમ કરવું.

અને એમ કરવું હોય તો 'વિશ્વવાત્સલ્ય'માં ૧૬મી માર્ચના અંકમાં 'પ્રજ્ઞાવિલોપન દૂર કરીએ' અગ્રલેખમાં જણાવ્યું છે એ જ રસ્તે પુરુષાર્થ ચાલુ રાખવો જોઈએ.

આગ્રહ જતો કરવાને નામે મૂળ સાચી વાત છૂટી ન જાય. ખૂણા ઘસાવને નામે આપણી મૂળ સાચી વાત જ ઘસાઈ ન જાય. અભિમાન તજવાને નામે સ્વમાન કે ગૌરવહીન ન બની જવાય. અને સમાધાનને નામે શરણાગતિ ન સ્વીકારાય એટલી સાવધાની અને જાગૃતિ રાખવા સાથે ગુજરાતના પ્રજ્ઞાવાનો એક થઈને પુરુષાર્થ કરે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૪-૧૯૯૧

❀ ❀ ❀

## ૧૫ લોકશાહી સુરક્ષા : આ પણ એક ઈલાજ બની શકે

શાસન વિના સમાજ સ્વસ્થ રહી શકે એવી સ્થિતિ આજે નથી. શાસનની પદ્ધતિ વિવિધ હોઈ શકે છે અને છે. આ અનેકમાંની એક એવી લોકશાહી શાસનપદ્ધતિ (ભારતમાં લોકશાહી પદ્ધતિનો અમલ ગમે તેટલી ખરાબ રીતે થતો રહ્યો છે અને આજે પણ થઈ રહ્યો છે તોપણ) વધુ સારી પદ્ધતિ છે. એવી જેમની માન્યતા છે એવા ગુજરાત અને દેશના મતદારોને આવતી ૨૬મી ૧૯૯૧ની આ મધ્યાવધિ ચૂંટણીમાં મતદાન કરવા વિષે મૂંઝવણ કે દ્વિધા રહેતી હોય તો એમને માટે અહીં નીચે જણાવેલ એક ઈલાજ વિચારણા માટે રજૂ કરીએ છીએ.

(૧) લોકશાહી ચૂંટણી માટે તો હવે બીજો કોઈ વિકલ્પ વિચારવા જેટલો સમય જ નથી, પણ હવે પછીની જે કોઈ ચૂંટણી આવે ત્યારે શું કરવું જોઈએ તે માટે સહુ પ્રથમ ઉદાસીનતા ખંખેરી નાખી અત્યારથી સક્રિય બનવું જોઈએ.

(૨) સામાજિક, નૈતિક સમર્થન પ્રાપ્ત હોય તેવા લોકઉમેદવાર ઊભા રાખવા, ઊભા રહે. તેમનું જાહેરમાં સમર્થન કરવું. તેમની તરફેણમાં પ્રચાર કરવો, અને તેમને મત આપવો. પોતાની શક્તિ, સમય અને ગજા મુજબ આ કામ અત્યારથી જ શરૂ કરી દેવું.

(૩) લોકસભાની આ ચૂંટણીમાં કે હવે પછી આવનારી કોઈ પણ ચૂંટણીમાં આવા લોકઉમેદવાર કહી શકાય એવો કોઈ ઉમેદવાર ઊભા જ થઈ શક્યા નથી અને એક પણ રાજકીય પક્ષ કે એક પણ અપક્ષ કે સ્વતંત્ર ઉમેદવાર પોતાની દૃષ્ટિએ પોતાના મતને યોગ્ય નથી. (પછી તે બીજી રીતે ભલે બીજા ક્ષેત્રમાં યોગ્ય હોય તોપણ) આવો પોતાનો મત છે તો શું કરવું ?

મત આપવા જ ન જવું ? ભલે જેને જે કરવું હોય તે કરે એવી નિષ્ક્રિયતા અને ઉદાસીનતા રાખવી ?

અમારો સ્પષ્ટ મત છે કે, ના. આનો કોઈ એક વિકલ્પ શોધવો જ રહ્યો. અમારી દૃષ્ટિએ એ વિકલ્પની શોધ આ રીતે થઈ શકે

(૪) લોકશાહી શાસનપદ્ધતિ સારી છે, માટે તે ટકવી જોઈએ, તેની સુરક્ષા થવી જ જોઈએ. તેની પદ્ધતિમાં જરૂરી ફેરફાર થતા રહેવા જોઈએ.

અને તેથી આપણો મત તો આપણે વ્યક્ત કરવો જોઈએ. મતપત્રકમાં મત આપવો જોઈએ.

પણ મત આપવો એટલે આપણી દૃષ્ટિએ અયોગ્ય ઉમેદવાર હોય એમને નિશાન પર ચોકડી કરવી એમ ?

અમે ભારપૂર્વક સ્પષ્ટ ના કહીએ છીએ. એમ કરીએ તો તો એ આપણા મતથી વિરોધમાં મત આપ્યો ગણાય. આપણા મતે તો એક પણ ઉમેદવાર શાસન કરવાને લાયક નથી. એક પણ નિશાન પર ચોકડી ન કરવી.

આપણો મત નીચે કાપલીમાં લખ્યો છે તેવી મતલબનો હોય તો તેવી કાપલી લઈને ઘેરથી ટાંકણી ભરાવીને મતદાન મથકે જવું અને પેલા મતપત્રકની સાથે ભરાવી દેવું. આખા મતપત્રકમાં દરેક નામ પર ચોકડી કરવી અને મતપત્રક મત પેટીમાં નાખી દેવું.

અમે સમજીએ છીએ કે આમ કરવાથી આપણો તે મત રદ ગણાશે અને રદ થયેલા મતપત્રો ગણતરીમાં ગણાઈ જશે. અને તેથી આવા મતદારો કેટલા છે તેની સંખ્યાનો આંકડો જાણી શકાશે નહિ. તેથી અમારું સૂચન આ મુજબ છે :

જરૂર હોય તો બંધારણમાં સુધારો કરીને, અને ચૂંટણી કમિશનને સત્તા હોય તો તેમ, આવી કાપલીવાળા મતપત્રકોની ગણતરી જુદી કરીને તેનો આંકડો જાહેર કરવો જોઈએ અને હવે પછીની ચૂંટણીમાં મતપત્રકની છેક નીચે એક ખાનામાં ઉમેદવારનું નામ લખ્યા વિના કોરા ખાનામાં સામે 'શૂન્ય' ૦ નું પ્રતીક મૂકવું જોઈએ. જેથી જે મતદાર પોતાનો આવો મત આપવા ઈચ્છે તે આ ખાનામાં 'શૂન્ય'ના પ્રતીક ઉપર ચોકડી કરે અને મતપત્રક પેટીમાં નાખે. પછી જુદી કાપલીની જરૂર ન પડે. આ વખતની ચૂંટણીમાં તો આવી કાપલી જ નાખવી પડે. આવા મતને હાલ તો નકારાત્મક મત તરીકે ઓળખીએ.

વળી બંધારણમાં એવો પણ સુધારો કરવો જોઈએ કે જે મતદાન ક્ષેત્રમાં થયેલ મતદાનના ૫૦ ટકાથી વધુ મત જો આવા નકારાત્મક મત પડે તો તે મતદાનક્ષેત્રમાં એક પણ ઉમેદવાર ચૂંટાયો નથી એવી જાહેરાત થવી જોઈએ અને ત્યાં ફરીથી ચૂંટણી કરવી જોઈએ.

મતલબ કે થયેલ કુલ મતદાનના ૫૦ ટકાથી વધુ મત હકારાત્મક પડે તો ત્યાં જેમને તેવા હકારાત્મક મતદાનમાં વધુ મત મળે તે ચૂંટાય. પણ ત્યાં જો ૫૦ ટકાથી ઓછા મત હકારાત્મક પડે અને ૨૦ ટકાથી વધુ મત નકારાત્મક પડે તો ત્યાં ફરીથી ચૂંટણી કરવી.

આપણો મત વ્યક્ત કરવાનો, જાતને વફાદાર રહેવાનો લોકશાહી નાગરિક તરીકેની ફરજ અદા કરવાનો અને આપણી દૃષ્ટિએ અયોગ્ય એવા ઉમેદવારોની તેમ જ કેવળ સત્તા અને ધનલક્ષી રાજકીય પક્ષોની આંખ ઉઘાડવા માટે અમને આ એક ઈલાજ વર્તમાન પરિસ્થિતિમાં સૂઝે છે.

બાકી મતદાનમથકે મત આપવા જવું નહિ, કે જઈને અયોગ્ય ઉમેદવારને ચોકડી કરી મત આપવો એ કોઈપણ રીતે ઉચિત લાગતું નથી.

અલબત્ત, લોકઉમેદવારવાળી વાત તો સતત ચાલુ જ રાખવા જેવી છે. એમાંની જ સારા અને સાચા ઉમેદવારો ધારાગૃહોમાં જતા થશે. અને લોકશાહીનું શુદ્ધિકરણ થતું રહેશે. અને તો જ લોકશાહીની સુરક્ષા થઈને તેનો વિકાસ થશે. લોકશાહી શાસન ગતિશીલ પણ બનશે.

મતદાનની આજની પદ્ધતિમાં આવો વિકલ્પ અમારી દૃષ્ટિએ બધી રીતે અને બધા દૃષ્ટિકોણથી વિચારણામાં લેવો ઉચિત ગણાશે.

જે કોઈ આ વિચાર સાથે સંમત હોય તે આ પત્રિકાનું લખાણ (જુઓ પાન ૬૬) છપાવીને તેનો બહોળો ફલાવો કરે. કાપલીઓ દરેક મતદારને આપે. કોઈ એક બૂથમાં આનો સઘન પ્રચાર કરે, સમજાવે, અને આ રીતે મતદાન થાય એવી ઝુંબેશ ચલાવે એવી અભ્યર્થના.

વિશ્વવાત્સલ્ય : ૧-૫-૧૯૮૯

# ૧૬ બહુમતી કે વધુમતીને વાસ્તવિક બનાવીએ

આસામ ધારાસભાની ચૂંટણીમાં માત્ર ત્રણ ટકા જ મતદાન થયું હતું. ૧૯૮૯ની લોકસભાની ચૂંટણીમાં કાશ્મીરમાં માત્ર પાંચ જ ટકા મતદાન થયું હતું. એમાં જેમને વધુ મત મળ્યા તે ચૂંટાઈ આવ્યા.

સમજવા ખાતર એક દાખલો લઈએ.

માનો કે લોકસભાના એક મતવિસ્તારમાં દશ લાખ મતદારો છે. તેમાં ત્રણ ટકા એટલે કે ત્રીસ હજારનું મતદાન થયું. અહીં માનો કે દશ ઉમેદવાર ઊભા છે. એમાંના એક ઉમેદવારને પાંચ હજાર મત મળ્યા. બાકીના પચીસ હજાર મતો નવ ઉમેદવારોમાં એવી રીતે વહેંચાયા કે એમાંના કોઈને પાંચ હજાર મત મળ્યા નહિ. પરિણામે પાંચ હજાર મતે એટલે કે વધુ મતે આ ઉમેદવાર ચૂંટાઈ આવ્યા. ગણત્રી કરીએ તો મતદાનના ૧૩ ૨/૩ ટકા જ માત્ર થયા. અને કુલ મતદારોના તો માત્ર અર્ધો ટકો જ મત મળ્યા. અને છતાં તે આખા મત વિસ્તારના લોકપ્રતિનિધિની હેસિયતથી લોકસભામાં બેસશે. અને રાષ્ટ્રીય સમસ્યાઓ પર પોતાનો નિર્ણય આપશે. જે માત્ર તે મત વિસ્તારના લોકોને જ નહિ, દેશ આખાના લોકોને બંધનકારક હશે.

આ સ્થિતિ હાસ્યાસ્પદ જ નહિ, લોકશાહીમાં ૫૧ ટકાની બહુમતી કે ઓછામાં ઓછું વધુમતીથી નિર્ણય લેવાની વાત છે તેની પણ હાંસી ઉડાવનારી છે.

આ વસ્તુને તો તરત જ રોકવા જેવી છે. રોકવાનો એક ઈલાજ "વિશ્વવાત્સલ્ય"ના ૧લી મે ૯૧ના અગ્રલેખમાં કરેલા નીચેના.સૂચન મુજબ લઈ શકાય :

"જે મતદારોનો એવો મત હોય કે 'એક પણ ઉમેદવાર. યોગ્ય નથી' તો તેવો મત આપવાનો તેનો અધિકાર બંધારણ માન્ય થવો જોઈએ. તેવા મતોની જુદી ગણના થવી જોઈએ. અને જો મતદાનના ૫૦ ટકાથી વધુ મત આવા નીકળે તો ત્યાં એક પણ ઉમેદવારને ચૂંટાયેલ જાહેર ન કરતાં ફરી ચૂંટણી કરવી જોઈએ."

આ સૂચનને રાષ્ટ્રીય સ્તરે ભારે સમર્થન મળ્યાનું જાણવા મળે છે. શ્રી અરુણ શૌરી જેવા પ્રખ્યાત પત્રકાર અને હિંદુસ્તાની આંદોલનના અગ્રણી શ્રી મધુ મહેતાએ અમદાવાદની એક જાહેરસભામાં આ સૂચનનો ઉલ્લેખ કરીને સારી રીતે સમર્થન કર્યું છે. શ્રી અરુણ શૌરીએ તો ત્યાર પછી આ જ વિષય પર એક લેખમાં પૂર્તિરૂપ બીજાં સૂચનો કરીને આ વિચારને વધુ અર્થસભરતા આપી છે. કોંગ્રેસ (એસ)ના અગ્રણી શ્રી કૃષ્ણકાંતે પણ આ સૂચનને આવકાર આપતો લેખ લખ્યાનું જાણવામાં આવ્યું છે.

અરુણ શૌરીએ સચોટ રીતે કહ્યું છે કે;

"કોઈ અણગમતો ઉમેદવાર માત્ર બહુમતીના જોરે ચૂંટાઈ પણ શકે નહિ, રાજકીય પક્ષો સારા ઉમેદવાર મૂકે તે માટે આનાથી બીજો સારો રસ્તો ભાગ્યે જ હશે

એમ લાગે છે. અનિચ્છનીય તત્ત્વોને ગેરકાયદે ઠેરવવાં એ એક સરળ માર્ગ છે અને હાલની પરિસ્થિતિમાં સુધારો આણવાનો પણ આ એક માત્ર માર્ગ છે."

અને આમ છતાં આ નકારાત્મક માર્ગ છે. જો કે તે માર્ગ અનિવાર્ય ગણીને સહુ પ્રથમ લેવો તો પડશે જ. ખેતરનો પાક લેવો હોય તો ચોર ચોરી ન કરી જાય, ઢોર ભેલાણ ન કરી જાય, પંખી ચણી ન જાય, જંગલી પશુ ખેદાનમેદાન ન કરી જાય એવું ધ્યાન રાખવાનું નકારાત્મક કામ ખેતરના માલિક ખેડૂતે કરવું જ પડે છે ને ?

એ જ રીતે લોકશાહીમાંના સાચા માલિક લોકોએ લોકશાહીને ઘાતક તત્ત્વો લોકશાહીને તમે ચૂંટણી પદ્ધતિમાં રહી ગયેલી ખામીઓનો ગેરલાભ લઈને કે પેઠેલી વિકૃતિઓનો લાભ ઉઠાવીને લોકશાહીના પવિત્ર સાધનનો અંગત સ્વાર્થમાં દુરુપયોગ કરતા હોય તો તેમને રોકવાના આ નકારાત્મક માર્ગનો આશરો લેવો એ લોકશાહીની સુરક્ષા માટે જરૂરી છે.

સાથે સાથે સારા અને વધુ સારા એવા યોગ્ય ઉમેદવારો ચૂંટી મોકલવાનો હકારાત્મક માર્ગ પણ લોકોએ જ લેવો જોઈએ. એ માટે કેટલાંક સૂચનો જાહેર ચિંતન માટે અહીં રજૂ કરીએ છીએ.

૧. થયેલ મતદાનના ૫૦ ટકાથી વધુ મત જે ઉમેદવારને મળે તેને જ ચૂંટાયેલ જાહેર કરવો. બધા જ ઉમેદવારને ૫૦ ટકાથી ઓછા મત મળે તો ત્યાં ફરી ચૂંટણી આપવી.

૨. જે મત વિસ્તારના કુલ મતોના ૧૫, ૨૦ કે ૨૫ ટકા મતદાનથી ઓછું મતદાન થાય ત્યાં ફરી ચૂંટણી આપવી.

૩. આવા કારણોસર ફરી ચૂંટણીમાં પણ એ જ સ્થિતિનું પુનરાવર્તન થાય તો તે મતવિસ્તારની તે બેઠક ખાલી રાખવી.

વધુમતી કે બહુમતી વાસ્તવિક અને અસરકારક બને તે માટે સૂચનો છે. જેનો સાર આટલો જ છે :

(૧) મતદાનના ૫૦ ટકાથી વધુ મતદારો અયોગ્ય ઠરાવે તે લોકપ્રતિનિધિ ન બને.

(૨) લોકપ્રતિનિધિ એ જ બને જેને મતદાનના ૫૦ ટકાથી વધુ મત મળે.

(૩) લોકપ્રતિનિધિ મોકલવા માટે મતદાર વિસ્તારના લોકોએ ઓછામાં ઓછા - માનો કે ૧૫ અથવા ૨૦ અથવા ૨૫ ટકા વચ્ચે જે નક્કી થાય તેટલા ટકા મતદાન કરવું જ જોઈએ. આજે મત આપતી વખતે અને મત આપ્યા પછી પણ, મતદાર તદ્દન બિનઅસરકારક બન્યો છે. એના મતનો પ્રભાવ નથી લોકપ્રતિનિધિ પર કે નથી લોકતંત્રની કોઈ પણ કામગીરી ઉપર કોઈ પણ તબક્કે અને ક્યાંય પણ નથી.

આનો ઈલાજ કરવો જ જોઈએ. ઉપરનાં સૂચનો બહુમતી કે વધુમતી મતદારોના મતને નિર્ણાયક બનાવે છે. ઈલાજની શોધમાં આ પ્રથમ પગલું સાચું પુરવાર થાય એમ અમને સ્પષ્ટ લાગે છે.

છેલ્લે એક વાત. સારા ઉમેદવારો ધારાગૃહોમાં ચૂંટી મોકલવા માત્રથી લોકશાહીની ઈતિ સમાપ્તિ થતી નથી. આ તો કરવું જ પડે. પણ તેની સાથે જ ધારાગૃહોની અંદર પણ સત્તાની બાહર રહેનારા કેટલાક લોકપ્રતિનિધિઓ પણ ચૂંટવા જોઈશે. અને પ્રજાકીય સ્તરે પણ લોકજાગૃતિ સંગઠન અને સત્યાગ્રહની દૃષ્ટિએ કામ કરનારી સંસ્થાઓ નિર્માણ કરવી પડશે. લોકશાહીના વિકાસ માટે અને તેને ગતિશીલ રાખવા માટે આવું ઘણું બધું કરવાનું રહે જ છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૬-૯૧

## ૧૭ રાજકારણ અને સર્વોદય

સર્વોદયની દૃષ્ટિને સારી રીતે સમજ્યા છે અને જેમનું ચિંતન તટસ્થ અને નિષ્પક્ષ છે એવા એક સર્વોદય કાર્યકર મિત્રનું કહેવું થયું છે -

"સર્વોદયની દૃષ્ટિવાળા અથવા ગાંધી મૂલ્યોમાં માનનારા માણસો રાજયશાસનથી અલગ રહ્યા અથવા રાજકારણથી અલિપ્ત રહ્યા તેને કારણે રાજયશાસન બગડી ગયું. અથવા રાજકારણ ભ્રષ્ટ થયું એમ કહેવામાં આવે છે, તો મારું એમ કહેવું છે કે, મોરારજીભાઈ, બાબુભાઈ જસભાઈ, કેટલાય ગણાવી શકાય તેવી વ્યક્તિઓ શાસનમાં મંત્રીમંડળમાં અને રાજકીય સંગઠનમાં રાજકારણમાં ગયા જ છે. તે બધા સર્વોદયની દૃષ્ટિમાં અને મૂલ્યનિષ્ઠ રાજકારણમાં માનનારા જ હતા ને ? મુનિશ્રી સંતબાલજી તો કોંગ્રેસને માતા ગણીને ચૂંટણીમાં કોંગ્રેસને મત આપવાનો પ્રચાર પણ કરતા હતા, એમણે રાજકારણની શુદ્ધિની વાત કરી જ હતી.

આ બધા પ્રયાસો અને તેનું પરિણામ આપણી નજર સામે જ છે. પછી એમ કેમ કહેવાય કે, સર્વોદનયી દૃષ્ટિવાળા રાજકારણથી અલગ રહ્યા છે ? અથવા સર્વોદયવાળાઓને રાજકારણને સુધારવામાં રસ નથી ?

એટલે મૂળભૂત રીતે જ આ પ્રશ્ન વિચારવા જેવો છે એમ મને લાગે છે."

★

મિત્રના શબ્દો આ જ હતા એમ નહિ, મતલબ આ જ હતી.

મિત્રે કહ્યું ત્યારે બીજા પણ કેટલાય મિત્રો ત્યાં હાજર હતા. એ મિત્રોના પ્રતિભાવો આ અંગે ત્યારે જાણવા મળ્યા નહિ. મુનિશ્રીના નામનો ઉલ્લેખ હતો એટલે અને બીજા પણ મહાનુભાવોનો જે સંદર્ભમાં અને જે રીતે ઉલ્લેખ થયો તે જોતાં એ વિષે આ લખાણના લેખકની ત્યાં હાજરી હોવાથી ભાલ નળકાંઠા પ્રયોગની દૃષ્ટિએ કહેવા યોગ્ય લાગ્યું તે કહ્યું હતું. મિત્રે કહ્યું છે તેમ મૂળભૂત રીતે વિચારવા જેવો આ મુદ્દો હોવાથી અહીં પણ થોડું વિચારીએ.

પ્રથમ થોડી સ્પષ્ટતા કરવી જરૂરી છે.

'વિશ્વવાત્સલ્ય'માં આવી સ્પષ્ટતા અનેક વખત થઈ હોવા છતાં પુનરુક્તિ કરીનેય એ વાત તાજી કરવી જરૂરી છે.

૧. મુનિશ્રીને માતારૂપ કૉંગ્રેસ નહોતી, સત્તા નહોતી; ૐ મૈયા હતાં, સત્ય હતું, જેમને સત્તાના શાસનની જરૂર પડે છે તે લોકોને સ્વરાજ કાળથી જ એ કહેતા કે સ્વરાજની જન્મદાતા એવી માતૃરૂપ સંસ્થા નિર્વિવાદ રીતે એ વખતને ત્યારની કૉંગ્રેસ જ હતી. એટલે કૉંગ્રેસનું રાજકીય 'માતૃત્વ શબ્દ' મતદારો એવા લોકોને માટે મુનિશ્રી પ્રયોજતા.

૨. મિત્રે નામોલ્લેખ કરેલ છે, તે અને નહિ કરેલ પણ એવા જે જે મહાનુભાવો સત્તામાં ગયા કે રાજકીય સંગઠનમાં ગયા છે તેમના તરફ પૂરા આદર સાથે એમ કહીશું કે; એકમાત્ર ઢેબરભાઈ સિવાય તમામે તમામ રાજ્ય સત્તાના શાસનને અને તે વખતની સત્તાધારી સંસ્થા કૉંગ્રેસને સર્વોપરી માનતા હતા. સંતબાલજી અને ભાલ નળકાંઠા પ્રયોગની સંસ્થાઓ આર્થિક સામાજિક ક્ષેત્રે કોંગ્રેસથી સ્વતંત્ર અને સ્વાયત્ત કામ કરે તે એમને માન્ય ન હતું. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના મુખ્ય આગેવાન શ્રી ઠાકોરભાઈ દેસાઈએ એક ચર્ચામાં આ લેખકને કહ્યું હતું :

"સંતબાલજીની કૉંગ્રેસ ભક્તિ કે નિષ્ઠા માટે તો એમ કહી શકાય કે એ કોઈપણ કૉંગ્રેસમેન કરતાં ચડે એમ છે; પણ તે બહાર રહીને કહે કે કૉંગ્રેસે આમ કે તેમ કરવું જોઈએ એ માન્ય નથી. કૉંગ્રેસનું પ્રમુખપદ માન્ય છે. આવે અને પ્રમુખસ્થાન સંભાળે."

બીજો એક દાખલો.

ધારા ઘડનારી સંસ્થા તરીકે ધારાગૃહોમાં કૉંગ્રેસ જાય એ ભાલ નળકાંઠા પ્રયોગને માન્ય હતું. પણ એ સિવાય આર્થિક, સામાજિક, શિક્ષણ કે રચનાત્મક અને સહકારી કે પંચાયતક્ષેત્રની સંસ્થાઓમાં રાજકીય પક્ષોનું વર્ચસ્વ નહિ હતું. પણ કૉંગ્રેસ સંસ્થાગત કે વ્યક્તિગત આ મહાનુભાવોમાંથી કોઈએ આ વાતને ટેકો તો નથી જ આપ્યો, પણ એ પૈકીના એક માત્ર ઢેબરભાઈનો અપવાદ બાદ કરતાં ભાલ નળકાંઠા પ્રયોગ સંસ્થાઓના કામમાં સહુ રોડાંરૂપ અવરોધક પણ બન્યા છે.

અનેક ઉદાહરણો છે. સંઘર્ષનો આખો ઈતિહાસ સામે છે, એની વિગતોમાં અહીં જતા નથી; પણ આ વલણ સર્વોદયી દૃષ્ટિ કે ગાંધી મૂલ્યોની છેક જ વિરોધમાં જાય છે એમ અમને સ્પષ્ટ લાગે છે.

સમાજપરિવર્તન લોકશક્તિથી નહિ પણ સત્તાની શક્તિથી જ કરી નાખવાની આ વાત હતી. એટલે સર્વોદયી દૃષ્ટિવાળા શાસનમાં ગયા હતા એમ કહેવું યથાર્થ નથી.

એક બીજી વાત.

૧૯૭૪-૭૫માં શ્રી જે. પી. એ રાજકારણને બરાબર સર્વોદયની દૃષ્ટિએ ઘડવાનો

ભગીરથ પ્રયાસ કર્યો. પણ વિનોબાજીની સંગતિ એમાં નહિ મળી. તો પાછળથી જે. પી. એ આખાયે આંદોલનને જાણતાં-અજાણતાં કૉંગ્રેસ હટાવો અને છેવટે ઈન્દિરા હટાવોમાં ધકેલાયા છતાં એજ રસ્તે ધક્કો મારીને આંદોલનને સર્વોદયનો રંગ આપવાને બદલે સત્તાના રાજકારણના કળણમાં ફસાવા દીધું. છેલ્લે તો જે. પી. ના વશમાં પણ કશું જ ન રહ્યું.

અહીં કોઈ વ્યક્તિનું અથવા કાર્યક્રમ કે આંદોલનનું મૂલ્યાંકન કરવાનો હેતુ નથી. પણ મિત્ર કહે છે તેમ સર્વોદયની દૃષ્ટિવાળા પછી નામ જે કંઈ હોય, તેમણે કાં તો એક છેડો લોકશાસનનો પકડ્યો અને કાં તો બીજો છેડો લોકશક્તિનો પકડ્યો. મતલબ પ્રયાસ એકાંતિક જ રહ્યો. ન તો રાજનીતિ જેવું કશું નિર્માણ થયું કે ન તો લોકશક્તિ પ્રગટ થઈ. પરિણામે એક તરફ સત્તાનું કેન્દ્રીકરણ વધતું ગયું. અને બીજી તરફ લોકો રાજ્યાશ્રિત બનવા લાગ્યા ન તો અન્યાય પ્રતિકારની શક્તિ ખીલી.

ન તો લોકશક્તિ સંગઠિત થઈ.

ન તો રાજકારણની શુદ્ધિ થઈ.

મુનિશ્રી કે ભાલ નળકાંઠા પ્રયોગનું કામ તો ખારા સમુદ્રને મીઠો કરવા માટે ચપટી ખાંડ નાખવા જેવું જ રહ્યું.

આમાં કોઈને સત્તાનો રાગ કે મોહ હતો કે સત્તાધારીઓ પ્રત્યે કોઈને દ્વેષ હતો એમ અમારું કહેવું નથી. સર્વોદય કે ગાંધીની વાતને એમણે પોતપોતાની રીતે સમજીને જે કર્યું પરિણામ નજર સામે જ છે.

હજુ યે મિત્ર કહે છે તેમ વિચારવા જેવું છે જ.

વિશ્વવાત્સલ્ય : ૧-૧૧-૯૧

❀ ❀ ❀

## ૧૮ પંચાયતી ક્ષેત્ર પક્ષમુક્ત શા માટે ?

"અમે પણ સમજીએ છીએ અને અનુભવીએ પણ છીએ કે, હવે આખોયે દોર દાદાગીરી કરનારા, ગુંડાઓ અને માફિયાઓના હાથમાં ચાલ્યો ગયો છે પણ શું થાય ?"

એક નાની સરખી બેઠકમાં કામો કરતી સ્થાનિક સ્વરાજ કહેવાય તેવી સંસ્થાઓના ક્ષેત્રને રાજકીય પક્ષોથી મુક્ત બનાવવા વિષે વાર્તાલાપ ચાલતો હતો. સ્થળ નગર પંચાયતના કસબામાં હતું. નગરપંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ કૉંગ્રેસ અને ભાજપના અગ્રણી કાર્યકરો સ્વૈચ્છિક સંસ્થાઓના મોવડીઓ એમ સહુ વર્તમાન સ્થિતિ કેટલી હદે વણસી ગઈ છે એ બાબત ચિંતિત હતા. સહુના મનમાં અકળામણ

હતી. ગુંડાગીરીના રોજબરોજના નજર સામે બનતા દાખલાઓ રજૂ થતા હતા. આનું મૂળ કારણ આજનું વ્યાપક બનેલું અને ભ્રષ્ટાચારથી ખદબદતું રાજકારણ છે, એમાં પણ સર્વસંમતિ હતી. પરંતુ તેમ છતાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પક્ષમુક્ત કરવાની વાતમાં ખાસ કરીને રાજકીયપક્ષના અગ્રણી કાર્યકરો કે જે બુદ્ધિશાળી હતા, સ્થિતિસંપન્ન કેળવાયેલા અને કોઈને કોઈ ક્ષેત્રે નેતૃત્વ ધરાવતા હતા તે સંમત થઈ શકતા નહોતા.

રમુજ થાય એવી વાત એ હતી કે, એ સહુ આ પક્ષમુક્તિના વિચારને સીધો છે, સારો વિચાર છે એમ કહીને તરત જ કહેતા કે -

"પણ અવ્યવહારુ છે, અશક્ય છે."

અને પછી તરત એક વાક્ય ઉમેરતા : 'લોકો આ વાત નહિ સ્વીકારે.'

પૂછીએ, 'લોકો એટલે કોણ ? કયા લોકો ?'

થોડા ખચકાટ સાથે જવાબ મળતો, લોકો એટલે લોકો. સામાન્ય જનતા. રાજકીય પક્ષો અને બધા જ. કામો બધાં રાજ્ય પાસે અને રાજકીય પક્ષો પાસે કરાવવાનાં અને એમના માટે જ બારણાં બંધ ? આ વાત ન તો લોકો માને, કે ન તો રાજકીય પક્ષો માને.

'ઠીક વાત કરી. પણ તમે શું માનો છો ?'

'અમે આ વિચાર સાથે સંમત. અમારી શુભેચ્છા તમારી સાથે.'

'તો પછી એમ કરી શકો, કે જ્યારે પણ આ પંચાયત ક્ષેત્રની ચૂંટણીઓ આવે ત્યારે તમે જે રાજકીય પક્ષના સભ્ય હો તે રાજકીય પક્ષના મોવડીઓને કહો કે, અમારા નગરમાં અને અમારા તાલુકામાં આપણા પક્ષના ઉમેદવાર ઊભા નહિ રાખવા. અને નગરમાંથી કે તાલુકામાંથી લોકો મૂકે એ લોક ઉમેદવારોને ટેકો આપવો. આવું તમે કરી શકો ?"

"પણ પક્ષ સંમત ન થાય તો ?"

"તો ત્યારે તમારે નિર્ણય કરવો જોઈએ કે પ્રજા સાથે રહેવું કે પક્ષ સાથે. પહેલી પ્રજા કે પહેલો પક્ષ ? એ નક્કી કરી લેવું પડે."

"પણ પ્રજાનાં કામો તો પક્ષમાં હોઈએ તો જ થઈ શકે ને ?"

"આ તો આપણે ૪૫ વર્ષથી જોતા જ આવ્યા છીએ ને કે પક્ષો દ્વારા પ્રજાનાં કેવાં કામ થયાં છે ? કઈ પ્રજાનાં અને કોનાં, કેવાં કેટલાં કામો થયા ? અને જે કંઈ કામો થયાં તેના પરિણામે કેવી પરિસ્થિતિ છે તે તો તમે જ કહી બતાવ્યું છે. હવે એમાંથી બહાર નીકળવું છે ?"

આ પ્રશ્ન અનુત્તર રહ્યો. અમે આગળ ચલાવ્યું.

"રાજકારણ વ્યાપક બન્યું છે. એનાથી સાવ અલિપ્ત કે અલગ રહેવું એ

સામાન્ય વ્યવહારમાં અને ખાસ કરીને તમારા જેવા વ્યાપાર-ઉદ્યોગ કે જાહેરજીવન સાથે સંકળાયેલાઓ માટે શક્ય ન બને એ સમજાય છે. ભલે તમે કોઈ ને કોઈ રાજ્યપક્ષ સાથે સંકળાયેલા રહ્યા હો. પરંતુ તમે માત્ર રાજકીય પક્ષના સભ્ય જ છો એવું નથી. સહુ પ્રથમ તમે દેશના એક નાગરિક છો. નાગરિક ધર્મનું પાલન કરવું એ પ્રથમ કર્તવ્ય આપણું હોવું જોઈએ. પરિસ્થિતિ તમે કહી તેમ સાવ છેલ્લે પાટલે વણસી ગયેલી છે; ત્યારે જો તમને આ વિચાર સારો અને સાચો લાગતો હોય તો પક્ષની શિસ્તને ગૌણ રાખીને પ્રજાનું હિત પહેલું રાખવું જોઈએ."

"પણ આનું માળખું (મિકેનીઝમ) તંત્ર વ્યવસ્થા કેમની રહેશે ?" એમણે પ્રશ્ન કર્યો.

દરેક ગામ "પક્ષ મુક્ત પંચાયત સમિતિ" બનાવે. એમાંથી તાલુકાની પક્ષમુક્ત પંચાયત સમિતિ રચાય. અને તેમાંથી જિલ્લાની પંચાયત સમિતિ રચાય. આ "પક્ષમુક્ત પંચાયત સમિતિના" નેજા નીચે લોક ઉમેદવારો ડેલીગેટ તરીકે પસંદ થાય જે કોઈ પણ રાજકીય પાર્ટીના સભ્ય ન હોય. લોકોએ પસંદગી કરી હોય અને પંચાયત સમિતિની માન્યતા મેળવી હોય. આવું કંઈક થઈ શકે. આ તો વિગતનો અને વ્યવસ્થા ગોઠવવાનો સવાલ છે. મૂળ સવાલ રાજકીય પક્ષોના હાથમાંથી પંચાયતોને મુક્ત કરવાનો છે. એમાં જો એક વખત સંમત થઈએ તો માળખાની રચના તો કરવી પડે જ. અને તે મુશ્કેલ નથી."

તરત એક અગ્રણી બોલી ઊઠ્યા :

"આ તો એક સમાંતર બોડી જ થઈ ને ? એથી ફેર શું પડે ?"

"પાયાનો ફેર એ પડે કે, રાજકીય પાર્ટીના છેક ઉપરથી નીચે ગામ સુધીની સળંગ સાંકળ જોડાએલી છે. તે દ્વારા તે પાર્ટી પોતાનો પ્રભાવ ચાલુ રાખી શકે છે. આજનું રાજકારણ વ્યાપક છે તેની સાથે ભ્રષ્ટ પણ છે. તેથી ભ્રષ્ટ રાજકારણ પેલી સાંકળની છેલ્લી કડી સુધી સહેલાઈથી ગામ સુધી પ્રસરી જાય છે. કહેવાય છે કે પંચાયતરાજ સત્તાનું વિકેન્દ્રિકરણ છે. હકીકતમાં સત્તાનું પ્રભાવિકરણ થઈને નીચેથી બધું જ ઉપર સુધી ખેંચી જવાની એક શાસકીય સત્તાનું કેન્દ્રિત પદ્ધતિવાળું જડબેસલાક ચોકઠું છે.

પક્ષમુક્ત પંચાયતરાજ બનવાથી આ સાંકળની કડીઓ જ છૂટી પડી જશે. અને ગામડું પોતાની સૂઝસમજ મુજબ પોતાનાં કામો કરી શકશે. રાજય એમાં મદદરૂપ બને એ જરૂરી છે."

વિશ્વવાત્સલ્ય : ૧-૭-૧૯૯૨

❀ ❀ ❀

# ૧૯ ધારાગૃહોમાં શા માટે જવું ?

"વિશ્વવાત્સલ્ય" તા. ૧-૭-૯૨ના અંકમાં "સારા માણસો રાજ્ય સારું ચલાવી શકે ?" એ મથાળા નીચેની નોંધમાં છેલ્લે જતાં અમે લખ્યું છે :

"સારા માણસો ચૂંટાઈને ધારાગૃહોમાં જાય પછી એમણે સત્તા હાથમાં લઈ રાજ્ય ચલાવવું જ એવું પણ શા માટે ? ધારાગૃહોમાં જાય અને સત્તામાં ન જતાં સત્તાને અંકુશમાં રાખવાનો અને સત્તાને ગૌણ કરી લોકોની સત્તાનો વધુ પ્રભાવ પડે એવું કામ પણ કરી શકે ને ?"

આ અંગે એક મિત્રે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે "જો સત્તામાં ન જ જવું હોય તો પછી ચૂંટણીમાં ઊભા જ શા માટે રહે ? ધારાગૃહ જે છે જ સત્તાનું કેન્દ્ર એમાં જવું એટલે સત્તા પ્રાપ્ત કરવા જ જવું, એ કંઈ ભજનિકો માટે ભજન કરવાનું અને મંજીરા વગાડવાનું સ્થાન નથી. આટલી સીધી-સાદી વાત સમજો. અને આદર્શોના સ્વપ્નાં સેવવાં છોડીને સારા માણસો સત્તા સ્થાનો પ્રાપ્ત કરે એવો વ્યવહારુ માર્ગ અપનાવો. મિત્રના કહેવામાં અકળામણ સાથે થોડો રોષ પણ હતો. એમને એમ પૂછ્યું :

"તમે તો ખેડૂત છો. સાથી રાખો છો. સાથી સાંતી લઈને ખેતરે જાય. પછી ખેતરે જાઓ ખરા ?"

'હા."

પૂછ્યું : "કેમ ?"

"લે, ખેતર તો મારું છે. મારા ખેતરમાં ન જાઉં ?"

"જવાની ના નથી પણ જઈને શું કરો ? કામ તો સાથી કરે જ છે. કામ કરવા તેને રાખ્યો છે. તેને પગાર પણ આપો છો. પછી તમારે જવાની જરૂર શુ ?"

સાથી બરાબર કામ કરે છે કે કેમ ? એ જોવું. બરાબર કામ ન કરતો હોય તો એને ટપારવો. કામ કરતો રાખવો. એ બધું જોવું તો પડે જ ને ? ખેતી માત્ર સાથીને ભરોસે રેઢી તો ન જ મુકાય ને ? પણ સારામાં સારો સાથી હોય પછી એના પર આવો અવિશ્વાસ શા માટે ? એ સારું કામ કરશે જ એવી ખાતરી રાખીને નિરાતે ઊંઘ શા માટે નથી લેતા ? આમાં અવિશ્વાસનો સવાલ જ નથી. સારો સાથી હોય તો પણ સાથી એ સાથી. અને ખેતરનો માલિક ખેડૂત એ ખેડૂત. ખેડૂતને ઊંઘવું પોસાય જ નહિ."

આ મિત્રને પછી ખેતરની જગ્યાએ ધારાગૃહ મૂકીને અમારું મંતવ્ય સમજાવવાની કોશીશ કરી. ધારાગૃહો એ લોકોનું સર્જન છે. રાષ્ટ્રની ખેતી ત્યાં થાય છે. રાષ્ટ્રનું એ ખેતર છે, ત્યાં જેવી ખેડ થશે, જેવાં બી વવાશે, જેવી સાચવણી થશે તેવો પાક

નીપજશે, ધારાગૃહોની આ કામગીરી કરવા બધા લોકો જઈ શકતા નથી તેથી લોકો પોતાના પ્રતિનિધિ મોકલે છે. ધારાગૃહ ખેતર ગણીએ. ધારાસભ્યો સાથી ગણીએ. ધારાગૃહ સત્તાનું કેન્દ્ર હોવાથી અને સત્તાનો સ્વભાવ જ સડવા-બગડવાનો હોવાથી ખેતીનો પાક લેવામાં જે કાળજી-ચિવટ ચોકી રાખવાં પડે તેના કરતાં ક્યાંય વધારે તકેદારી ધારાગૃહોમાં રાખવી પડે. જેમ ખેડૂત સાથી મોકલ્યા પછી ખેતરમાં આંટો મારી આવે છે તેમ ધારાગૃહોમાં પ્રતિનિધિ મોકલ્યા પછી લોકો પ્રત્યક્ષ તો બધા જઈ શકતા નથી તેથી થોડાક પ્રતિનિધિઓ એવા પણ મોકલે કે જે પેલા સાથી ઉપર ખેડૂતની જેમ જોતા રહે. ખેડૂત સાથી પાસેથી હળ લઈને હાંકવા મંડી પડતો નથી એમ આવા પ્રતિનિધિઓ સત્તા હાથમાં ન લે. પણ સત્તામાં બેઠેલાઓ કામ બરાબર કરતા રહે એની તકેદારી રાખે.

આજે આ વસ્તુ બનતી નથી. આજે તો બધા જ પ્રતિનિધિઓને ધારાગૃહોમાં જઈને પ્રધાનો થવું છે. પ્રધાન ન થવાય તો કોઈ બોર્ડ કોર્પોરેશન કે નિગમના ચેરમેન થવું છે. છેવટે ક્યાંક ને ક્યાંક એવા ભાગીદાર બનવું છે કે જેમાંથી પૈસા, પ્રતિષ્ઠા અને નાનું મોટું જો પદ મળે તો પદ મેળવવું છે. આ લપસણા માર્ગે સરી પડતાં અટકાવનાર તો ત્યાં કોઈ છે નહિ. પછી ભેળ-ભંજવાડ ચોરી, અને ચણથી ખેતીનો પાક નાશ પામે જ. અને આજે એ થઈ જ રહ્યું છે. ખેતી કર્યા વિના તો ચાલે એમ નથી. એટલે અમારું કહેવું છે કે, નવેસરથી જ વિચાર કરવો પડે તેમ છે. એમાં એક વિચાર એ કે થોડાક ધારાસભ્યો ધારાગૃહોમાં એવા મોકલવા કે જે કોઈપણ સત્તાનું સ્થાન ન લે. કોઈપણ પક્ષમાં ન ભળે. તટસ્થ નિષ્પક્ષ રહે. શાસનની પ્રજાહિતની વાતનું સમર્થન કરે. પ્રજાનું અહિત થાય તેમ હોય તેનો વિરોધ કરે. ધારાગૃહોમાં તો આ કામ કરે જ, પણ લોકોની વચ્ચે પણ આ જ કામ કરે. પક્ષની શિસ્ત આવા સભ્યોને નડશે નહિ. પ્રજાની શિસ્ત એમણે સ્વૈચ્છિક રીતે સ્વીકારી જ હશે. આવા સભ્યો પ્રજાને પણ ઘડી શકે. સાચું નેતૃત્વ આપી શકે.

આ સ્વપ્ન કે આદર્શની ખાલી વાત નથી તદ્દન વ્યવહારુ અને બધાને લાભ થાય એવો રસ્તો છે. અમારા મંતવ્ય પ્રમાણે તો રાજકીય પક્ષોને પણ આવા પ્રતિનિધિઓ કસોટીની પળે બળ આપી શકે.

સહુ પ્રથમ પ્રજાએ - ખેડૂતે - રાષ્ટ્રના સાચા માલિકો છે તે પુખ્ત મતાધિકારવાળા મતદારોએ - આ વાત સમજવી રહેશે. એક સાથે તો બધા સમજવાના નથી. ક્યાંક એકડાથી શરૂઆત થઈ શકે.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૭-૧૯૯૨

❀ ❀ ❀

# ૨૦ રાજકારણમાં સારા માણસોએ જવું જોઈએ

આ અંકમાં ચલાલાથી શ્રી નરસિંહભાઈ ગોંધિયાએ લખેલ પત્ર છાપ્યો છે. નરસિંહભાઈની સર્જનહાર ઉપરની શ્રદ્ધા દાદ માગી લે તેવી અજોડ છે. સર્જનહારની લીલા અકળ છે. માટે તો શ્રદ્ધા રાખવાનો પણ પ્રશ્ન ન રહે. પણ એ ભેદ અપૂર્ણ એવા આપણે ઉકેલી શકતા નથી. એટલે જ શ્રદ્ધાને આધારે પુરુષાર્થ કર્યા કરવાનો હાથવગો રસ્તો લેવો એ જ ઉચિત ગણાય.

ભાઈ નરસિંહભાઈ પુરુષાર્થી તો છે જ. પણ એમના પત્રના છેલ્લા પેરાનું લખાણ જોતાં પુરુષાર્થ પાછળ શ્રદ્ધા હોવી જોઈએ તે જાણે કે ઢીલી પડતી દેખાય છે. રામરાજ્ય હતું કે નહોતું એ ઐતિહાસિક સત્ય જે હોય તે. પણ રામરાજ્યનો આદર્શ જો માન્ય છે. અને યોગ્ય છે તો પછી એ શક્ય જ નથી એમ લાગતું એ શ્રદ્ધાની ખામી ન ગણાય ? શ્રદ્ધા સર્વત્ર નહિ તોપણ, પુરુષાર્થ હોય તો પોતા પૂરતી તો ફળે જ.

અલબત્ત, શ્રદ્ધાવાન પુરુષાર્થીના પુરુષાર્થ સાથે બીજાં ચાર પરિબળો મળવાં જોઈએ.

(૧) સ્વભાવ (૨) પ્રારબ્ધ (૩) કાળ અને (૪) નિયતિ. આમ પાંચ સમવાયો ભેગાં થાય ત્યારે જ ફળ મળે. આ પાંચ તત્ત્વોમાં આપણા હાથમાં માત્ર પુરુષાર્થ છે. આ પુરુષાર્થ શ્રદ્ધાયુક્ત હોવો જોઈએ એ એક વાત.

શ્રી નરસિંહભાઈએ આપેલ કેટલાક દાખલાઓ શ્રદ્ધા ડગાવે એવા જ છે. પણ એ દાખલાનો બોધ પણ છે. તે જો સમજાય તો નિરાશ થવા જેવું કે શ્રદ્ધા ડગવા જેવું અમને લાગતું નથી અમને સમજાયેલો બોધ આ છે :

(૧) સર્વોદય જગત રાજકીય પ્રશ્નોમાં સર્વાનુમતિ ન થવાથી આગળ વધી શકતું નથી એ વાત ગઈકાલની છે. ભલે મોડે મોડે પણ 'લોકસ્વરાજ સંઘ'ની રચના સર્વોદય અગ્રણીઓએ કરી જ છે. જે રાજકીય સંગઠન છે.

(૨) સર્વોદયી કાર્યકરો લોકશાહીને માને છે. પણ સર્વાનુમતિ કે ૮૦ ટકા સંમતિની લોકશાહીને માને છે. સત્તામાં ગયા સિવાય સંસ્થાગત નિર્ણયોમાં આ વાત સીમિત છે. સત્તામાં જશે તો જ્યાં સુધી સર્વાનુમતિ કે ૮૦ ટકાનો સુધારો બંધારણમાં ન કરે ત્યાં સુધી તો, લોકશાહીનાં ચાલુ ધોરણો ત્યાં પણ એમણે પણ માન્ય રાખવાં જ પડશે ને ? સત્તાની બહાર રહીને કામ કરવું અને સત્તા સંભાળીને કામ કરવું એ બે વચ્ચેનો ફરક એ સમજતા જ હોય.

(૩) લઘુમતીવાળા સંગઠિત પક્ષો હો હા કે વોકઆઉટ સિવાય કંઈ કરી શકતા નથી એમ પત્રલેખકનું કહેવું સાચું છે. પણ આ લઘુમતીવાળા સંગઠિત પક્ષો સત્તાકાંક્ષુઓ

જ છે. સત્તા મેળવવા જ એ ઊભા થયા છે. એટલે શાસકપક્ષને ભીડવવા કે વગોવવાનું એ કરે જ. એમની સામે રાજકારણ મતનું છે, મૂલ્યનું નથી. એટલે ૪૦ વર્ષમાં એ કંઈ કરી શક્યા નથી એ દલીલ અપ્રસ્તુત છે. સત્તાકાંક્ષુ કે સત્તાલાલચુ હોય તે સમાજપરિવર્તનનું કામ ન જ કરી શકે એ જ એમને માટે પ્રસ્તુત ગણવું જોઈએ.

(૪) સારા માણસો બહુમતી હોવા છતાં અને મોરારજીભાઈ જેવા વડાપ્રધાન કે શ્રી બાબુભાઈ જસભાઈ જેવા મુખ્યપ્રધાન બનવા છતાં એમના કાળમાં કોઈ સર્વોદયી સિદ્ધિ નથી થઈ એમ એમનું કહેવું છે તે પણ યથાર્થ છે. તો થોડા સારા માણસો જેમનાં નામ લખ્યાં છે તે શાસકપક્ષની સાથે હતા છતાં ગાંધીમાર્ગી પરિવર્તન કરી શક્યા નથી એમ પણ પત્રલેખકનું કહેવું છે તે સાચું છે.

(૫) આમ સારા માણસો થોડા અથવા બહુમતીમાં, કે સંગઠિતપક્ષ તરીકે પણ લઘુમતીમાં સત્તામાં જવા છતાં કંઈ જ થઈ શક્યું નથી એવો પત્રલેખકનો અનુભવ એમણે પત્રમાં લખ્યો છે.

*ભાઈ નરસિંહભાઈ !*

*તમારા કહેવાને અમે ઉપર બરાબર રજૂ કર્યું છે એમ સ્વીકારતા હો તો હવે અમારું એમ કહેવું છે કે, તો પછી તમે સૂચવો છો તેમ કાં તો મોજૂદા સંગઠનોમાં અથવા નવા સંગઠન દ્વારા, પક્ષ બનાવી સત્તા મેળવવાના કામે લાગી જવાથીયે શું થઈ શકવાનું છે ?*

*તમારો અનુભવ અને તમારા આ સૂચન વચ્ચે મેળ નથી જણાતો. આવું સત્તા દ્વારા પરિવર્તન કામ તો ૪૦ વર્ષથી થાય જ છે. અને તેનાથી કંઈ થઈ શક્યું નથી એમ તો તમે જ કહો છો.*

(૬) પત્રલેખકનું પત્રમાંનું બાકીનું વિશ્લેષણ અને તારણ બરાબર જ છે. દોષનો ટોપલો કોઈ એકને માથે નાખવા જેવો નથી.

(૭) પત્રલેખકે સ્વીકાર્યું છે કે સાવધાની ન હોય તો સત્તા ભ્રષ્ટ કરે છે. અને આ જ વાત આ આખાયે પ્રશ્નના મૂળમાં છે.

તેથી જ અમારું પણ વર્ષોથી કહેવું છે કે, મરજાદીપણું છોડીને રાજકારણનું કામ કરવું અને રાજકારણનું કામ કરવું એટલે ધારાગૃહોમાં પણ જવું. પરંતુ ધારાગૃહમાં જવું એટલે સત્તામાં જવું જ એમ નહિ.

પત્રલેખકનો અનુભવ પણ ઉપર એમના પત્રમાં લખ્યો જ છે કે થોડા કે ઝાઝા માણસો સારા હોવા છતાં સત્તામાં જઈનેય કંઈ કરી શક્યા નથી. તો પછી થોડા સારા માણસો ધારાગૃહોમાં જઈને અને સત્તાની બહાર રહીને, સત્તા ઉપર બેઠેલાઓ ઉપર પોતાનો નૈતિક પ્રભાવ પાડી શકશે. સત્તાની બહાર રહ્યા હોવાથી અને સત્તાની

આકાંક્ષા પણ નહિ રાખી હોવાથી, આવો પ્રભાવ પડી શકે. રાજકારણની ભ્રષ્ટતાને નાથી શકાય. અને આજની બદતર સ્થિતિને સુધારવાનું થઈ શકે. એવું માનીને, એવા માણસોમાં શ્રદ્ધા રાખીને કામ કેમ ન કરવું ?

સાથે સાથે બહુમતીમાં સંગઠિત પક્ષરૂપે સારા માણસો રાજકારણમાં જાય અને સત્તા ગ્રહણ કરે એ કામ પણ થવું જોઈએ. કારણ સારા શાસનની જરૂર તો છે જ. આમ બે મોરચે કામ કરીએ તો જ રાજકારણ સુધરે.

ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રમાં અધધધ કહી શકાય એટલી હદે જો ભ્રષ્ટાચાર વધ્યો છે તો તેનું કારણ પણ ધનસત્તાની લિપ્સા છે. એનાથી લપટાયેલાઓની સાંઠગાંઠ આમાં કારણભૂત છે.

આ સર્વ પરિસ્થિતિ અને વિશ્લેષણ એ જ વાતનું સમર્થન કરે છે કે સારા માણસોએ રાજકારણથી અસ્પૃશ્ય કે અલગ ન રહેવું. તેને ઘડવું. તેમાં જવું. સત્તા પણ સંભાળવી. પરંતુ થોડાક એવા પણ સારા માણસો રાજકારણમાં જાય, ધારાગૃહોમાં પ્રવેશે. પરંતુ સત્તાનું કોઈપણ સ્થાન ન સ્વીકારે. અને પોતાનો નૈતિક પ્રભાવ પાડે. ઉપરાંત લોકોના સામાજિક બળનો પ્રભાવ પણ પાડે. જરૂર પડ્યે જનઆંદોલન પણ ચલાવે.

વિશ્વવાત્સલ્ય : ૧-૮-૧૯૯૨

❀ ❀ ❀

## પરિશિષ્ટો

# (૧) શ્રી વી. પી. સિંહને ફરી એક પત્ર

સવિનય, આપને ઑગસ્ટ ૧૯૮૭માં એક પત્ર લખ્યો હતો. તેમાં તે વખતના આપના જાહેર થયેલા વિચારોમાંથી નીચેના મુદ્દાઓનો એ પત્રમાં નિર્દેશ આપ્યો હતો.

(૧) પ્રજાની ચેતના જગાડવી. લોકોની સાથે રહેવું. લોકશક્તિ પર વિશ્વાસ. લોકો પ્રત્યેની વફાદારીને અગ્રતા. લોકમાનસ કેળવવું.

(૨) કોઈપણ રાજકીયપક્ષ સાથે જોડાણ ન કરવું. રાજકીય પક્ષ ન બનાવવો. સત્તાલક્ષી રાજકારણની મર્યાદા તરફ સભાનતા, લોકચેતનાને રચનાત્મક વળાંક આપી રાજનીતિને પ્રભાવિત કરવી. પોતાની જાતનો ઉપયોગ કોઈ ન કરી જાય તેની સાવધાની રાખવી.

(૩) રાજકીયપક્ષ નહિ પણ રાજકીય પરિબળ રૂપે ધારાગૃહોમાં જવું અને રાષ્ટ્રિય વિચારમંચની રચના કરવી.

આ મુદ્દાઓનું અમે સમર્થન કરવા સાથે સાવધાની રાખવા માટે આપનું ધ્યાન દોરીને ૧૯૭૭ના જે.પી.ના આંદોલનનો બોધ નજર સામે રાખવાનો અનુરોધ પણ કર્યો હતો. એ અંગે એ જ પત્રમાં લખ્યું હતું કે -

એ નિષ્ફળ રમતની કિંમત રાષ્ટ્ર હજુ ચૂકવી રહ્યું છે. તેથી કહેવાનું મન થાય છે કે -

(૧) આંદોલન ગુણાત્મક રહે. સંખ્યાનો લોભ કે મોહ ન રખાય.

(૨) લોકચેતના જ સામૂહિક મન તૈયાર કરશે. લોકાત્મા જગાડશે. અને એ પ્રભાવ સારાયે રાષ્ટ્રમાં પ્રસરશે.

(૩) કોઈ પણ રાજ્યની અને કોઈપણ પક્ષની સરકારને હટાવવા કે એકને બદલે બીજા પક્ષને બેસાડવાનો કાર્યક્રમ મંચ ન આપે. આંદોલનમાં કાનૂનભંગ ન હોય. (વિશ્વવાત્સલ્ય, ૧૬-૮-૮૭માં આ પત્ર પ્રગટ થયો છે.)

આ પત્ર સિવાય પણ આપના એ વખતના વિચારો અને વલણોના સંદર્ભમાં અમારા મુખપત્ર 'વિશ્વવાત્સલ્ય' ૧-૯-૮૭ના અંકમાં અમે એક મિત્રના જવાબમાં લખ્યું છે, તેની મતલબ એ છે કે -

"લોકશાહીમાં રાજકીય પક્ષ બનાવવો કે સત્તામાં જવું એ દોષ નથી. પરંતુ વી. પી. સિંહ દેશની આશાનું કેન્દ્ર બન્યા છે તો એ પોતે સત્તાની બહાર રહે અને મૂલ્યનિષ્ઠ પક્ષ મુક્ત એવું શુદ્ધ રાજકીય પરિબળ ધારાગૃહોમાં લોકો દ્વારા મોકલે. જેથી મૂળમાંથી પરિવર્તન કરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે."

ત્યારપછી તો આપે અલ્હાબાદની ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો. અને ત્યારે અમે 'વિશ્વવાત્સલ્ય' ૧-૭-૮૮માં લખ્યું હતું કે :

"ઝળહળતો વિજય વી. પી. એ. મેળવ્યો. પણ છેલ્લા એકાદ વર્ષમાં મૂલ્યનિષ્ઠ રાજકારણની વાતો કરીને લોકહૃદયમાં વી. પી. એ. એક આશાદીપ પ્રગટાવ્યો હતો તે ઓલવાઈ તો નહિ જાયને ? એવી આશંકા અમારા મનમાં જન્માવી છે. વી. પી. સિંહ જેવા પણ વિજય મેળવવા માટે મૂલ્યો સાથે બાંધછોડ અને સમાધાનો કરે ત્યારે, "વિજયી વી. પી. મૂલ્ય માટે મથશે ?" એવો પ્રશ્ન થાય છે !"

અને એ જ લેખમાં અમે લખ્યું છે કે :

"વી. પી.એ જે શ્રદ્ધા વ્યક્ત કરેલી છે તે મૂલ્યનિષ્ઠ રાજકારણને વી. પી. હજુ પણ વળગી રહેશે તો તે અમારે મન "એકે હજારાં" છે.

આટલી યાદી આપવા સાથે સાથે એપ્રિલ ૨૫, ૨૬-'૮૯ના દિવસોમાં ગુજરાતમાં આવો છો ત્યારે ફરી એકવાર આપને કહેવાનું મન થાય છે કે - જનતાદળની રચનાનો અનુભવ આપને થતો જાય છે અને એમ છતાં પક્ષીય લોકશાહીની વાસ્તવિક્તાઓને વશ બની આપને યોગ્ય લાગે તે પ્રયાસ ભલે કરો પરંતુ અમારા અભિપ્રાય મુજબ હવે રાજ્યસંસ્થામાં એકઠી થયેલી સત્તાને લોકોના નાનામાં નાના ઘટક કે જે ગામડું છે એમાં ટ્રાન્સફર કરવાની જરૂર છે. તેથી આપે પ્રથમ જે વિચારો જાહેર કર્યા છે એજ વિચારો હજુ પણ આપ ધરાવતા હો તો આપે અને આપના જનતાદળે ગુજરાતમાં જ્યાં જ્યાં મૂલ્યનિષ્ઠ રાજકીય શુદ્ધ પરિબળરૂપે ધારાગૃહોમાં જવાનો પ્રયાસ કરવામાં આવે ત્યાં એનું સમર્થન કરવું જોઈએ અને એ પરિબળ ચૂંટાઈ આવે એમાં સહયોગ આપવો જોઈએ.

આ અપીલ અમે આપને, અને જનતાદળને કરવા સાથે બીજા રાજકીયપક્ષોને પણ કરવા માગીએ છીએ.

ગુજરાત ધારાસભાની ૧૮૨ બેઠકોના માત્ર ૧૦ ટકા જ એટલે કે ફક્ત ૧૮ જેટલી બેઠકો ધારાસભાની અને લોકસભાની ગુજરાતની ૨૭ બેઠકોમાંથી ત્રણ બેઠકો ઉપર આવું રાજકીય પરિબળ ચૂંટાશે તો તેથી દરેક રાજકીય પક્ષને પોતપોતાની રીતે સરકાર બનાવવામાં કોઈ વિક્ષેપ આવે તેમ નથી. કારણ આ પરિબળ સત્તા ગ્રહણ કરવા-કરાવવા માટે નથી. મતલબ-સત્તાની સ્પર્ધામાં આ પરિબળ નથી. જે તે પક્ષોની લોકહિતની વાતના સમર્થનમાં અને લોકહિથી વિરોધી વાત હશે તેમ ધારાગૃહો ઉપરાંત ધારાગૃહોની બહાર પણ કાનૂન પાલન અને બંધારણની મર્યાદાઓ સાચવીને, લોકઆંદોલન અને સત્યાગ્રહના કાર્યક્રમોથી પણ પ્રતિકાર કરશે. આથી લોકશાહીને આ પરિબળ પુષ્ટ કરશે. ગતિશીલ રાખશે, વિકસિત કરશે. પ્રજા ચેતનાની જાગૃતિ માટે પક્ષમુક્તિ અને સત્યપ્રત્યેની વફાદારી માટે સત્તામુક્તિના હેતુથી ચલાવાતા આ અભિયાનને સહુનો સાથ સહકાર મળે એવી અપેક્ષા સાથે.

તા. ૧૪-૪-૮૯ **અંબુભાઈ શાહના**

રામનવમી **વં. મા.**

# (૨) લોકશાહી સુરક્ષાનું પરિબળ પેદા કરીએ

## (ભાલ નળકાંઠા ખેડૂતમંડળનું જાહેર નિવેદન)

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત ભાલ નળકાંઠા ખેડૂતમંડળ નમ્રપણે પરંતુ વર્ષોના કાર્યાનુભવની ખાતરી સાથે પૂરા આત્મવિશ્વાસથી ગુજરાતની પ્રજા સમક્ષ સ્પષ્ટ રજૂઆત કરવાની આ જાહેર નિવેદનથી રજા લઈએ છીએ.

### (૧) પક્ષમુક્ત લોકઉમેદવારો :

આગામી સામાન્ય ચૂંટણીઓમાં થોડાક મતવિસ્તારોમાં ભલે દશ ટકા જેટલા લોકપ્રતિનિધિઓ નીચેનાં ધોરણે ખુદ લોકો ચૂંટીને ધારાગૃહોમાં મોકલે. (૧) જે તે મતવિસ્તારના લોકનિષ્ઠ લોક આગેવાનો અને લોકો મળે અને નિયતપદ્ધતિથી ઉમેદવાર પસંદ કરે. (૨) આ ઉમેદવાર રાજકીય પક્ષનો ન હોય. પક્ષમુક્ત લોક-ઉમેદવાર ગણાય. (૩) જે પોતાની મિલકત જાહેર કરે અને ધારાગૃહના સ્થાનનો ઉપયોગ પૈસા, પદ કે પ્રતિષ્ઠા મેળવવામાં ન કરે. (૪) જે પક્ષીય દૃષ્ટિબિંદુથી પક્ષની જેમ નહિ, પણ મૂલ્યનિષ્ઠા, લોકનિષ્ઠા અને શુદ્ધિના એક પરિબળરૂપે કામ કરે. (૫) જે ધારાગૃહોમાં અને બહાર પ્રજામાં સાચનું સમર્થન કરે અને સહયોગ આપે તેમ જ જૂઠનો વિરોધ કરે, પ્રતિકાર કરે. (૬) જે સત્તાનાં સ્થાનો જેવાં કે, પ્રધાનપદ, બોર્ડ, નિગમ કે કોર્પોરેશનનું ચેરમેનપદ ન સ્વીકારે. (૭) જે સાધનશુદ્ધિનો આગ્રહ રાખે. (૮) ધન, સત્તા કે સંખ્યાના બળમાં જેની નિષ્ઠા ન હોય. (૯) લોકોમાં રહેલી સારપ અને માણસાઈમાં જેને વિશ્વાસ હોય.

### (૨) સત્તાનું કેન્દ્ર રાજ્ય નહિ, લોકો...

આવી વાત અમે એટલા માટે કરીએ છીએ કે,

અબઘડી કરવા જેવું સહુ પ્રથમ કામ આજના કેવળ સત્તા અને ધનલક્ષી બનીને, સાવ બગડી ગયેલા રાજકારણને ચોખ્ખું કરવાનું છે એમ અમને લાગે છે, જે આવતી ચૂંટણીમાં આપણે લોકો સાથે મળીને કરી શકીએ તેમ છીએ. તે જો નહીં થાય તો ભલે જેવી છે તેવી નામનીયે લોકશાહીનું અસ્તિત્વ પણ ભયમાં મુકાઈ જશે. અને તેથી આપણે થોડાક આવા પ્રતિનિધિઓ ચૂંટી મોકલીએ કે જે....

રાજ્યનું સત્તાબળ ઘટે... લોકોનું નૈતિકબળ વધે, અને સત્તાનું કેન્દ્ર, આજે રાજ્ય બની બેઠું છે તેને બદલીને સત્તાનું કેન્દ્ર, લોકો બને એટલે કે, લોકોનું પાયાનું ઘટક ગામડું, અને નગર બને એવી સ્થિતિ નિર્માણ કરવામાં પોતાની શક્તિ ખર્ચે.

## (૩) લોકો એટલે ?

અમે સ્પષ્ટ કરવા માગીએ છીએ કે, લોકો એટલે કોઈ એક અથવા અમુક કોમ નહિ, જ્ઞાતિ નહિ, વર્ગ નહિ, ધર્મ સંપ્રદાય નહિ, ભાષા નહિ કે પ્રદેશ નહિ પરંતુ...

સર્વકોમ, સર્વજ્ઞાતિ, સર્વજાતિ, સર્વવર્ગ, સર્વધર્મસંપ્રદાય. સર્વભાષા, મતલબ સર્વમત વિસ્તારના, ગુજરાતભરના અને આખાએ દેશના [illegible] લોકો.

## (૪) સમજણ, સક્રિયતા અને સંગઠન

આજનો કોઈ પણ રાજકીયપક્ષ આ બગડેલી પરિસ્થિતિને સુધારવાની ખેવના રાખે તો પણ તે એકલો અને સત્તાબળથી સુધારી શકે તેવી ક્ષમતા ધરાવતો નથી.

સંજોગોની આ વાસ્તવિક્તા સ્વીકારીને આપણે લોકો ભય લાલચથી મુક્ત બનીએ. ચોખ્ખા થઈને સહુ પ્રથમ રાજકારણને મૂલ્યનિષ્ઠ, લોકનિષ્ઠ અને શુદ્ધ કરવાનું કામ છે તે કરીએ. સમજીએ, સમજાવીએ, સક્રિય અને સંગઠિત બનીને મથીએ. પહેલ કરી જ દઈએ.

સમાજના તમામ શાણા સજ્જનો આ કામ કરવા કટિબદ્ધ બને અને રાજકીયપક્ષો પણ આનું હાર્દ સમજીને સહકાર આપે એવી અપીલ કરીએ છીએ.

## (૫) અમને જણાવતાં હર્ષ થાય છે કે...

(૧) અધ્યાત્મનિષ્ઠ, પ્રખર ચિંતક જીવનસાધિકા વિદુષી શ્રી વિમલાતાઈએ આવું કામ જ્યાં જ્યાં થતું હશે ત્યાં ત્યાં માર્ગદર્શન, સમર્થન અને સહયોગ આપવાનું સ્વીકાર્યું છે.

(૨) લોકશાહીની સુરક્ષાના હેતુથી તાજેતરમાં શ્રી વિમલાતાઈના માર્ગદર્શનથી સ્થપાયેલ "ગુજરાત લોકશાહી મંચ" જેના પ્રમુખ શ્રી બાબુભાઈ જસભાઈ પટેલ છે.એ સંસ્થાના આ કામમાં સહકાર સંકલનનું કામ કરશે.

(૩) મુનિશ્રી સંતબાલજી પ્રેરિત ભાલ નળકાંઠા પ્રયોગની સંસ્થાઓ ભાલ નળકાંઠા વિસ્તારમાં આ કાર્યને પ્રત્યક્ષ દોરવણી આપશે.

**આવો આવો આમ, હે લોકો સહુ તમામ,**
**લોકશાહી સુરક્ષાનું કરીએ પવિત્ર કામ.**

તા. ૭-૨-૧૯૮૯ — **નારણભાઈ વસરામભાઈ પટેલ** (આકરુ) પ્રમુખ
ભાલ નળકાંઠા ખેડૂત મંડલ — **નાનુભાઈ વિરસંગભાઈ સોલંકી** (ગુંદી) મંત્રી
(સર્વોદય આશ્રમ ગુંદી, પીન-૩૮૨૨૩૦) — **અમુભા કાળુભા ચૂડાસમા** (પીપળી) મંત્રી

❀ ❀ ❀

(ઉપરોક્ત નિવેદન વાંચીને આ પ્રયોગને શ્રી વિમલાતાઈએ અભિનંદન આપતો નીચે મુજબ પત્ર લખ્યો છે. અં. શાહ)

# અભિનવ મંગલ પ્રયોગ

ગુજરાતનું ગૌરવભર્યું સત્ત્વ પ્રભુકૃપાથીઆજે સળવળી ઊઠ્યું છે. સામાજિક જીવનમાં પ્રવેશેલી અશુદ્ધિઓને જડમૂળથી દૂર કરવા પ્રભુભક્તો, આત્મનિષ્ઠ જીવન સાધકો તથા સન્નિષ્ઠ સમાજસેવકો પ્રતિબદ્ધ થયા છે. રાજકારણ કેવળ સત્તાકારણ બન્યું છે. સત્તાલક્ષી જ નહિ, સત્તા કેન્દ્રિત બન્યું છે. ચૂંટણીઓને સત્તાનો જુગાર રમવાના અડ્ડા બનાવવામાં આવ્યા છે. એટલે આગામી ચૂંટણીઓને સમાજશુદ્ધિ સાધવાનાં અનુષ્ઠાન કેન્દ્રો બનાવવાં પડશે. તેમ કરવા મુનિશ્રી સંતબાલજીના શિષ્યો તેમજ અનુયાયીઓ કૃતસંકલ્પ થાય છે.

પક્ષાધારિત લોકતંત્રનો પ્રયોગ સંસારમાં હજી સુધી સફળ થયો નથી. પક્ષો મારફત લોક પ્રતિનિધિત્વ વ્યક્ત થવાને બદલે, રાજકીય પક્ષોએ પક્ષતંત્ર ઊભું કર્યું. પક્ષોમાં જનાધારિત જૂથ બન્યાં. ચૂંટણી જીતવા માટે બધા નૈતિકમૂલ્યોની હોળી ચેતાવીને યશ આપે તેવા હથકડા (યુક્તિઓ) અજમાવવાની હરીફાઈ શરૂ થઈ. ન રહ્યા લોકપ્રતિનિધિ, કે ન રહ્યું લોકતંત્ર.

એટલે પક્ષમુક્ત જનઉમેદવારો ઊભા કરીને સત્તાધારી પક્ષો તથા વિરોધપક્ષો ઉપર ધારાસભા અને લોકસભામાં નૈતિક અંકુશ રાખનારું નવું પરિબળ નિર્માણ કરવાની અનિવાર્યતા ઊભી થઈ છે.

રાજનીતિને લોકનીતિ ભણી દોરી જવાનો ધર્મ એ લોકપ્રતિનિધિઓ બજાવશે.

ચૂંટણીઓનો ધનાધાર મટાડીને જનાધાર જગાડવાનો પુરુષાર્થ આ ઉમેદવારો કરશે.

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ આવો અભિનવ મંગલ પ્રયોગ કરવા નીકળ્યો છે. હું તેમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

પ્રયોગ કરનારાએ સફળતા માટે યોજના ઘડી કાઢવી ઘટે. વ્યૂહરચના પણ રચવી ઘટે. પણ પ્રયોગનું પાવનકર્મ યશાપયશની ચિંતા મૂકીને નિર્ભયતાથી કરવું ઘટે. પ્રયોગ થવા પામે છે અને પામશે એ પોતે જ એક મંગલ ઘટના છે.

**વિમલાનાં વંદન**

# (૩) લોકસભાની ચૂંટણી અને ભાલ નળકાંઠા પ્રયોગ

કેટલાયે મિત્રો અને ગ્રામઆગેવાનો પૂછે છે :

"લોકસભાની ધંધૂકા (પછાત) બેઠક ઉપર લોકઉમેદવાર તરીકે કોઈ ઉમેદવાર નથી. આ સંજોગોમાં અમારે શું કરવું ? (૧) કોઈ રાજકીય પક્ષના ઉમેદવારની તરફેણમાં પ્રચાર કરવા જવું ? જવું તો કયા પક્ષનો પ્રચાર કરવો ? (૨) કોઈ પૂછે

કે કોને મત આપવો ? તો શું કહેવું ? (૩) અમારે મત કોને આપવો ?

આવા પ્રશ્નો થવા સ્વાભાવિક છે.

આ અંકમાં મુનિશ્રી સંતબાલજીએ ૧૯૮૦ની લોકસભાની ચૂંટણી વખતે એક નિવેદનમાં કહ્યું હતું તે લખાણ પ્રગટ કર્યું છે. એમાંથી ઉપરના પ્રશ્નોનો કંઈક જવાબ મળી રહે તેમ છે. ત્યાર પછી દસ વર્ષમાં તો દેશના રાજકારણે જબરદસ્ત પલટો લીધો છે. ભાલ નળકાંઠા પ્રયોગે ગુજરાત ધારાસભામાં તો પોતાના વિસ્તારમાંથી શક્ય તેટલા પક્ષમુક્ત એવા લોકઉમેદવારો લોકો ઊભા રાખે એનું અભિયાન ચલાવ્યું છે. ગુજરાત ધારાસભાના ધંધુકાની સામાન્ય બેઠક ઉપર ખડોળના શ્રી રામભાઈ વાળા લોકઉમેદવાર તરીકે ઊભા રહેવાના છે. એમનું નિવેદન પણ ગયા અંકમાં પ્રગટ થઈ ગયું છે.

આ સંજોગોમાં ભાલ નળકાંઠા પ્રયોગની ભૂમિકા અને વલણ ફરી એક વાર તાજાં કરીને સમજી લેવાની જરૂર જણાય છે.

આ પ્રશ્નના ત્રણ વિભાગ પાડી શકાય.

(૧) મતદારોએ શું કરવું ?

(૨) આગેવાની કે નેતાગીરી કરતા હોય તેવા નાના મોટા કાર્યકરો કે ગ્રામઆગેવાનોએ શું કરવું ?

(૩) ભાલ નળકાંઠા પ્રયોગે શું કરવાનું છે ?

આ મુદ્દાઓ વિષે અમારો અભિપ્રાય નીચે મુજબ છે.

(૧) મતદારોએ પોતાના મતનો ઉપયોગ કેમ કરવો તે બાબતમાં મુનિશ્રી સંતબાલજીનું ૧૯૮૦નું નિવેદન આજે પણ માર્ગદર્શક બની શકે તેમ છે, ઉપરાંત શ્રી વિમલાબહેન ઠકારનું નિવેદન જે વિ.વા.ના ગયા અંકમાં છપાયું છે તે વર્તમાન પરિસ્થિતિમાં સચોટ, સ્પષ્ટ અને યથાર્થ માર્ગદર્શન આપે છે.

(૨) ગુજરાત ધારાસભામાં લોકઉમેદવાર તરીકે ઊભા રહેવાના છે તે અને લોકઉમેદવારનું અભિયાન ચલાવનાર પ્રવર્તક કે સંચાલક સંસ્થાઓના હોદ્દેદારો છે એમણે તથા લોકઉમેદવારના વિચારો માન્ય છે અને ધારાસભાની આગામી ચૂંટણીમાં લોકઉમેદવાર ચૂંટાઈ આવે એમ માને છે અને ચૂંટણીમાં લોકઉમેદવાર વિજયી બને એવો પ્રચાર પણ કરવાના છે એવા તમામ મિત્રો લોકસભાની ચૂંટણીમાં ઉપર પેરા એકમાં મુનિશ્રી સંતબાલજીએ અને શ્રી વિમલાતાઈએ માર્ગદર્શન આપ્યું છે તે મુજબ મતદારોને સમજાવે અને પ્રચાર કરે.

બાકી પક્ષીય રાજનીતિના વર્તમાન ઢાંચામાં કોઈપણ પક્ષના સમર્થનમાં કે વિરોધમાં પ્રચાર કરવાનું ન રાખે. અને સાધનો વધુ તેમ ખરાબી વધુ છે. સત્તા અને સાધનો ઓછાં ત્યાં ખરાબી ઓછી છે. ઓછી ખરાબી કે વધુ ખરાબી એ પરિસ્થિતિ

વશ છે. પ્રકૃત્તિમાં તો બધા જ પક્ષો સત્તાલક્ષી છે. સાધન શુદ્ધિ શબ્દની બાદબાકી બધા પક્ષોએ કરી લીધી છે. એમના શબ્દકોષમાં સાધનશુદ્ધિ શબ્દ જ જાણે કે નથી. એટલે વધુ ખરાબને હટાવવા માત્રથી અને ઓછા ખરાબને બેસાડવાથી હવે આ બગડેલું રાજકારણ સુધરી જાય એ સ્થિતિ રહી જ નથી. રાજકીયપક્ષો પોતે જ આ રમત તો રમે જ છે. પોતા કરતાં સામાવાળા વધુ ખરાબ છે. એટલે પોતાને મત આપો એમ બધા કહે જ છે ને ? એ રમતમાં ભાગીદાર બનવાથી કશું વળવાનું નથી. એટલે એમણે તો એટલે કે લોક ઉમેદવારની વાતમાં માનનારે પોતાની જાતને ઓછા કે વધુ ખરાબની સાથે કે સામે જોડાવાની જરૂર નથી. જેથી પક્ષમુક્ત એવા લોકઉમેદવારની વાત ધારાસભાની ચૂંટણીમાં અસરકારક રીતે રજૂ કરી શકવાની પોતાની ભૂમિકા જળવાય.

(૩) ભાલ નળકાંઠા પ્રયોગનું 'લોકશાહી સુરક્ષા અભિયાન' એ વર્તમાન પક્ષીય લોકશાહી, પક્ષીય રાજકારણ અને પક્ષીય રાજનીતિના સ્વરૂપને મૂળમાંથી બદલીને યથાર્થ લોકશાહી શુદ્ધ રાજકારણ અને સર્વહિતની લોકનીતિની પ્રસ્થાપના કરવાની દિશામાં એક પા પગલી જેવું પ્રાયોગિક કામ કરે છે.

લોકસભા માટે આવેલાં નામોમાંથી યોગ્ય હતાં એવાં નામોની તૈયારી નહોતી. અને બીજાં નામો કસોટીમાં પાર ઊતરે તેવા જણાયાં નહીં, આમ લોકઉમેદવાર જ ન ઊભા થઈ શક્યા. મળ્યા હોત તો તેની પોતાની સ્વતંત્ર ભૂમિકાએ એનું સમર્થન કરવાનું કર્તવ્ય ભાલ નળકાંઠા પ્રયોગનું હતું જ.

હવે રાજકીયપક્ષો પોતપોતાની શક્તિએ ચૂંટણી પ્રચાર કરશે અને જીતશે કે હારશે.

ચૂંટણી પરિણામે જે કોઈ સરકાર બનશે તે સરકારથી દેશની સમસ્યાઓ ઉકલી જશે એમ માનવું ભ્રમ છે. કોઈ એક પક્ષ કે પક્ષોની સંયુક્ત કે મિશ્ર સરકાર બને તેની સામે લોકોને એક મોટો સંઘર્ષ કરવો જ પડે તેવી આજની સ્થિતિ છે. એ સંઘર્ષ ધારાગૃહોની બહાર તો કરવો જ પડશે અને ધારાગૃહોની અંદર પણ કરવો જ રહેશે.

દિલ્હીના લોકસભાગૃહમાં એ તક ન મળી. પુરુષાર્થ પૂરો કરવા છતાં આમ બન્યું. પણ તેથી સહેજ પણ નિરાશ થવાની જરૂર નથી. હવે ગુજરાત ધારાસભાની ચૂંટણીઓ પણ નજીકમાં જ છે. તો ગાંધીનગરના ધારાગૃહમાં એ તક છે જ. ધંધુકા સિવાયના ભાલ નળકાંઠા મતવિસ્તારોમાં અને બીજે પણ શક્યતા હોય ત્યાં પ્રયાસ કરવાને સમય છે જ. રાજકારણનાં શુદ્ધિકરણમાં અને મૂલ્યનિષ્ઠ રાજકારણની પ્રસ્થાપનામાં જેમને જેમને રસ હોય એમણે કેડ બાંધીને આ કામમાં લાગી જવું જોઈએ.

**અંબુભાઈ શાહ**

# લોકશાહીનો આત્મા-અહિંસા

લોકશાહી અપેક્ષે છે પ્રજામાં નિત્ય જાગૃતિ;
સર્જે સરમુખત્યારી, બેપરવા પ્રજા બની.
રાજ્યતંત્ર નહીં ચાલે શિક્ષાસૂત્રો થકી કદી;
તંત્ર ચાલે પ્રજા સ્નેહે, પ્રજા પ્રત્યે વધ્યા થકી.

એક વખત શ્રી વિનોબાજીએ એક ઉત્તમ વાત કરી હતી કે, ગાંધીવાદ, સમાજવાદ કે ગમે તે વાદ હો - મતભેદ ગમે તેટલા હો, પણ જો બધા વાદીઓ સાધનમાં અહિંસાનો સ્વીકાર કરી લે એટલે પત્યું.

મને લાગે છે કે આપણા લોકશાહી પ્રજાસત્તાક તંત્રનો આત્મા કોઈ હોય તો તે અહિંસા હોવો જોઈએ. અહિંસા એક એવો સિદ્ધાંત છે કે તેમાં શસ્ત્રને અવકાશ છે કે નહિ, યુદ્ધને અવકાશ છે કે નહિ, એવા એક સામટા ઘણા અરસપરસ વિરોધી દેખાતા પ્રશ્નો પણ ઊભા થવાના. પરંતુ પ્રજાના હૈયામાં જો અહિંસાની નિષ્ઠા ભાંગી તૂટી પણ પ્રવેશી ચૂકી હશે તો અહિંસાનો સિદ્ધાંત આપણને અને આપણા લોકશાહી તંત્રને આગળ ને આગળ ધપાવશે.

હું ભારપૂર્વક કહીશ કે જો પ્રજામાં અહિંસાની નિષ્ઠા હશે તો બહુમતવાદી રાજતંત્ર પણ સર્વાનુમતવાળું બની જવાનું અને હિંસાની નિષ્ઠા વધુ પ્રમાણમાં હશે તો લોકશાહીમાંથી પણ કાં તો બેદરકારવાદ ઊગી નીકળવાનો અથવા સરમુખત્યારશાહી આવવાની.

તા. ૧-૫-૫૦ **સંતબાલ**

# નિવૃત્તિ, પ્રવૃત્તિ અને વૃત્તિ

આપણે ત્યાં તો જેવો માણસ આત્મચિંતનની દિશામાં વળ્યો કે તત્કાળ કામ છોડવા તરફનું તેનું વલણ થઈ જાય છે. તે કર્મ છોડી દે છે, લોકસંપર્ક છોડી દે છે, મૌન રાખવા માંડે છે, એકાંતમાં જતો રહે છે, શારીરિક ક્રિયાઓ ઓછી કરતો જાય છે અને માનસિક ક્રિયાઓમાં વધુ ને વધુ રાચતો જાય છે.

આ ખોટું વલણ છે. આ નિવૃત્તિ નથી, આ તો માત્ર અપ્રવૃત્તિ છે. અને પ્રવૃત્તિ જેટલી જોરદાર ક્રિયા છે, તેટલી જ જોરદાર ક્રિયા અપ્રવૃત્તિ છે. તે પ્રતિક્રિયા છે, સ્વયંભૂ સ્થિતિ નથી.

જીવનમાં પ્રવૃત્તિનીયે જરૂર છે અને અપ્રવૃત્તિનીયે જરૂર છે. આપણે નિદ્રા લઈએ છીએ, તે અપ્રવૃત્તિ છે. દેહાધારી માટે જેમ પ્રવૃત્તિની જરૂર છે, તેમ અપ્રવૃત્તિનીયે જરૂર છે. આપણી નિદ્રામાંની અ-પ્રવૃત્તિ સમાધિરૂપ બની શકે અને જાગૃતિમાંની પ્રવૃત્તિ પૂજારૂપ બની શકે બંને પોતપોતાની ઉચિત માત્રામાં ચાલ્યા કરવી જોઈએ. તેથી જીવનમાં બેઉનો ઉપયોગ છે.


- **વિનોબા**

# મુનિશ્રી સંતબાલજીનાં પુસ્તકો

અનંતની આરાધના
અભિનવ ભાગવત : ૧, ૨
અભિનવ રામાયણ
અભિનવ મહાભારત : ૧, ૨
આચારાંગ સૂત્ર
આદર્શ ગૃહસ્થાશ્રમ
આપણી ભૂલ ક્યાં છે ?
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
ક્રાન્તિનો યુગસ્રષ્ટા : ધર્મપ્રાણ લોંકાશાહ
ગામડાનું હૃદય
ગુરુદેવ નાનચંદ્રજી મહારાજ
જન્મશતાબ્દી સ્મૃતિગ્રંથ
ચિત્ત ચારિત્ર્ય વિશુદ્ધિ
જગદંબાના પત્રો
જૈન દૃષ્ટિએ ગીતા દર્શન : ૧, ૨
જૈન સિદ્ધાંત પાઠમાળા ૧ થી ૭ ભાગ
દશવૈકાલિક સૂત્ર
ધર્મદૃષ્ટિએ સમાજરચના
ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ ૧ થી ૧૦
ધાર્મિક દૃષ્ટિ અને સમાજવાદ
નળકાંઠાનું નિદર્શન
નારીને ચરણે
પર્યુષણ પ્રભાવના
પર્વ મહિમા
પોથી પૂનમ
પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક
પ્રાર્થના-પ્રવાહ
બ્રહ્મચર્ય જ્યોત
બ્રહ્મચર્યની સાધના
ભગવતીસૂત્ર
માનવતાનું મીઠું જગત ૧થી ૪ ભાગ
(પ્રવક્તા - મુનિ નાનચંદ્રજી
લેખન-સંપાદન-સંતબાલ)
મૃત્યુકાળે અમૃત ખોળો
યૌવન
લોકલક્ષી લોકશાહી
વંદિત્તુવાળું પ્રતિક્રમણ
વિશ્વવત્સલ મહાવીર
સમક્તિની સમજણ
સન્મુદા
સમાજગીતા
સંતબાલ પત્રસુધા - ૧, ૨
સંતબાલ સ્મૃતિગ્રંથ - ૧, ૨
સંસ્કારપોથી
સર્વધર્મ પ્રાર્થના પીયૂષ
સર્વધર્મ પ્રાર્થના (પોથી)
સાધક સહચરી
સાધુતાની પગદંડી ૧, ૨, ૩
સિદ્ધિનાં સોપાન
સુખનો સાક્ષાત્કાર
સ્ફુરણાવલી
સ્મરણશક્તિ

# મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરનાં
# પ્રાપ્ય પુસ્તકોનું સૂચિપત્ર

| | | | કિંમત રૂપિયા |
|---|---|---|---|
| ૧. | અભિનવ ભાગવત ભાગ ૧ અને ૨ | સંતબાલ | ૪૦-૦૦ |
| ૨. | અભિનવ રામાયણ | સંતબાલ | ૨૦-૦૦ |
| ૩. | સંતબાલની જીવનસાધના ભાગ-૨ | દુલેરાય માટલિયા | ૨૦-૦૦ |
| ૪. | લોકલક્ષી લોકશાહી | સંતબાલ | ૫-૦૦ |
| ૫. | ચિત્તચારિત્ર વિશુદ્ધિ | સંતબાલ | ૧૫-૦૦ |
| ૬. | સંતબાલ પત્રસુધા ભાગ ૧ | સંતબાલ | ૭-૦૦ |
| ૭. | પોપી પૂનમ | સંતબાલ | ૩-૦૦ |
| ૮. | નળકાંઠાનું નિદર્શન | સંતબાલ | ૩-૦૦ |
| ૯. | અનુબંધાષ્ટક | સંતબાલ | ૫-૦૦ |
| ૧૦. | સંતબાલ સ્મૃતિગ્રંથ ભાગ ૧ અને ૨ | | ૨૫૦-૦૦ |
| ૧૧. | જૈન દૃષ્ટિએ ગીતા-દર્શન ભાગ ૧ અને ૨ | સંતબાલ | ૧૫૦-૦૦ |
| ૧૨. | સાધુતાની પગદંડી ભાગ ૧ | મણિભાઈ પટેલ | ૩૦-૦૦ |
| ૧૩. | સાધુતાની પગદંડી ભાગ ૨ | મણિભાઈ પટેલ | ૩૦-૦૦ |
| ૧૪. | સાધુતાની પગદંડી ભાગ ૩ | મણિભાઈ પટેલ | ૪૦-૦૦ |
| ૧૫. | જાગૃત યુગદ્રષ્ટા સંતબાલજી (હિન્દી) | — | ૧૦-૦૦ |
| ૧૬. | સંતોના બાલ સંતબાલ | મુકુલભાઈ કલાર્થી | ૫-૦૦ |
| ૧૭. | પર્વ મહિમા | સંતબાલ | ૬-૦૦ |
| ૧૮. | એકબીજાને સમજીએ | — | ૧૨-૦૦ |
| ૧૯. | **Santbal - A Saint with a Difference T.U. Mehta Publish By Navjivan** | | ૩૦-૦૦ |
| ૨૦. | સંત સુરભિ ભાગ ૧ | | ૫-૦૦ |
| ૨૧. | સંત સુરભિ ભાગ ૨ વિનોબાજીનાં વ્રત-અભંગોનો અનુવાદ | | ૫-૦૦ |
| ૨૨. | સંત સુરભિ ભાગ ૩ | | ૫-૦૦ |
| ૨૩. | ધર્મપ્રાણ લોંકાશાહ | સંતબાલ | ૨૦-૦૦ |
| ૨૪. | સંત સમાગમનાં સંભારણાં | અંબુભાઈ શાહ | ૨૦-૦૦ |
| ૨૫. | વંદિત્તુ પ્રતિક્રમણ | સંતબાલ | ૫-૦૦ |
| ૨૬. | શ્રી અરવિંદનો પૂર્ણયોગ | સંતબાલ | ૧૦-૦૦ |
| ૨૭. | સંપૂર્ણક્રાન્તિ-લોકશાહી અને ભાલ નળકાંઠા પ્રયોગ | અંબુભાઈ શાહ | ૧૦-૦૦ |
| ૨૮. | અનુભવની આંખે - ભાગ બીજો | અંબુભાઈ શાહ | ૧૦-૦૦ |
| ૨૯. | રાજકીય ઘડતર | અંબુભાઈ શાહ | ૧૫-૦૦ |



**મુનિશ્રી સંતબાલજી મહારાજ**

વિશ્વ વાત્સલ્ય

ૐ મૈયા